ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૫ અંક : ૮ ઑગસ્ટ ૨૦૧૩ સળંગ અંક : ૫૦૨

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**



ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના આદ્યસ્થાપકોમાંના એક શ્રી ભીખાભાઈ કુબેરભાઈ પટેલની સ્મૃતિમાં ચાલતા ટ્રસ્ટના ઉપક્રમે પ્રતિવર્ષ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કરવામાં આવે છે. શ્રી ભીખાભાઈ ટ્રસ્ટનાં સંચાલક શ્રીમતી વિનોદિનીબેન ભૂપેન્દ્રભાઈ પટેલને હસ્તે દીપપ્રાગટ્ય થયું હતું. આ પ્રસંગે સીવીએમના વિદાય લેનાર માનદ મંત્રી પ્રિ.આર.પી.પટેલ, નવનિયુક્ત માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી બી.પી.પટેલ અને ડૉ.એસ.જી.પટેલ તથા આચાર્યો શ્રીમતી રીટાબેન પટેલ(ગો.જો.શારદા મંદિર) અને શ્રી કાન્તિભાઈ પટેલ(એમ.એસ.મિસ્ત્રી પ્રાથમિક શાળા) ઉપસ્થિત હતાં.




સીવીએમસંચાલિત એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો મિલનસમારંભ સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો. મંચસ્થ મહાનુભાવોમાં પ્રિ.પટેલ ઉપરાંત એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ.રાજેન્દ્રસિંહ જાડેજા, સ.પ.યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ.જે.એચ.ખાન, પ્રા.પીયૂષ જોશી, આઈ.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનનાં આચાર્ય ડૉ.નૂસરત કાદરી, ડૉ.દમયંતી ઉમરા, અમેરિકી અધ્યાપક ડી બ્રોટન દશ્યમાન છે.

# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ઑગસ્ટ ૨૦૧૩

વર્ષ : ૧૫ અંક : ૮

(સળંગ અંક ૫૦૨)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**





**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

**સંપાદન**

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

**સંપાદન-સહાય**

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી



**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫


कर्मण्येवाऽधिकारस्ते


**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

**જેને ખુશામત પ્રિય હોય છે તેને સાચી વાત મીઠી ભાષામાં કહે તે પણ કડવી લાગે છે.**

• સરદાર પટેલ

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑગસ્ટ ૨૦૧૩
વર્ષ : ૧૫ અંક : ૮
(સળંગ અંક ૫૦૨)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**

**प्रज्ञामेवावगमयति यः प्राज्ञेभ्यः पण्डितः ।**
**प्राज्ञो ह्यवाप्य धर्मार्थौ शक्नोति सुखमेधितुम् ॥**

**જે વિદ્વાનો પાસેથી ડહાપણ જ મેળવે છે, તે પંડિત છે; કારણ કે તે ડાહ્યો મનુષ્ય ધર્મ તથા અર્થ સંપાદન કરીને સુખપૂર્વક જીવન ગાળે છે.**

વિદુરનીતિ ૩:૬૬

॥ અધ્યક્ષસ્થાનેથી ॥ લોકશાહી દેશમાં નાગરિકોની જવાબદારી
★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : દ્વિતીય ચરણ ★ રાજેન્દ્રસિંહ જાડેજા / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥
★ પ્રદીપજી, ઝવેરચંદ મેઘાણી, મોહમ્મદ ઈકબાલ / 2
॥ ગદ્ય વિભાગ ॥ ભારતમાં બૌદ્ધ ધર્મનો ઉદય અને પતન
★ ડૉ. ભીમરાવ આંબેડકર / 4

॥ નવાં કાવ્યો ॥ ★ સિલાસ પટેલિયા, નીરજ મહેતા / 5

॥ પ્રાસંગિક ॥ દેવભૂમિમાં તાંડવ ★ કેશુભાઈ દેસાઈ / 6

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ 'વાદળ ફાટવું' એટલું શું? ★ કમલનયન ન. જોષીપુરા / 8

॥ વિનોબાવાણી ॥ શિક્ષણમાં ઈતિહાસના વિષયનું સ્થાન ★ વિનોબા / 9

॥ ચિંતન ॥ સ્વતંત્ર ભારત અને તેની સમસ્યાઓ ★ સુભાષચંદ્ર બોઝ / 12

॥ ચિંતન ॥ જન્મટીપની છેલ્લી રાત! ★ વીર સાવરકર / 17

॥ ચિંતન ॥ મારું હિંદનું દર્શન ★ જવાહરલાલ નેહરુ / 19

॥ ચિંતન ॥ મારો પોતાનો અનુભવ ★ મો.ક. ગાંધી / 22

॥ ચિંતન ॥ ભારતમાં શિક્ષણનું ભાવિ ★ મૌલાના અબુલ કલામ આઝાદ / 25

॥ ચિંતન ॥ અહિંસાના ત્રણ ઋષિ ★ કાકાસાહેબ કાલેલકર / 28

॥ ચિંતન ॥ ભારતને ખરા શિક્ષણની જરૂર ★ સ્વામી વિવેકાનંદ / 30

॥ ચિંતન ॥ બાળ ગંગાધર ટિળક અને નૂતન રાષ્ટ્રીય ઉત્સવો
★ ન. ચિં. કેળકર / 33

॥ ચિંતન ॥ નવમી ઓગસ્ટ ★ સરદાર પટેલ / 38

॥ ચિંતન ॥ ભારતીય રાષ્ટ્રવાદ તેનાં મૂળ, અંતસ્તત્ત્વ અને મહત્ત્વ
★ ક.મા. મુનશી / 40

॥ રમન્તે તત્ર દેવતા ॥ કન્યાવિવાહ અનિવાય ★ પારુલટીના દોશી / 43

॥ રમત-જગત ॥ વિમ્બલ્ડન – ૨૦૧૩ હાઈલાઈટ્સ ★ પી. ડી. શર્મા / 46

# લોકશાહી દેશમાં નાગરિકોની જવાબદારી

બલિદાન માટે તત્પર એવાં લાખો સમર્પિત રાષ્ટ્રપ્રેમી બહેનો અને ભાઈઓ પોતાના જીવનમાં ઘણું બધું ખોઈને આઝાદી પ્રાપ્ત કરવા આઝાદીના જંગમાં જોડાયાં હતાં. મહાત્મા ગાંધીજી, સરદાર સાહેબ, જવાહરલાલજી જેવા મહાનુભાવોના નેતૃત્વમાં આઝાદીનો સંગ્રામ ખેલાયો. આખરે ૧૯૪૭માં ભારત દેશે સ્વતંત્રતા પ્રાપ્ત કરી. મહાત્મા ગાંધીજીના સત્ય અને અહિંસાના પ્રયોગ મારફતે સારીય દુનિયાના ગુલામ દેશો સ્વતંત્ર થયા અને પોતપોતાના દેશમાં પોતાના માણસો મારફતે દેશની વ્યવસ્થા કરતા થયા. તે જ રીતે ભારતમાં પણ આઝાદી પ્રાપ્ત કર્યા બાદ જે નેતાઓ રાજકીયક્ષેત્રે અનુભવી હતા તેમને રાજ્ય અને દેશની રાજકીય જવાબદારી સોંપવામાં આવી. આઝાદીની ચળવળમાં જોડાયેલા બીજાઓને મહાત્મા ગાંધીજીએ આદેશ આપ્યો કે હરેક નાગરિક સ્વાવલંબી બને અને આઝાદીનાં ફળ પ્રાપ્ત કરી શકે તેવું આદર્શજીવન જીવી શકે તે માટે ગામડે ગામડે સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાઈને દેશના સાચા નાગરિકોની રાષ્ટ્રપ્રેમી પ્રજા તૈયાર થાય તેવા પ્રયત્ન કરે.

સરદાર સાહેબે શરૂઆતમાં રાજકીય વ્યવસ્થા સારી રીતે જળવાય તે માટે તે વખતના આઈસીએસ અધિકારીઓને ખૂબ પ્રોત્સાહન પૂરું પાડ્યું અને આઝાદી બાદ આવા અધિકારીઓને લીધે વ્યવસ્થા જળવાઈ. દેશ આઝાદ થયો ત્યારે બે મહાસત્તાઓની અસર નીચે સારી દુનિયા કામ કરતી હતી. ડાબેરી અને જમણેરી સિધ્ધાંતો તરફ વળેલી હતી. જેઓ ડાબેરી હોય તેમને રશિયા વગેરે દેશોનો સહકાર અને તેમની નીતિ પ્રાપ્ત થતાં. જમણેરી હતાં તેમને અમેરિકા અને તેવા બીજા દેશોનો સહકાર પ્રાપ્ત થતો હતો.

આપણો દેશ ધર્મનિરપેક્ષ દેશ તરીકે અસ્તિત્વમાં આવ્યો એટલે ધર્મ મારફતે નીતિ સદાચારના ગુણો પ્રાપ્ત થાય અને જ્યાં ધર્મનું આચરણ ના હોય ત્યાં આથી વિરુદ્ધ અનીતિ અને નૈતિક મૂલ્યો જાળવવા માટે જે જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય તેથી આપણે વંચિત થતા ગયા. ધર્મનિરપેક્ષનો અર્થ એવો ના થવો ઘટે કે કોઈ એક ધર્મને મહત્ત્વ અને બીજાને મહત્ત્વ નહીં. ધર્મનિરપેક્ષનો અર્થ ધર્મવિરોધી નહીં પણ ભારતીય રાજ્યોમાં સર્વધર્મ સમભાવ. સદાચાર અને નીતિના પાઠ તો બાળકોને પ્રાથમિક શિક્ષણથી જ પ્રાપ્ત થવા જોઈએ. બાળકો માટે ધર્મશિક્ષણ એ જરૂરી છે તેથી બાળકોને પ્રાથમિક શિક્ષણમાં હિંદુ ધર્મ, ઈસ્લામ, ખ્રિસ્તી ધર્મ, શીખ, જૈન વગેરે જે કોઈ ધર્મમાં શ્રદ્ધા ધરાવતાં હોય તેવા વર્ગમાંથી આવતાં બાળકોને આવા ધર્મબાબત પૂરતું જ્ઞાન મળવું જોઈએ. જ્યારે આવું જ્ઞાન સ્વૈચ્છિક હોય ત્યારે એને માટે નફરત પણ ના હોવી જોઈએ. બાળકોમાં આવું નીતિમત્તાનું જ્ઞાન આપવાનું છેક ૧૯૪૭થી બંધ કર્યું અને એની અસરોને લીધે દેશના નાગરિકો સદાચાર અને નીતિમત્તાનાં ધોરણો જાળવવાને બદલે સ્વાર્થ અને અનીતિ તરફ વળ્યા. આજે

*તો આપણા દેશમાં છેક ગામડાની ગ્રામપંચાયતથી માંડીને દેશના પ્રત્યેક વહીવટક્ષેત્રે લોકસભા તેમજ ગ્રામપંચાયતના સરપંચ હોય કે વિધાનસભા કે લોકસભાના સભ્ય હોય; કે રાજ્યમાં કે કેન્દ્રમાં મંત્રીની જવાબદારી સંભાળતા હોય, આ બધા પોતાના અભ્યાસકાળ દરમિયાન પોતાના કુટુંબના ધર્મના અનુસંધાનમાં નીતિ અને સદાચારના પાઠ નહીં ભણવાને લીધે રાજ્યમાં અને દેશમાં પોતાનાં જ ભાઈભાંડુંને છેતરી રાજ્ય-દેશના વિકાસના ભોગે પોતાની સ્વાર્થવૃત્તિને વધુ ઉત્તેજિત કરી આઝાદીનાં મીઠાં ફળથી નાગરિકોને વંચિત રાખ્યા. તેમને મળેલા અધિકારો પણ જાળવી શકાતા નથી.*

*કોઈપણ દેશના નાગરિકોમાં ધર્મઝનૂન ઈચ્છનીય નથી, પણ પોતાના ધર્મનું યોગ્ય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાળાઓમાં પૂરતી સગવડ હોવી અનિવાર્ય છે. આજકાલ રાજ્યમાં અને દેશમાં જે ભ્રષ્ટાચાર વ્યાપી રહ્યો છે તેનું કારણ રાષ્ટ્રપ્રેમનો અભાવ, નાગરિકો માટે ઓછો પ્રેમ તેમજ સ્વાર્થવૃત્તિ છે. હરેક નાગરિકની ફરજ છે કે તેણે જે કાંઈ પ્રાપ્ત કરવું હોય અને જે કાંઈ પ્રાપ્ત કરે તેમાં પોતાના પરસેવાની સુગંધ ભળવી જોઈએ. કોઈનો પણ હક ના છીનવાય તે રીતે રાજનેતા પોતાની ફરજ નિભાવે.*

*આપણી પાસે એવાં દૃષ્ટાંતો છે. વિશ્વવિજેતા સિકંદર, એલેક્ઝાન્ડર ધ ગ્રેટનું જાણીતું અવતરણ સૌએ યાદ રાખવા જેવું છેઃ "મારા મૃત્યુ પછી મારા હાથ શબપેટીમાંથી બહાર દેખાય તેમ રાખજો, જેથી દુનિયા જાણે કે વિશ્વવિજેતા સમ્રાટ મૃત્યુ પામ્યો ત્યારે તેના હાથ ખાલી હતા."*

*આજે જે જરૂર છે તે માનવીને સાચા માનવી બનવાનું અને માનવીએ બીજા માનવીનું ગૌરવ સાચવવાનું છે. રાજકીય પક્ષોમાં પણ પોતે જે સિધ્ધાંતોને વરેલા હોય અને બીજાના સિધ્ધાંતો જુદા હોય તેના માટે ટીકાટિપ્પણોથી દૂર રહીને પોતાના સિધ્ધાંતને જાળવીને તે માટે યોગ્ય યોગદાન આપીને પોતાના સિધ્ધાંત સાચા હોવાનું અનુસરણ કરવું. પોતના સિદ્ધાંત મુજબ જે કોઈ સેવાકીય પ્રવૃત્તિમાં કાર્યરત રહેવું. કોઈની પણ ટીકા કરતાં પહેલાં આપણી જાતને પૂછી લેવું કે આપણે આ ટીકા કરવા હકદાર છીએ કે કેમ? રાજકીય નેતાઓ પોતાનો ઘણો બધો સમય ટીકાટિપ્પણમાં જ ગાળતા હોવાથી તેમના સિધ્ધાંત મુજબ જે કાંઈ કરવાનું હોય તે એક બાજુ ધકેલાઈ જાય છે અને ટીકાટિપ્પણથી જ સંતોષ માને છે.*

*આ દેશ અને એની ધરતી ખૂબ જ પવિત્ર છે. આ પવિત્ર દેશ અને ધરતીને જો સાચા અર્થમાં આપણે નહીં મૂલવીએ તો ભારત જેવા દેશમાં જે કંઈ પ્રગતિ અને વિકાસ તેમજ પ્રજાનું વિશિષ્ટ યોગદાન શક્ય છે. તેનાથી આપણે વંચિત રહીશું. આવો, આપણે સૌ મનોમંથન કરીએ અને નીતિ-સદાચારને માર્ગે ચાલીને આ દેશના કરોડો બાંધવોને સુખશાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરાવવાના યજ્ઞમાં જોડાઈએ.*

સી.એલ.પટેલ

*(૨૭ જૂન ૨૦૧૩)*

# અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન : દ્વિતીય ચરણ

રાજેન્દ્રસિંહ જાડેજા

અધ્યાપક થવું એટલે શું? એ પ્રશ્નનો ઉત્તર પ્રથમ દૃષ્ટિએ જણાય છે એટલો સરળ નથી. પોતાના વિષય પરનું પ્રભુત્વ એ તેની પૂર્વશરત લેખાય. જોકે ૫૫% (અથવા ૯૦%) મળે એટલે પ્રભુત્વ મળી ગયું એમ આપણે માનતા નથી. પરંતુ ધારો કે કોઈ વ્યક્તિ એવી મળે કે જેને પોતાના વિષય પર સારું એવું પ્રભુત્વ પ્રાપ્ત છે – તો શું એ વ્યક્તિની અધ્યાપક તરીકેની સજ્જતા સંપૂર્ણ કક્ષાની ગણાય?

કોમન સેન્સ ઉત્તર કદાચ હામાં આવે.

પણ પળવાર થોભીને વિચારીએ તો કેટલાક પૂરક પ્રશ્નો મનમાં ઊઠવાના. જે પોતાના વિષયની તલસ્પર્શી અને સર્વગ્રાહી સમજ ધરાવે છે એવી વ્યક્તિમાં અધ્યાપન પ્રક્રિયાની સમજ આપોઆપ આવી જાય ખરી? જો એવી સમજની આવશ્યકતા આપણે સહુ સ્વીકારતા હોઈએ તો પ્રશ્ન એ થાય કે અધ્યાપન પ્રક્રિયાની સમજ કેળવવા માટે શું કરવું જોઈશે?

અધ્યાપન પ્રક્રિયા? એ વળી કઈ બલા છે? એક વિદ્વાન અધ્યાપક વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ આપે, પોતાના વિષયની માહતી પૂરી પાડે – એ જ અધ્યાપન કહેવાયને?

ફરીથી, કોમન સેન્સ ઉત્તર કદાચ હામાં આવે. એટલા માટે જ આપણા અધ્યાપકોને આપણે 'વ્યાખ્યાતા' કહેતા હતાને! પણ એ નામકરણ હવે બદલાયું છે. વિદ્વાન અધ્યાપક પાસેથી (કે વિષયના ગ્રંથોમાંથી) માત્ર માહિતીનું પરિવહન (transportation) થાય એટલે અધ્યાપન – અધ્યયન થઈ જતું નથી.

માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર (transformation) થાય એ જરૂરી છે. એક નાનકડું ઉદાહરણ લઈએ તો 'ગરીબી રેખા'ની સંકલ્પના જે વિદ્યાર્થીઓને સમજાવવી છે, તેને કેટલીક માહિતી તો આપવી જ રહી. શરૂઆત કદાચ ગરીબી રેખાની વ્યાખ્યા આપવાથી કરીએ. જેમ કે વ્યાખ્યા વર્ગમાં લખાવી દઈએ. અધ્યાપક બોલે અને વિદ્યાર્થીઓ લખે. અથવા અધ્યાપક નિષ્ઠાવાન હોય તો થોડી વધુ મહેનત કરેઃ અધ્યાપક બૉર્ડ પર લખે, વિદ્યાર્થીઓ નોટમાં લખે.

જો કે આજકાલ ઝેરોક્ષ કરવાની જે સુવિધા ઉપલબ્ધ છે, તેના કારણે આવી 'નોટ ઉતારુ' અધ્યાપન પ્રક્રિયાની પોકળતા છતી થઈ ગઈ છે. માહિતીનું પરિવહન હવે હાથવગું છે. જે અધ્યાપક પોતાના વર્ગમાં માત્ર માહિતી આપે છે એમના વર્ગમાં કોણ જાય? External coursesનું આકર્ષણ પણ આ રીતે સમજી શકાય છે.

કેટલાક નવાગંતુક અધ્યાપકોના મનમાં (અને કેટલાક વરિષ્ટ વિદ્વાન પ્રાધ્યાપકોના મનમાં પણ) એવી માન્યતા હોઈ શકે, કે નોટ લખાવવી તે વિદ્યાકીય દારિદ્રની નિશાની છે. અમે તો વિશાળ વાચનમાંથી તારવેલાં તથ્યોથી સમૃદ્ધ એવી વિશદ્ છણાવટ કરતાં વ્યાખ્યાનો આપી જાણીએ છીએ. એવા પ્રાધ્યાપકોનાં વ્યાખ્યાન પ્રભાવક હોય છે. શ્રોતાઓ મંત્રમુગ્ધ થાય, 'સાહેબ ખરેખર વિદ્વાન છે' એવી છાપ લઈને જાય.

પણ માત્ર પ્રભાવક વ્યાખ્યાન એ સારું અધ્યાપન નથી. એવા વ્યાખ્યાન માત્રથી માહિતીનું જ્ઞાનમાં રૂપાંતર થતું નથી.

જ્ઞાનના નિર્માણની પ્રક્રિયા મનોવિજ્ઞાન માટે સંશોધનનું એક મહત્ત્વનું ક્ષેત્ર છે. અધ્યાપકની વ્યાવસાયિક સજ્જતાનો બીજો પાયો રચાય છે આ પ્રક્રિયાની સમજથી. હજુ સુધી આપણે તેને પૂરેપૂરી સમજી શક્યા નથી. પરંતુ શિક્ષણના મનોવિજ્ઞાનમાં જે બાબતો ઠીકઠીક સ્પષ્ટ થઈ ચુકી છે તેના આધારે આપણે કેટલાક સામાન્ય સિદ્ધાંતો અવશ્ય તારવી શકીએ.

માનવચિત્તમાં જ્ઞાનનું નિર્માણ (construstion of knowledge) થાય છે ત્યારે નવી માહિતી અને જૂની અર્થાત્ જાણેલી માહિતી/બાબતો વચ્ચે સજીવ આંતરક્રિયા થાય છે. એ પ્રક્રિયા માત્ર બૌદ્ધિક/તાર્કિક કક્ષાએ ચાલતી નથી, બલ્કે સમગ્ર વ્યક્તિત્વને સ્પર્શતી પ્રક્રિયા છે. એવી પ્રક્રિયા માટે અનુભવલક્ષી અધ્યયન થાય તે જરૂરી છે, અર્થાત્ ગરીબી રેખા પર માત્ર વ્યાખ્યાન નહીં પણ પ્રોજેક્ટ વર્ક અને કેઈસ સ્ટડીની મદદથી ગરીબીનો પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે જ્ઞાનના નિર્માણની ભૂમિકા રચાય. કેળવણીનું આ મનોવિજ્ઞાન સમજ્યા વગર અધ્યાપક શી રીતે બની જવાય?

અલબત્ત, કેટલાક અપવાદરૂપ કિસ્સામાં કોઈ વિદ્વજન પોતાની આંતરસૂજના બળે ઉત્તમ અધ્યાપન કરતા હોય તે શક્ય છે. એમના કિસ્સામાં પણ વર્ગના મોટાભાગના વિદ્યાર્થીઓ લાભાન્વિત થયા હતા, કે નાના જૂથને જ વિશેષ લાભ મળ્યો હતો તે સંશોધનનો વિષય છે. પણ એવા અપવાદને આધારે નિયમ નથી બનતો.

સાર્વત્રિક ધોરણે વિશ્વવિદ્યાલયોના અધ્યાપકોએ પોતાની વ્યાવસાયિક સજ્જતાનું સંવર્ધન કરવું હોય તો અધ્યયન–અધ્યાપનની સંકુલ માનસિક પ્રક્રિયાની સમજ કેળવવી જોઈએ. તે પ્રક્રિયા સમજવા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવું જોઈએ. પોતાના વિષયની સમજ ઉપરાંત 'અધ્યાપન એટલે શું?' એ પ્રશ્નનો ઉત્તર મેળવવા પ્રયત્નશીલ થવું જોઈએ.

## ભારતના ભડવીરો

ભારતના ભડવીરો, હે શૂરા શૂરવીરો,
કે રંગીલા રણવીરો...
માનવડી માગે છે બલિદાન... (૨)

ભારત ભૂમિ પર જન્મ ધરી,
અન્ન અને પાણી એનાં પેટભરી,
ખાધાં એનાં ફળો મીઠાં ને રસદાર,
તેનો બદલો તમે વાળો,
બનીને રખવાળો...કે રંગીલા રણવીરો... માવડી

યાદ કરો એ શિવાજી,
નીડર હતો એ એક ફૌજી,
ચાંદબીબી, રઝિયા, બાલાજી, બાજીરાવ,
ચિતોડગઢનો રાણો
કદી ન ગભરાણો...કે રંગીલા રણવીરો... માવડી

આજ તિલક, ટાગોર નથી,
ગાંધીજી, સરદાર નથી,
સુભાષ, ભગતસિંહ શાસ્ત્રી
કે નથી જવાહરલાલ,
તેથી ના ગભરાઓ,
જરા ન ડર ખાઓ...કે રંગીલા રણવીરો... માવડી

•

## મેરે વતન કે લોગો

મેરે વતન કે લોગો, તુમ ખૂબ લગા લો નારા
શુભ દિ હૈં હમ સહકા, લહરા લો ત્રિરંગા પ્યારા,
પર મત ભૂલો સીમા પર, વીરો ને હૈ પ્રાણ ગંવાયે,
કુછ યાદ ઉન્હેં ભી કરલો, જો લૌટકે ઘર ન આયે (૨)

યે મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભરલો પાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની,
જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી,
જબ તક થી સાંસ લડે વો, (૨) ફિર અપની લાશ બિછાદી

હો ગયે વતન પે નિછાવર, વો વીર થે કિતને ગુમાની... જો શહીદ
જબ દેશ મેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી,
જબ હમ બૈઠે થે ઘર મેં, વો ઝેલ રહે થે ગોલી,
થે ધન્ય જવાન વો અપને, થી ધન્ય વો ઉનકી જવાની... જો શહીદ

શેરોંકી તરહ ઝપટે થે, ભારત કે બહાદુર બેટે,
ઇસ મુલ્કકી લાજ બચાને, મર ગયે બરફ પર લેટે,
સંગીન પે ધરકર માથા, સો ગયે વીર બલિદાની... જો શહીદ

કોઈ શીખ, કોઈ જાય, મરાઠા, કોઈ ગુરખા કોઈ મદ્રાસી,
સરહદ પે મરને વાલા (૨) હર વીર થા ભારતવાસી,
જો ખૂન ગીરા પર્વત પર, વો ખૂન થા હિન્દુસ્તાની... જો શહીદ

થી ખૂન સે લથપથ કાયા, ફિરભી બંદુક ઉઠાકે,
એક એક ને દશ કો મારા, ફિર ગિર ગયે હોંશ ગંવાકે,
જબ અંત સમય આયા તો (૨) કહ ગયે કિ હમ મરતે હૈં,
ખુશ રહના દેશકે પ્યારોં (૨) અબ હમ તો સફર કરતે હૈં (૨)
તસ્વીર નયન મેં ખીંચો, ક્યા લોગ થે વો અભિમાની...

જય હિન્દ - જય હિન્દ કે સેના... જય હિન્દ ...જો શહીદ

• પ્રદીપજી

(લતાજી એ આ ગીત ગાઈને જવાહર અને જનતાની આંખમાંથી આંસુ વહેવડાવી દીધા હતા)

## કોઈનો લાડકવાયો

રક્ત ટપકતી સો-સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવેઃ
ઘાયલ મરતાં-મરતાં રે
માતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશય્યા પર લળતી,
મુખથી ખમા-ખમા કરતી
માથે કર મીઠો ધરતી.

થોકે-થોકે લોક ઊમટતા રણજોદ્ધા જોવાને,
શાહબાશીના શબદ બોલતા પ્રત્યેકની પિછાનેઃ
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલોઃ
અણપૂછ્યો અણપ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સીંચણ તેલ-કચોળાં નવ કોઈ બહેની લાવીઃ
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતીઃ

કોઈના લાડકવાયાની
આંખડી અમૃત-નીતરતી.

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં:
આતમ-દીપક ઓલાયા,
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર-જોડામણ કરજો:
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચારજો!

વીખરેલી એ લાડકડાની સમરાજો લટ ધીરે,
એને ઓષ્ઠ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે:
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરેધીરે!

વાંકડિયાં એ જલ્ફાંની મગરૂબ હશે કો' માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા:
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડી,
ઉપરની એકાન્તે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે પર બે કંકણવંતા:
વસમાં વળામણાં દેતા,
બાથ ભીડી બે પળ લેતા.

એની કૂચકદમ જોતી અભિમાનભરી મલકાતી,
જોતી એની રુધિર-છલકતી ગજગજ પહોળી છાતી.
અધબીડ્યાં બારણિયાંથી
રડી કો' હશે આંખ રાતી.

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે:
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી:
લખજો: 'ખાક પડી આંહી
કોઈના લાડકવાયાની.'

● ઝવેરચંદ મેઘાણી

## તૂ હિંદુ બનેગા...

ન હિંદુ બનેગા ન મુસલમાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

અચ્છા હૈ અભી તક તેરા કુછ નામ નહીં હૈ
તુઝકો કિસી મજબહ સે કોઈ કામ નહીં હૈ
જિસ ઈલ્મને ઈન્સાન કો તકસીમ કિયા હૈ
ઉસ ઈલ્મ કા તુઝ પર કોઈ ઈલ્જામ નહીં હૈ
તૂ બદલે હુએ વક્ત કી પહચાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

માલિકી ને હર ઈન્સાન કો ઈન્સાન બનાયા
હમને ઉસે હિંદૂ યા મુસલમાન બનાયા
કુદરત ને તો બખ્શી થી હમેં એક હી ધરતી
હમને કહીં ભારત, કહીં ઈરાન બનાયા
જો તોડ દે હર બંદ, વહ તૂફાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

નફરત જો સિખાએ વો ધરમ તેરા નહીં હૈ
ઈન્સાં કો જો રૌંદે વો કદમ તેરા નહીં હૈ
કુરાન ન હો જિસમેં વો મંદિર નહીં તેરા
ગીતા ન હો જિસમેં વો હરમ તેરા નહીં હૈ
તૂ અમ્ન ઔર સુલહ કા અરમાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

યે દીન કી તાજિર યે વતન બેચનેવાલે
ઈન્સાનોં કી લાશોં કે કફન બેચનેવાલે
યે મહલોં મેં બૈઠે હુએ કાતિલ યે લુટેરે
કાંટો કે એવજ રૂહ-એ-ચમન બેચનેવાલે
તૂ ઉનકે લિએ ક્રાંતિ કી પહચાન બનેગા
ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

●

## સારે જહાં સે અચ્છા

સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારા
હમ બુલબુલેં હૈં ઉસકી, વહ ગુલિસ્તાં હમારા... સારે.

ગુર્બતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં
સમજો વહીં હમે ભી, દિલ હો જહાં હમારા... સારે.

પર્બત વહ સબસે ઊંચા, હમ સાયા આસમાંકા
વહ સંતરી હમારા, વહ પાસવાં હમારા... સારે.

ગોદીમેં ખેલતી હૈ, ઉસકી હજારો નદિયાં
ગુલશન હૈ જિનકે દમસે, રશ્કે જીના હમારા... સારે.

અય આબે રૂદે ગંગા, વહ દિન હૈ યાદ તુજકો
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા... સારે.

મજબહ નહીં સિખાતા, આપસમેં બૈર રખના,
હિન્દી હૈં હમ, વતન હૈ હિન્દોસ્તાં હમારા... સારે.

યૂનાનો મિસ્રો રુમા, સબ મિટ ગયે જહાં સે
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા... સારે.

કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી
સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જમાં હમારા... સારે.

ઈકબાલ કોઈ મરહમ અપના નહીં જહાં મેં
માલૂમ ક્યા કિસકો, દર્દે નિહાં હમારા. સારે.

● મોહમ્મદ ઈકબાલ

# ભારતમાં બૌદ્ધ ધર્મનો ઉદય અને પતન

**ડૉ. ભીમરાવ આંબેડકર**

**(કોલંબોમાં ૧૯૫૦માં આપેલું પ્રવચન)**

એક એવી સામાન્ય માન્યતા છે કે ભારતમાંથી બૌદ્ધ ધર્મ અદશ્ય થઈ ગયો છે. એમ કહેવામાં આવે છે કે બૌદ્ધ ધર્મ તેના ભૌતિક સ્વરૂપમાં અદશ્ય થઈ ગયો છે. હું એ વાતે સંમત છું. પરંતુ આધ્યાત્મિક બળ તરીકે બૌદ્ધ ધર્મ હજુ અસ્તિત્વ ધરાવે છે.

ભારતમાં બૌદ્ધ ધર્મનો અભ્યાસ કરનારા મોટા ભાગના લોક એ સ્વીકારશે કે આ વિષયને જોઈએ તે રીતે પૂરતી રીતે અને પૂર્ણ રીતે તપાસવામાં આવ્યો નથી. ભારતમાં શા માટે બૌદ્ધ ધર્મ તેની ટોચ ઉપર પહોંચ્યો અને શા માટે તે અદશ્ય થઈ ગયો તે સમજાવતી કોઈ અધિકૃત સામગ્રી મને મળી શકી નથી.

ભારતમાં જેઓ બૌદ્ધ ધર્મનું પુનરુત્થાન કરવા વિચારતા હતા તેઓ દ્વારા એક પ્રશ્ન સતત પૂછવામાં આવે છે કે ‘‘જો બૌદ્ધ ધર્મ કંઈક સારું હોય તો પછી તે અદશ્ય કેમ થઈ ગયો?’’

બૌદ્ધ ધર્મના એક વિદ્યાર્થી તરીકે હું ભારતમાં બૌદ્ધ ધર્મના જન્મ અને પતન માટેનાં કારણો વિશેની માહિતી તૂટક તૂટક પણ ભેગી કરી રહ્યો છું. મારો અભ્યાસ પૂરો થયો નથી અને મારાં સંશોધનોના પરિણામે હું અધિકૃત રીતે મારાં મંતવ્યો પણ કહી શકતો નથી. પરંતુ મારા અભ્યાસોએ મને કોઈક સામાન્ય તારણ પર આવવા માટે સહાય કરી છે અને મને લાગે છે કે તે લગભગ સાચું છે.

હું એવો મત ધરાવું છું કે બૌદ્ધ ધર્મને જે સંજોગોએ જન્મ આપ્યો તેને બરાબર ના સમજીએ તો તેના મહત્ત્વને સમજી શકાય નહિ. ભારતમાં ધર્મ હંમેશાં હિંદુ જ રહ્યો છે એવી છાપ ધરાવનારા મોટા ભાગના લોકો સાથે હું અસંમત છું. ભારતમાં સામાજિક વિચારધારાના અદ્યતન વિકાસ તરીકે હિંદુ ધર્મ છે.

ભારતના ધર્મે ત્રણ ફેરફારોનો અનુભવ કર્યો છે. વૈદિક ધર્મ કે જે સૌ પ્રથમ હતો કે જેણે બ્રાહ્મણવાદને અને પછી હિંદુ ધર્મને જન્મ આપ્યો. આ બ્રાહ્મણવાદના ગાળા દરમિયાન જ બૌદ્ધ ધર્મનો જન્મ થયો. એનું કારણ એ હતું કે ભારતમાં પહેલી જ વાર બ્રાહ્મણવાદે વિવિધ વર્ગોમાં સમાજનું જે વિભાજન કર્યું હતું તેનો અને અસમાનતા તથા સત્તાધિકારનો બૌદ્ધ ધર્મે વિરોધ કર્યો હતો.

બૌદ્ધ ધર્મનો ઉદય ફ્રેન્ચ ક્રાંતિ જેટલો જ મહત્ત્વનો છે. બૌદ્ધ ધર્મનો નાશ શંકરાચાર્યના તત્ત્વજ્ઞાનથી થયો એવું માનનાર ભારતના ઘણા લોકો સાથે હું સંમત થતો નથી. એમના મૃત્યુ પછી બૌદ્ધ ધર્મ ઘણી સદીઓ સુધી ચાલુ રહ્યો હતો એ એક હકીકત છે. મારા મતે શંકરાચાર્ય પોતે જ બૌદ્ધ હતા. તેમના ગુરુ પણ બૌદ્ધ હતા. ભારતમાંથી બૌદ્ધ ધર્મ વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયોના ઉત્થાનને લીધે અદશ્ય થઈ ગયો. બીજું કારણ ભારત ઉપર મુસ્લિમોનું આક્રમણ હતું. જ્યારે અલાઉદ્દીને બિહાર પર ચડાઈ કરી ત્યારે તેણે પાંચથી છ હજાર ભિખ્ખુઓને મારી નાખ્યા હતા. બાકી બચેલા બૌદ્ધ સાધુઓ ચીન, નેપાળ, તિબેટ વગેરે પડોશી દેશોમાં ભાગી ગયા. પછી ભારતના બૌદ્ધોએ બૌદ્ધ ધર્મને પુનર્જીવિત કરવા માટે બીજું એક સાધુત્વ ઊભું કરવાનો પ્રયાસ કર્યો. પણ એ નિષ્ફળ ગયો. કારણ કે ત્યાં સુધીમાં ૯૦ ટકા લોકો હિંદુ થઈ ગયા હતા.

હવે પ્રશ્ન એ છે કે શા માટે ભારતમાં હિંદુ ધર્મ ટક્યો અને બૌદ્ધ ધર્મ મરી ગયો? એનો ઉત્તર એ છે કે એક ધર્મ તરીકે બૌદ્ધ ધર્મનું પાલન અઘરું છે, હિંદુ ધર્મનું નથી. ઉપરાંત ભારતનું રાજકીય હવામાન પણ તેના વિકાસ માટે સાનુકૂળ નહોતું.

(ભીમરાવ રામજી આંબેડકર, વેરિન્દર ગ્રોવર, ઓનેસ્ટ પબ્લિકેશન, અમદાવાદ)

## ઉત્તરાખંડઃ કુદરતના કારમા રૌદ્રરૂપના દશ્યો...

(તાજેતરમાં ઉત્તરાખંડમાં ઘટેલી ભયાવહ
કુદરતી ઘટનાનો સંદર્ભ આ રચનામાં છે!)

**સિલાસ પટેલિયા**

(૧)

અચાનક પથ્થરો પર પથ્થરો
ધસમસતા આવતાં હોય
એમ પહાડોનું તૂટી પડવું...
ને એટલા જ જોરજોસમાં
આંખ સામે જ
માનવીઓનું અદશ્ય થઈ જવું
કે વહી જવું
કે દબાઈ કચડાઈ જવું
જે આંખ જુએ છે
એ ત્યાંની ત્યાં જ એ દશ્ય
જોતી જ રહી જાય છે...
એ આંખ સામેથી
હજુય એ દશ્યો અદશ્ય થતાં નથી!
જે રહી રહીને એને
ઉત્તરાખંડને જ નહિ, બલ્કે
જીવનને જુદી રીતે જોતાં શીખવે છે!
જે આમ એકાએક થયું
એ આમ એકાએક વિસ્મૃત નથી થતું!

(૨)

ધસી આવેલા જળપ્રવાહના
જબ્બર વલયોમાં ય
હાથ પકડાય એટલો
પકડી રાખ્યો જોરમાં –
ને તોયે જોતજોતામાં સાથ છટક્યો,
ને ક્યાં?
ક્યાં ગયો એ હાથ? એ સાથ?
હવે એ રહી ગયેલો, લટકી રહેલો
એ હાથ
જોયા કરે એ પ્રવાહને!

(૩)

પહાડ ચઢતાં'તાં સાથે
પહાડ ઉતરતાં'તાં સાથે
હતાં બધાં સાથે...
સહસા ધોધ જાણે તૂટ્યો
ને પહાડના પડખાં પડ્યાં
ધસી જળધોધમાં
ને એમાં એ ક્યાં?
ક્યાં ગયાં એ બધાં?
બચી ગયેલો
ને જરાજરા ધબકતો એ શ્વાસ
પૂછે છે – આ પહાડી સન્નાટાને
કે એ ક્યાં?
ક્યાં ગયાં એ બધાં?
જે ક્ષણાર્ધ પહેલાં જ
હતાં સાથે?

(૨૦૧, સેફરોન ક્લાસિક એસબીએસ કૉલોની,
ડિલક્ષ ચાર રસ્તા, નિઝામપુરા, વડોદરા – ૩૯૦ ૦૦૨.
મો.: ૯૩૭૭૨૬૬૮૨૮)

## ગીત

**નીરજ મહેતા**

શૈશવના આકાશે આંખોમાં વિસ્મયની
ઝળહળતી પાંખ અને હું...

કુમળી હવાનો કેફ પીને પ્રભાતવેળ
અમળંતી શાખ અને હું...

છાતીમાં જોમ અને શ્વાસમાં બપોર ભરી
બળબળતી આંખ અને હુ...

સાંજ પડ્યે આંખ્યુંના સૂનેરા ખૂણામાં
ટળવળતી ઝાંખ અને હું...

રાતની ભીનેરી ગંધ પારખી ટોળેવળેલ
બણબણતી માંખ અને હું...

મધરાતી સુસવાટે ઠરતી મશાલ વચ્ચે
થરથરતી રાખ અને હું...

(૧૦૨, આશિયાના એપાર્ટમેન્ટ્સ, ૨-વૈશાલીનગર,
એચ.એન. શુક્લા કૉલેજ સામે, રૈયા રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૭. મો.: ૯૯૯૮૮૫૪૩૯૨)

# દેવભૂમિમાં તાંડવ

## કેશુભાઈ દેસાઈ

ઉત્તરાખંડ નામ ઘણં પુરાણું છે પણ સ્વતંત્ર ભારતમાં એને રાજ્યનો દરજ્જો સાંપડ્યો ત્યારે એનું નામ 'ઉત્તરાંચલ' રખાયું હતું. અરુણાચલ, હિમાચલ પ્રદેશની જેમ વધુ એક પ્રાસાનુપ્રાસ. જો કે અહીં 'અચલ' કહેતાં પર્વતાળ પ્રદેશનો બોધ નહોતો થતો, ફક્ત 'અચલ' અર્થાત્ પ્રદેશ કે જનપદ જેવો જ અર્થ નીકળતો હતો. પ્રજા અને પરંપારની માગણી ઉપરાંત સત્તાપરિવર્તનનો સંયોગ સરજાતાંવેંત પૌરાણિક નામકરણ સ્વીકૃત થઈ ગયું અને ઉત્તરપ્રદેશનો એ પ્રાચીન ભૂભાગ ઉત્તરાખંડ બની ગયો. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ બેઉ પોતાના પ્રદેશની પૌરાણિકતાને વટાવી 'દેવભૂમિ' જેવું સબટાઈટલ પણ રાખે છે. આપણાં સુપ્રસિદ્ધ તીર્થો પ્રકૃતિની ગોદમાં વસ્યાં હોઈ આવું છોગું આ પ્રદેશોને ઉપકારક નીવડ્યું છે. વિશેષ તો પ્રવાસન ઉદ્યોગના વિકાસને એથી પ્રોત્સાહન સાંપડતું રહ્યું છે. કાશ્મીરમાં આંતકવાદી હરકતો વધતાં પર્યટકો ભારતના વૈકલ્પિક પર્વતીય પ્રવાસન ક્ષેત્રોની તલાશમાં હતા. ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ શ્રદ્ધાળુઓ અને પ્રવાસશોખીનો ઉભય માટેના ઉત્તમ વિકલ્પ બની રહ્યા હોઈ છેલ્લા થોડાક દાયકાઓ દરમિયાન અહીં આડેધડ વિકાસ થયો છે. વિકાસ એની અપેક્ષિત લક્ષ્મણરેખાઓ ઓળંગે છે ત્યારે એનાં દુષ્પરિણામો મળવા માંડે છે. ઉત્તરાખંડની કેદારનાથ ઘાટીનો સર્વનાશ એનું કમકમાટી ઊપજાવે એવું કરુણ ઉદાહરણ છે.

'ચારધામ' કોઈ પણ સનાતન હિંદુની આસ્થાનું ગુરુશિખર ગણાતાં રહ્યાં છે. કૈલાશ માનસરોવરની યાત્રા સૌથી દુર્ગમ છે પરંતુ એ લોકપરંપરાની યાત્રા ન રહેતાં સંતસાધુઓ માટેની અને હવે પ્રવાસશોખીનોની યાત્રા જ રહી છે. અમરનાથ એ પ્રમાણમાં પાછળથી શોધાયેલું નવી તીર્થ છે પરંતુ બદરીનાથની યાત્રા એ હિંદુ માત્રના હૃદયમાં સંગોપાતું સપનું છે. આ સપનું એની ઈકોતેર પેઢીઓથી વારસામાં ઊતરતું રહ્યું છે. 'જાય બદરી એની કાયા સધરી' જેવાં ધર્મસૂત્રો અમસ્તાં પ્રચલિત નથી થયા. મુસલમાનો માટે જે મહિમા મક્કાની હજયાત્રાનો છે એવો જ મહિમા હિંદુઓ માટે ચારધામનો — એમાં પણ સવિશેષ બદરીનાથની દુર્ગમ જાત્રાનો રહેતો આવ્યો છે. બદરી જવા નીકળતો જાત્રાળુ એનાં સ્વજનોને જીવ્યામૂઆના જુહાર ભણીને ઘર બહાર પગ મૂકતો. એને વળાવવા ગામ આખું પાદર સુધી આવતું. ત્યારે એનું પ્રત્યાગમન એ ચમત્કાર કે ઈશ્વરની કૃપાનું ઝળહળતું દૃષ્ટાંત બની રહેતું. લખનારની પૂર્વપેઢીએ આવા ચમત્કારો હાજરાહજૂર માણ્યા છે. વર્તમાન ત્રાસદીમાંથી બચીને આવેલા કેટલાક યાત્રાળુઓને એમનાં ગ્રામજનોએ જેમ ઢોલનગારાં વગાડી આવકાર્યા એમ એ જમાનામાં બદરી જઈ હેમખેમ પાછા ફરનારનું રંગેચંગે સ્વાગત થતું. ગામ આખું હેલે ચડતું. લાડવા થતા. આજે એ બધું અપ્રાસંગિક લાગે તે સ્વાભાવિક છે. ઊંઘમાંથી ઊઠીને ઍરપોર્ટ પહોંચી જાવ, સવા કલાકમાં પાલમ વિમાની મથકે ઊતરી બારોબાર ચારધામ માટેની ટેક્સી કરી લો અથવા ટ્રાવેલ્સની બસમાં બુકિંગ કરાવી દો. જરૂર પડ્યે હેલિકોપ્ટરની સેવા લઈ શકો. ચોથે દિવસે સાંજે તમે હેમખેમ પહેર્યાં લૂગડે પોતાના ઘરમાં મળી શકો. જાણે લટાર મારવા ગયા હો એમ. ચારે ધામ પૂરાં થઈ જાય. વિજ્ઞાને સુવિધાઓ એ હદે વધારી મૂકી છે કે માનવ વસતિથી વેગળા પહાડોમાં સંતાઈને રહેતાં દેવીદેવતા પણ ચપટી વગાડતાંમાં હાથવગાં બની ગયાં છે. એમનો આ મર્યાદાલોપ તો એમના આવા ભીષણ કોપનું કારણ નહીં હોય! અગાઉ તો એમ મનાતું કે દૈવી નોતરું આવ્યા વગર ભલભગા ભૂપ પણ એના પારે પહોંચી નહોતા શકતા. આજે એ અવધારણા ચાલી શકે ખરી? શિરડીના સાંઈ ન ઇચ્છે તો પણ આપણે માન ન માન मैं तेरा मेहमान વાળી કરી શકીએ. ગરીબનવાઝની પરવાનગી વગર અજમેર પણ જઈ શકાય અને દરગાહ શરીફમાં ચાદર પણ ચડાવી શકાય. વૈણોદેવીના નોતરા કે 'બુલાવા'ની રાહ જોયા વિના એની ગુફામાં ઘૂસ મારી શકાય. અહીં વળી કયા વિઝાની દરકાર હતી? પણ વીફરે ત્યારે બદરીનાથ ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકને પણ પાછા કાઢી શકે છે., તે આ ત્રાસદી વેળાએ સમજાયું. સુદર્શન આયંગર વૃદ્ધ માતા અને સ્વજનો -પ્રિયજનો સાથે બદરીનાથનાં દર્શન કરવા જ

નીકળ્યા હતા. કેદારનથ તો ભોળા શંભુ, એટલે એમણે દર્શન આપ્યાં પણ બદરીનાથની જાત્રા અધૂરી જ રહી ગઈ. હેમખેમ પાછા ફરી શક્યા તે જ એની કૃપા. બદરીનાથની યાત્રા કરતાં જીવનયાત્રા નિઃશંક વિશેષ મંગલકારી ગણાવી જોઈએ. હજારો શ્રદ્ધાળુઓએ અનિચ્છાએ પણ શિવની વિશિષ્ટ કમળપૂજામાં સામેલ થવું પડ્યું. બોલો, એ શિવ સામે સામૂહિક નરસંહારની હિટલર વિરુદ્ધ લગાવાયેલી કલમ અથવા ૩૦૨ની કલમ કયો ન્યાયાધીશ લગાવી શકે એમ છે? અત્યાર સુધી આપણે એમ જ માનતા રહ્યા છીએ કે કાયદો ફક્ત રીઢા રાજકારીઓને જ લાગુ નથી પડી શકતો. હવે એ યાદીમાં કેદારનાથ અને બદરીનાથનો પણ સમાવેશ કરવો પડશે. દેવો આમ પણ અન્યાયી વર્તન માટે તો જાણીતા હતા જ. એનાં ઢગલાબંધ ઉદાહરણ આપણાં પુરાણોમાં દટાયેલાં પડ્યાં છે. સમુદ્રમંથનમાં પરસેવો બેઉ પક્ષોએ પાડ્યો હતો પણ અમૃત નીકળ્યું તે દેવો પી ગયા. બિચારા સહુએ છદ્મવેશે ડોકું ઘાલવાનો પ્રયાસ કર્યો તો એનો શિરચ્છેદ થઈ ગયો.

ભગવાન આદિ શંકરાચાર્યે બત્રીસ વર્ષના ટૂંકા આયુષ્ય દરમિયાન ભારતના ચાર ખૂણે ચાર ધામ અર્થાત્ ધર્મપીઠો સ્થાપી રાષ્ટ્રીય એકતાનો સૂત્રપાત કર્યો હતો. આ ચારધામ તે પૂર્વના સમુદ્રકિનારે આવેલી જગન્નાથપુરી, પશ્ચિમ છેડે વસેલી ભગવાન કૃષ્ણની દ્વારિકાપુરી, ઉત્તર છેડે બદરિકાશ્રમ અને દક્ષિણમાં શૃંગેરી મઠ. આ ચાર મઠોના મઠાધીશોને 'શંકરાચાર્ય'ની જ પદવી અપાતી રહી છે. એ જુદી વાત છે કે સનાતન હિંદુધર્મના ઉદ્ધારક અને સંવર્ધક એવા આદિ શંકરાચાર્યના આદેશની સંપ્રદાયોમાં વહેંચાઈ ગયેલા હિંદુ ધર્માવલંબીઓએ ક્રૂર અવહેલના જ કરી છે, છતાં હજી ધર્મના સર્વોચ્ચ વડા તરીકે તો શંકરાચાર્ય જ ગણાય છે.

પરંપરાગત ચારધામ યાત્રામાં ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદરીનાથનો સમાવેશ થાય છે. આ પવિત્ર તીર્થો સુધી પહોંચવા માટેનો દુર્ગમ અને કષ્ટદાયક માર્ગ ઋષિકેશથી શરૂ થાય છે. હરદ્વાર અથવા હરિદ્વાર આ દેવભૂમિનું પ્રવેશદ્વાર ગણાય છે. આદિ શંકરે એ જમાનામાં કાશ્મીર સુધીની ખેપ ખેડી હતી. કાશ્મીરમાં હિમાલયની એક ટૂંક પર શંકરાચાર્યનું મંદિર છે. તે સમયે શૈવધર્મીઓ અને વૈષ્ણવો એકમેકનું મોઢું જોવાનું પસંદ નહોતા કરતા. આવી કટ્ટરતા ઓગાળી શંકરાચાર્યે ઉભય સંપ્રદાયોના સુભગ સમન્વયનો રાજમાર્ગ કંડારવાનો સ્તુત્ય પુરુષાર્થ કર્યો હતો. બદરીનાથથી ચૌદ કિ.મી.ના કપરા ચઢાણવાળો પહાડી રસ્તો કેદરાનાથ ભણી દોરી જાય છે. કેદારનાથ એ બદરીનાથ કરતાં પણ પ્રાચીન તીર્થ છે. પાંડવો શિવજીને મળવા કૈલાસ ગયા ત્યારે રિસાઈને નાસી છૂટેલા શિવજી કેદારની ગુફામાં સંતાઈ ગયા હતા. પાંડવો એમને યેન કેન પ્રકારેણ પ્રસન્ન કરવા માગતા હોઈ એમનો પીછો કરતા કરતા કેદાર પહોંચ્યા ત્યાં શિવજીએ આખલાનું રૂપ લઈ છટકી જવાની કોશિશ કરી. પરંતુ ભીમ જેનું નામ. એણે આખલાનું રૂપ લઈ ભાગી છૂટવા મથતા શિવનું પૂંછડું પકડી પાડ્યું અને નાછૂટકે શિવજીએ દર્શન દેવાં જ પડ્યાં. કેદારનાથમાં આખલાનો પૃષ્ઠભાગ સ્વયંભૂ લિંગ સ્વરૂપે સ્થાપિત થયેલ છે, જેની પાછળ આ રમણીય દંતકથા છુપાયેલી છે.

આદિ શંકરાચાર્યને કેદારનાથના પાંડવયુગીન પ્રાચીન શિવાલયના જીર્ણોદ્ધારની લેહ લાગી હતી. એમણે જીવનકાર્યના અંતિમ ચરણ લેખે એ સંકલ્પ પૂરો કરી ત્યાં જ સમાધિ લીધી હતી. શૈવ અને વૈષ્ણવ ધર્માવલંબીઓને એક સૂત્રમાં પરોવવાના શુભાશયથી આ મહાન રાષ્ટ્રનાયકે ધર્માદેશ ('ફતવો!') જારી કર્યો હતોઃ એ ધર્માજ્ઞા મુજબ બદરીનાથની જાત્રાનું ફળ પ્રાપ્ત કરવા ઇચ્છતા યાત્રિકો માટે કેદારનથનાં દર્શન કરવાં ફરજિયાત બની રહ્યાં. આજપર્યંત આ ધર્માજ્ઞાનું મહદ્અંશે પાલન થતું રહ્યું છે, તે જ શું એ અલૌકિક વિભૂતિ પ્રત્યે કૃતજ્ઞ ભારતવાસીઓની અઠંગ-અક્ષુણ્ણ શ્રદ્ધાની પ્રતીતિ નથી?

જળપ્રલયની વિભીષિકા પણ કેદારનાથનો વાળ વાંકો કરી શકી નથી. એ જુદી વાત છે કે અખંડ સમાધિમાં લીન ભોળાનાથ એમનું ત્રીજું નેત્ર ખોલે એ પહેલાં રમણે ચડેલી ક્રુદ્ધ પ્રકૃતિએ એમની શરણાગતિ પ્રાર્થતાં હજારો શ્રદ્ધાળુઓને રગદોળી નાખ્યાં. ત્યાં સુધી કે પેલી જગદ્ગુરુ શંકરાચાર્યની સમાધિ પણ એની હટફેટે નષ્ટભ્રષ્ટ થઈ ગઈ! આપણે ક્રોધાયમાન કાલીનું ચંડિકાસ્વરૂપ ફક્ત છબીઓમાં જોયું હતું. એ શિવજીની છાતી પર ચઢીને તાંડવ-નૃત્ય કરતી હોય છે. ઉત્તરાખંડમાં એનાં વાસ્તવિક દર્શન થયાં.

(૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટઃ ૧૩૨, સેક્ટરઃ ૧૯,
ગાંધીનગર – ૩૮૨ ૦૨૧. મો.: ૯૮૭૯૫૪૩૧૩૨)

// જ્ઞાન-વિજ્ઞાન //

# 'વાદળ ફાટવું' એટલું શું?

**કમલનયન ન. જોષીપુરા**

ગત તા. ૧૬ જૂનની રાત્રે ઉત્તરાખંડ રાજ્યમાં પ્રસિદ્ધ યાત્રાધામ કેદારનાથની ઉપરના ભાગોમાં વાદળ ફાટ્યું અને પાણીના પ્રચંડ પૂરથી ખૂબ ખાનાખરાબી થઈ. તેના સચિત્ર અહેવાલો જે ટી.વી. પર તેમજ અખબારી માધ્યમોમાં આવ્યા તેના પરથી આ દુર્ઘટનાની ભયાનકતાનો ખ્યાલ આવે છે.

'વાદળ ફાટવું' એટલું શું? આ પ્રશ્નનો વૈજ્ઞાનિક, ભૌગોલિક જવાબ મેળવવા પ્રયાસ કરીએ.

સાદા શબ્દોમાં કહીએ તો વાદળ ફાટવું (cloudburst) એ મેઘતાંડવનું અતિરૌદ્ર સ્વરૂપ છે, જેમાં કેવળ બે-પાંચ મિનિટોમાં પુષ્કળ પ્રમાણમાં વરસાદ પડી જાય છે, આંખના પલકારામાં ધસમસતાં પાણીનાં ઘોડાપૂર વહેવા લાગે છે. જરા વિગતે વાત કરીએ. પૃથ્વીની સપાટીનો લગભગ ૭૧% ભાગ મહાસાગરોરૂપે પાણીથી ઘેરાયેલો છે. દરિયાનું પાણી ભલે ખારું હોય પણ તે પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિને ઘણી ઘણી રીતે ઉપયોગી છે. સમુદ્રની સપાટી ઉપર સૂરજના કિરણો પડતાં રહે છે અને પાણીનું સતત બાષ્પીભવન થતું રહે છે. ઉનાળાના સમયમાં આ પ્રક્રિયા ઝડપી બને છે. જથ્થાબંધ પાણીની વરાળ ઊંચે જતાં ઠરે છે, વીજભારિત પણ બને છે અને વાદળાં બંધાય છે; અને બાકીનું કામ કરે છે પવનના પ્રવાહો. ભારત અને દક્ષિણ એશિયાના દેશોમાં મે માસના અંતથી લગભગ સપ્ટેમ્બર સુધી વાતા દક્ષિણ-પશ્ચિમ(નૈઋત્ય) ના મોસમી પવનો વર્ષાના વાદળોને ખેંચી લાવે છે. સાથોસાથ જમીન પર તાપમાન અને ભેજની બરાબર સાનુકૂળ સ્થિતિ સર્જાય એટલે વરસાદી વાદળો વરસી પડે છે. કદાચ હજારો વર્ષોથી ભારતમાં આ રીતે ચોમાસું એક ઋતુ બની ગયેલ છે. અંગ્રેજી શબ્દ monsoon એ અરબી-હિંદી શબ્દ 'મૌસમ' પરથી બનેલો જણાય છે. સપાટ મેદાનના વિસ્તારોમાં વર્ષાના વાદળો દૂર દૂર સુધી ફેલાય છે અને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઓછે-વત્તે અંશે વરસાદ પડે છે. અનિયમિતતા એ વરસાદની મુખ્ય ખાસિયત છે, જો કે હવે તેમાં વધારો થતો જણાય છે.

આ તો સામાન્યપણે પડતા વરસાદની વાત થઈ. આપણે ત્યાં ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ વગેરે રાજ્યો મેદાની રાજ્યોથી ખૂબ જુદાં પડે છે, કારણ કે તે હિમાલય પર્વતમાળાની ગોદમાં આવેલાં છે. બને છે એવું કે પવનના જોરે વરસાદી ભેજ ભરેલાં વાદળો આવા ઊંચાઈવાળા પ્રદેશો સુધી પહોંચી જાય છે. ઊંચાઈ વધતાં તાપમાન ઘટવાથી વાદળો ઘટ્ટ બનવા લાગે છે. વિશેષમાં ક્યારેક મોટા પ્રમાણમાં આવાં વાદળો પહાડીઓની વચમાં ઘેરાઈ જાય છે અને વિષમ પરિસ્થિતિમાં એ વાદળોની તાકાત તૂટી જવાથી લગભગ વિસ્ફોટ સ્વરૂપે અત્યંત ધોધમાર વરસાદ પડી જાય છે. વાદળ ફાટવાની સ્થિતિ એટલે એ ઘટના કે જેમાં ગણતરીની મિનિટોમાં પાંચ-દસ ઈંચ કે વધુ વરસાદ વરસી પડે, જોતજોતામાં આખાં ને આખાં વાદળો નીંચોવાઈ જાય. આ બધું ઊંચાઈએ બનતું હોય છે, જેમ કે તા. ૧૬ જૂનની ઘટના કંઈક ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઈ પર આવેલાં કેદારનાથ મંદિરથી પણ વધુ ઊંચાઈની પહાડીઓમાં બની. વળી, જો cloudburst કોઈ ભરેલાં તળાવ પર થવા માંડે તો આટલા બધા પાણીના માર સામે ખૂદ તળાવ પણ ફાટી જાય. મહાભયાનક પૂર ઊંચાઈએથી નીચે આવે એટલે વધુ ને વધુ વેગીલું બને અને તેનાથી નીંચાણના વિસ્તારોમાં જાન-માલને ભયંકર નુકસાન પહોંચે. વાદળ ફાટવાની આ ઘટના કંઈ પહેલી વાર બની નથી. દર વર્ષે હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડ વગેરે રાજ્યોમાં એ બને છે; પરંતુ આ વખતે સંજોગોવસાત વરસાદ વહેલો શરૂ થયો અને ઉત્તરાખંડના યાત્રાધામોમાં પ્રવાસની મોસમ હજુ ચાલુ હતી, માટે નુકસાનમાં ખૂબ વધારો થવા પામ્યો. માનવસર્જિત પરિબળો પણ તેમાં જવાબદાર છે.

શું વાદળ ફાટવાની ઘટનાની આગાહી થઈ શકે ખરી? એમ લાગે છે કે અત્યારના તબક્કે આ શક્ય નથી. આમેય ભારતીય ઉપખંડમાં વર્ષાઋતુનું કુદરતી તંત્ર (monsoon system) ખૂબ જ સંકુલ (complex) હોય છે અને ભૌતિક વિજ્ઞાન - ગણિતશાસ્ત્રમાં જેને non-linear phenomena કહે છે, તેનું એ ઉદાહરણ છે. પરદેશોમાં જે ચોક્સાઈથી હવામાન અને વરસાદની આગાહી થઈ શકે છે, તે ચોક્સાઈથી આપણે ત્યાં હજુ એ થઈ શકતી નથી. આપણા વિજ્ઞાનના અભ્યાસમાં ધરતી, સમુદ્ર વગેરે તંત્રોના વિજ્ઞાન – earth system science –ના અભ્યાસને હજુ યોગ્ય સ્થાન મળ્યું નથી. હકીકતે હવામાનશાસ્ત્ર એ physics, mathematics અને કમ્પ્યુટર ક્ષેત્રોને બહુ મોટો પડકાર ફેંકી રહેલ છે. જોકે તેની ઊજળી બાજુ એ પણ છે કે, આપણો દેશ અવકાશવિજ્ઞાન અને સેટેલાઈટ ટેકનોલોજીમાં આગળ વધેલ છે માટે સારા ભવિષ્યની આશા જરૂર રાખી શકાય.

(લેખક સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગના પૂર્વ પ્રાધ્યાપક અને અધ્યક્ષ રહ્યા છે.)

(૪, પુનીત પાર્ક, કેશવ રેસિડેન્સી સામે,
આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ – ૩૮૮ ૦૦૧.
મો.: ૯૮૨૫૩૧૮૮૯૭)

## શિક્ષણમાં ઇતિહાસના વિષયનું સ્થાન

**વિનોબા**

**('વિનોબાની વાણી' વિનોબા ભાવે – વિશેષ સંપાદનઃ રમેશ બી. શાહ, ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., અમદાવાદ)**

આજે વિદ્યાર્થીઓના ભેજામાં ઇતિહાસને નામે એક ભૂસું ભરવામાં આવે છે. કેળવણીમાં આ ઇતિહાસના શિક્ષણે એક મોટું જોખમ ખડું કર્યું છે. ઇતિહાસ જેટલો જૂઠો હોય છે તેટલી જૂઠી તો કાલ્પનિક વાર્તાઓ પણ નથી હોતી, કેમ કે વાર્તા લખનારનું તો જાહેર જ છે કે કલ્પિત વાત લખે છે. પણ ઇતિહાસકારનો દાવો તો એવો હોય છે કે મેં બધું સાચું જ લખ્યું છે, બીજાએ જૂઠું લખ્યું છે. ઇતિહાસના નામે ભણાવાતી વસ્તુ છે શું? છેલ્લાં બે મહાયુદ્ધ થઈ ગયાં. એનો ઇતિહાસ જર્મનીએ એક રીતે લખ્યો હશે અને રશિયા, ઈંગ્લેંડ વગેરેએ બીજી જ રીતે લખ્યો હશે, કોણે કયો ગુનો કે અન્યાય કર્યો, કઈ ઘટના ક્યારે થઈ – બધું જૂઠું લખાય છે. બધાં મહત્ત્વનાં કાગળિયાં તો બાળી મૂકે છે.

હમણાં છાપામાં એક મજાની વાત વાંચી કે રશિયાનો ઇતિહાસ હવે સુધારીને ફરીથી લખાશે. સ્ટાલિન મરી નથી ગયો એવું તો નથી લખવાના, પણ સ્ટાલિનના કાળનું ઇતિહાસમાં જે મહાગૌરવ ગવાયું છે તે બધું ખોટું માનીને ઇતિહાસ નવેસર લખાશે. મહાત્મા ગાંધી એક ક્રાંતિવિરોધી માણસ છે એવું એમના ઇતિહાસમાં આજ લગી લખાતું. પણ હવે લખાશે કે એ એક મહાપુરુષ હતા. ભગવાનની કૃપા છે કે ગાંધીજી થઈ જ નથી ગયા એવું હજી નથી લખતા! એટલો બધો ફેરફાર એ નથી કરતા એ એમની મહેરબાની છે. પણ ઇતિહાસ મનની મરજી મુજબ ચીતરવામાં આવે છે. લોકોનાં માનસ અમુક રીતે ઘડવા માટે જૂની ઘટનાઓને મચડીને કે ધાર્યો રંગ ચઢાવીને રજૂ કરવામાં આવે છે. પરિણામે તમામ પ્રજા પૂર્વગ્રહથી પીડાતી અને પુરુષાર્થહીન બને છે.

### માથા પર ઇતિહાસનો બોજો ન રાખો

ભૂદાનનું કામ શરૂ થયું ત્યારે લોકો પૂછવા લાગ્યા કે આમ માગીને તે ક્યારે આરો આવશે? ઇતિહાસમાં ક્યાંય આવું બન્યું છે ખરું? ત્યારે હું કહું છું કે તમે લોકો નવા ઇતિહાસના ઘડવૈયા છો કે જૂના ઇતિહાસને ગોખનારા? ઇતિહાસમાં જે નથી થયું તે ન જ થઈ શકે એવું શું કામ કહો છો? રામચંદ્રજીએ વાંસળી ન વગાડી તેથી કૃષ્ણ ભગવાને પણ શું ન વગાડી? આપણા પૂર્વજો જે કરી ચૂક્યા હોય તે જ જો આપણે કરવાનું હોય તો આપણો જન્મ જ શું કામ થયો? એટલે વીતેલા ઇતિહાસનો કશો ભાર આપણા મને પર ન રહેવો જોઈએ. એક તો બધા ઇતિહાસો એકપક્ષી હોય છે. એમાં કેટલું સત્ય હોય છે તે કહી શકાતું નથી અને સત્ય હોય તોપણ તેનું મન પર ભારણ રાખવાનું કશું કારણ નથી, કેમ કે આપણો જન્મ નવાં સત્યોની સિદ્ધિ માટે, નવા પ્રયોગને માટે છે. તેથી નાગરિકોએ ઇતિહાસનાં ગાંસડાંપોટલાંનો બોજો માથા પરથી ફેંકી દેવો જોઈએ.

### ઇતિહાસનાં અભિમાનો સત્યનિષ્ઠાને ઘાતક છે

બલ્લારી કર્ણાટકનું છે કે આંધ્રનું એ જાણવું હોય તો ઇતિહાસ શું કહેશે? તમામ આંધ્રવાળા ઇતિહાસ તપાસી ગયા છે અને કહે છે કે બલ્લારી આંધ્રમાં છે. એ જ રીતે તમામ કન્નડવાળા ઇતિહાસ ઉથલાવી ગયા છે અને કહે છે કે એ તો કર્ણાટકમાં છે. હવે ઇતિહાસને આમાં શું ચાટવો છે? અને ભૂગોળ શું કહે છે? બલ્લારી તો જે ગ્યાએ છે તે જ જગ્યાએ છે. ઇતિહાસથી શું સિદ્ધ થશે? દરેક પ્રાંતવાળો પોતાના પ્રાંતની હદ પડોશના પ્રાંતમાં ઘુસાડવા કરે છે. ખેડૂત બીજાના ખેતરની એકાદ હાથ ભોંય દબાવવા કરે તેવું જ આ હાસ્યાસ્પદ છે. અહીં તો સાંભળીને આ નાનકડાં છોકરાં પણ હસે છે, પણ

તમારી ધારાસભાઓમાં જોરશોરથી આ દાવાઓ આગળ ધરવામાં આવે છે. મનમાં જાણે છે કે આ બધી નકામી વાતો છે, પણ એક ભૂત માથે સવાર થઈ બેસે છે. આનું કારણ છે આ ઇતિહાસ. જૂના કાળનો ઇતિહાસ જે રીતે લખાય છે, તેને તે જ રીતે જો આપણે તેને ભણીએ છીએ તો સૌનાં પોતપોતાનાં અભિમાનો બંધાય છે. તો આ રીતે ઇતિહાસની આસક્તિ બંધાય છે તેમાં સત્યનિષ્ઠા ટકતી નથી. જ્યાં સુધી ઇતિહાસનો આગ્રહ અને આસક્તિ ટળે નહીં, ત્યાં સધી તમે લોકો પ્રગતિ નહીં કરી શકો. ખરેખર પ્રગતિ ઇચ્છતા હો તો આ યુગમાં પુરાણા ઇતિહાસનો સાર ગ્રહણ કરી લેવો જોઈએ અને જે નિઃસાર હોય તે છોડી દેવું જોઈએ.

ઇતિહાસનો કશો ઉપયોગ જ નથી એવું હું નથી કહેતો. વ્યાસ ભગવાને એક સુંદર ઇતિહાસ ‘મહાભારત’ નામે લખ્યો છે. મનુષ્યના વિવિધ સ્વભાવ કેવા કેવા પ્રકારના હોઈ શકે એ વિશે એમણે પોતાના એક દર્શનની જ એમાં માંડણી કરી છે. એ જાતના ઇતિહાસથી કામ સરશે પણ ઇતિહાસનું શબ માથા પર લાદીને ફરવાથી સમાજની પ્રગતિ કદી નહીં થાય. પ્રાચીન લોકોના પરાક્રમની વાતો સાંભળવાથી તાકાત આવે છે એ ખરું, પણ પ્રાચીન લોકોએ સારાં કામ કર્યાં છે તેની સાથે સાથે ખોટાં કામ પણ કર્યાં છે. એ તમામનો બોજો આપણે માથે શા માટે ઢસડવો? સારી ચીજો લેવી અને ખોટી છોડી દેવી. આપણે પ્રાચીન ઇતિહાસને મંકોડાની જેમ ચોંટીશું તો આપણી આ સારા-સાર વિવેકશક્તિ ઘસાઈ જશે.

તેથી હું વિદ્યાર્થીઓને કહું છું કે ઇતિહાસમાં ‘રીડ બિટવિન ધ લાઈન્સ’ – બે લીટીની વચ્ચેનું વાંચો. છાપેલી લીટીઓ છોડી દો અને વચલો કોરો ભાગ વાંચો, જે ઇતિહાસ લખાય છે તેના કરતાં જે નથી લાખાતો તે વધુ મહત્ત્વનો ઇતિહાસ હોય છે. માતા હેતથી બાળકને છાતીએ ભીડે અને વહાલથી ખવડાવે-પિવડાવે એનો તાર કોઈ છાપાવળા કરતા નથી. પણ ક્યાંક જો ખૂન જેવું કંઈક લાગ્યું કે ચોરી થઈ તો તરત તાર કરશે અને ઇતિહાસમાં પણ એવી જ વાતો લખાશે. માના પ્રેમ જેવી મહત્ત્વની વાતો ઇતિહાસમાં જવલ્લે જ ઉલ્લેખ થાય છે. પણ દગાફટકા અને ખૂન તો બધા જ ઇતિહાસને પાને ચઢી જાય છે. માણસ પોતાની માણસાઈનો ઇતિહાસ નથી લખતો, પણ માણસાઈ પર જેટલા જેટલા ફટકા પડે છે, તેનો જ ઇતિહાસ લખે છે. તેથી માનવસ્વભાવનું ખરું જ્ઞાન ઇતિહાસ પરથી નથી થતું. માનવસ્વભાવથી વિરુદ્ધ જે કાંઈ બને છે તેની જ નોંધ થાય છે અને તેથી ઇતિહાસ ખૂનામરકીથી ભરચક જોવા મળે છે.

**શાંતિકાર્યો માટે જોખમ**

તાર છાપખાનાં વગેરે વધી ગયાં છે તેથી અહીંની વાત ત્યાં જતાં વાર નથી લાગતી. એનાથી નાહક ગભરાટ પણ ફેલાય છે. ૨૦૦ વર્ષ પર આપણે ત્યાં પાણીપતની લડાઈ થઈ, પણ ચીન, જાપાનને તો એની ખબરેય ન પડી અને આજે તો પાકિસ્તાને એકાદ બે ગામ પર હુમલો કર્યો તો આખીય દુનિયામાં ખબર ફેલાઈ ગઈ અને ભારતમાં બધે ભય ફેલાઈ ગયો. આ બધું ઇતિહાસનું – પ્રકાશનનું – પરિણામ છે. પણ એક ગામ પર હુમલો થયો એનો અર્થ એ પણ ખરો કે પાંચ લાખ ગામો પર હુમલો નથી થયો. એ ગામો શાંતિથી શક્તિ પેદા કરતાં નવસર્જનનું કામ કરે છે. પણ ભયનું જે મોજું ફેલાઈ જાય છે, અને એમાં વહી જઈએ તો આખરે શાંતિની શક્તિ વધારતાં કાર્યોને સહન કરવું પડે છે. સંસ્કૃત સાહિત્યમાં ઇતિહાસનું પુસ્તક જ નથી. આનું કારણ એ છે કે આપણે ઇતિહાસ પર વધારે જોર આપ્યું નથી. વચગાળાના લોકોની મૂર્ખતાના રૅકર્ડને – દસ્તાવેજને ઇતિહાસ કહે છે. એવા ઇતિહાસને ગોખ્યા કરવાથી શો ફાયદો? ભારતની ખૂબી એ છે કે સંસ્કૃત સાહિત્યમાં અધ્યાત્મ, વૈદ્યક, સ્થાપત્ય, સંગીત, જ્યોતિષ, ગણિત વગેરે બધા જ વિષયો પર પુસ્તકો છે, પરંતુ ઇતિહાસ પર એકે નથી. શંકરાચાર્યનું ભાષ્ય વાંચીએ છીએ તો એમાં ‘મારાં માતા-પિતાનું અમુક-તમુક કે મારો જન્મ ફલાણી સાલમાં થયો’ વગેરે કંઈ જ નથી. સીધું વિવેચન શરૂ થાય છે. શંકરાચાર્યના જન્મકાળ અંગે મતભેદ છે. એક કહે છે કે ઈસુથી ૨૦૦ વર્ષ પહેલાં અને બીજાં કહે છે કે ઈસુ પછી ૮૦૦ વર્ષે. બે વચ્ચે ૧૦૦૦ વર્ષનો ગાળો છે. હવે એટલું લખી ગયા હોત તો આપણે સહેલાઈથી જાણી શક્યા હોત! પણ આ દેહનો તે શો ઇતિહાસ લખવો હતો! કેટલાયં શરીર જન્મે છે અને મરે છે. તો આપણે

ઇતિહાસની બાબતમાં આટલા ઉદાસીન છીએ. એને આપણે મહત્ત્વ જ નથી આપતા. નહીંતર જ્ઞાનની આટલી બધી શાખાઓનો વિચાર થયો અને આ જ કેમ છૂટી ગઈ?

હવે આ રદ્દી ઇતિહાસો લખાય છે તે ક્યારેક ખોટી છાપ ઊભી કરે છે. ઇતિહાસમાં લખશે કે અકબરના રાજ્યમાં તુલસીદાત થયા. હવે આને શું કહેવું? અકબરના રાજ્યમાં તુલસીદાસ થયા કે તુલસીદાસના સમયમાં અકબર થયા? અકબર સારો રાજા હતો. રાજ્ય વ્યવસ્થિત ચાલે અને પ્રજા સુખી થાય તે માટે અકબરે ઘણો પ્રયત્ન કર્યો. છતાં સમાજ પર તેની અને તુલસીદાસની અસરની સરખામણી જ શી રીતે થઈ શકે? તુલસીદાસજીનો પ્રવેશ તો ઘરેઘરમાં છે.

ઇતિહાસમાં ભલે ગમે તે લખ્યું હોય, પણ લોકહૃદયમાં કોનું સ્થાન છે? ૧૯૪૦ની વાત કહું. દિલ્હીથી ૩૦-૪૦ માઈલ ઉપર નૂહ નામના એક નગરમાં હું ગયેલો. સભામાં શ્રોતાઓ મોટા ભાગના મુસલમાન જ હતા. ભાષણ દરમિયાન મેં પૂછ્યું કે તમે લોકોએ અકબર બાદશાહનું નામ તો સાંભળ્યું છે ને? પણ એમાંનો એકેય અકબર બાદશાહનું નામ જાણતો નહોતો. દિલ્હીથી ૩૦-૪૦ માઈલ ઉપર જ અકબર બાદશાહ વિશે માહિતી નથી! એમનો તો 'અલ્લાહ-ઓ-અકબર'ની ખબર છે. આવી સ્થિતિ છે. હિંદુસ્તાનમાં રાજાઓ આવ્યા ને ગયા પણ લોકો તો એમના હૃદયમાં 'રાજા રામ'ને જ ઓળખે છે. સામાન્ય લોકોને અક્કલ છે કે કોનું નામ ધ્યાનમાં રાખવું ને કોનું ન રાખવું.

**બાળકોને સમગ્ર જ્ઞાન આપો**

વળી, આજે બાળકોને પહેલા વર્ગમાં શિવસાગર જિલ્લાનો, ત્યાર બાદ આસામનો અને પછી ભારતનો ને છેવટે દુનિયાનો ઇતિહાસ શિખવાડાય છે. આ પદ્ધતિ જ ખોટી છે. પહેલા જ વર્ગમાં આખીયે દુનિયાનો ઇતિહાસ શીખવવો જોઈએ. બાળકોને સમગ્ર જ્ઞાન આપવું જોઈએ. એમને દેખાડવું જોઈએ કે જુઓ, આ દુનિયાનો નકશો છે. એમાં અહીં છે યુરોપ, ત્યાં ઈસુ થઈ ગયા. એ જ સમયે બિહારમાં ગૌતમ બુદ્ધ થયા. એ જ જમાનામાં જરથુષ્ટ્ર થયા ઈરાનમાં. લગભગ એ જ વખતે ચીનમાં લાઓત્સે થયા. આ બધું પહેલા વર્ગમાં જ બાળકોને માલૂમ થઈ જવું જોઈએ.

ત્યાર બાદ વિગતવાર સૂક્ષ્મ જ્ઞાન આપવું જોઈએ. અને એનાથીયે ઉપરના વર્ગમાં વધુ સૂક્ષ્મ જ્ઞાન અપાય. પરંતુ પહેલાથી તે છેલ્લા વર્ગ સુધી સમસ્ત દુનિયાનો ઇતિહાસ બાળકોની સામે હશે તો એમની દૃષ્ટિ વ્યાપક થશે અને સંકુચિત નહીં રહે.

દાખલા તરીકે, રાતે મેદાનમાં જઈને આખુંયે આકાશ જુઓ — આકાશનો ટુકડો નહીં, આખું આકાશ. એમાં તમને મોટા મોટા તારા દેખાશે. પછી વધુ અંધારું થશે તો વધુ ઝીણા તારા દેખાવા માંડશે. એનાથીયે વધારે ગાઢ અંધારું થતાં વળી સૂક્ષ્મ તારા આખા આકાશમાં દેખાશે અને પછી દૂરબીન વડે જોશો તો અત્યંત સૂક્ષ્મ તારા પણ દેખાશે. સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ, એવો ક્રમ રહેશે પણ પહેલેથી તે છેલ્લે સુધી આખાયે આકાશનું દર્શન થશે.

આવી રીતે સમસ્ત વિશ્વનો ઇતિહાસ અને ભૂગોળ પહેલા જ વર્ગથી શીખવવો જોઈએ.પ્રથમ સ્થૂળ પછી સૂક્ષ્મ વગેરે આવી વ્યાપક બુદ્ધિથી જ્ઞાન દેવાય તો બાળકોને નકામા રાજાઓની યાદી ગોખવી નહીં પડે. કુલ વિશ્વનો ઇતિહાસ સામે આવે તો શું થશે? નાના નાના લોકો સામે આવશે જ નહીં. રાજામહારાજાઓ તો મરી ચૂક્યા. એમનાં સહુનાં નામ ગોખવામાંથી બાળકો મુક્ત થઈ જશે.

અને બીજી વાત એ કે એમનામાં એવો અહંકાર ઘર નહીં કરી બેસે કે સારા લોકો અમારે ત્યાં જ છે. આખીયે દુનિયામાં સારા લોકો થઈ ગયા, બધી જાતિઓમાં સારા લોકો થઈ ગયા એ વાત એમના મગજમાં ઠસશે અને એ ભાનને કારણે હૃદયની એકતા આવશે અને એ જ પછી વ્યવહારમાં ઊતરશે.

આજે હવે આર્થિક, સામાજિક, ધાર્મિક, ભાષિક, રાષ્ટ્રીય વગેરે બધા પ્રકારના ભેદભાવો નિર્મૂળ થવા જોઈએ અને અભેદનું દર્શન થવું જોઈએ. એ માટે સાત્ત્વિક બુદ્ધિ જોઈએ અને એની બુદ્ધિનો વિકાસ સાત્ત્વિક શિક્ષક દ્વારા જ થઈ શકે.

(નાજીરા - આસામ, ૨૧-૧૦-'૬૧; નાજીરા - આસામ, ૨૦-૧૦-'૬૧; અનંતપુર (આંધ્ર), ૬-૪-'૫૬; — શિક્ષણવિચાર)

// *ચિંતન* //

# સ્વતંત્ર ભારત અને તેની સમસ્યાઓ

## સુભાષચંદ્ર બોઝ

**સુભાષચંદ્ર બોઝનો આ નિબંધ ઑગસ્ટ – ૧૯૪૨માં એક જર્મન સામયિક 'વિલ્લે એડમાટ'માં પ્રગટ થયો હતો અને પછી, બર્લિનના 'ફ્રી ઈન્ડિયા સેન્ટર'ના સત્તાવાર પ્રકાશન 'આઝાદ હિંદ'માં તેનું પુનર્મુદ્રણ થયું હતું.**

### નવી જાગૃતિ

ભારત ઉપરનું બ્રિટિશ આધિપત્ય ૧૭૫૭માં શરૂ થયું. જ્યારે એક પ્રાંત નામે બંગાળ. સૌ પ્રથમ તેમના તાબા હેઠળ આવ્યો. આ આધિપત્ય, તબક્કાવાર વિસ્તારવામાં આવ્યું અને ૧૮૫૭ની મહાન ક્રાંતિની નિષ્ફળતા બાદ, ૧૮૫૮માં સંપૂર્ણ થયું. આ ક્રાંતિને અંગ્રેજ ઈતિહાસકારો 'દેશી સિપાહીઓના બળવા' તરીકે વર્ણવી હતી, પરંતુ ભારતીયો દ્વારા તેને 'સ્વતંત્રતાની પ્રથમ લડત' તરીકે સન્માનવામાં આવી હતી. શરૂઆતના તબક્કાઓમાં ક્રાંતિ ખૂબ જ સફળ હતી, પરંતુ ભારતીય નેતાઓના વ્યૂહ અને રાજદ્વારી કુનેહમાં રહેલી કેટલીક ઊણપોના કારણે અંતમાં તે નિષ્ફળ ગઈ. બ્રિટિશ બાજુએ, વ્યૂહ તેમજ રાજદ્વારી કુનેહ બંને ચઢિયાતાં હતાં છતાં પણ, અંગ્રેજો મહામુશ્કેલીએ પણ જીતી ન શક્યા. ક્રાંતિની નિષ્ફળતા બાદ સમગ્ર દેશમાં આતંકનું સામ્રાજ્ય હતું. ભારતીય લોકોને સંપૂર્ણપણે નિઃશસ્ત્ર કરવામાં આવ્યાં અને તેઓએ આજદિન સુધી આ નિઃશસ્ત્રીકરણ ચાલુ રાખ્યું. હવે તેઓને સમજાયું કે ૧૮૫૮માં શસ્ત્રબંધી કરીને તેઓએ તેમના ઈતિહાસની સૌથી મોટી ભૂલ કરી કારણ કે શસ્ત્રબંધીએ મોટા ભાગના દેશને નબળો અને બાયલો બનાવી દીધો હતો. ૧૮૫૭ની મહાન ક્રાંતિની નિષ્ફળતા બાદ ભારતીય પ્રજા થોડા સમય માટે હતાશ થઈ ગઈ. ત્યાર બાદ ૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના જન્મની સાથે જ રાજકીય જાગૃતિ શરૂ થઈ. જે વિશ્વના અન્ય ભાગોમાં થયેલ ક્રાંતિઓથી પ્રેરિત હતી. હાલની સદીની શરૂઆતની સાથે જ રાષ્ટ્રીય ચળવળે બે પદ્ધિતિઓ વિકસાવી – અંગ્રેજ બનાવટોનો આર્થિક બહિષ્કાર અને ખાનગી હુલ્લડ. ૧૯૨૦માં અંતિમ વિશ્વયુદ્ધ બાદ, 'સામૂહિક નાગરિક અસહકાર' અથવા તો 'શાંત પ્રતિકાર'ની એક નવી પદ્ધતિ દાખલ કરી, જેનો ઉદ્દેશ હથિયારો વિના પણ વિદેશી શાસનને હરાવવાનો હતો. આ બધા વિકાસોએ હવે ભારતને એવા તબક્કે લાવી દીધું કે જ્યાંથી ભારતીય લોકો માટે અંગ્રેજોને ભારતમાંથી બહાર ફેંકી દેવાનું શક્ય હતું.

### હાલની પરિસ્થિતિ

ભારતમાં આજે પરિસ્થિતિ એવી છે કે અંગ્રેજો બધા દ્વારા તિરસ્કૃત થયા છે. પરંતુ જ્યારે મોટી બહુમતી હાલની આંતરરાષ્ટ્રી કટોકટીનો અંગ્રેજ સત્તાને હરાવવા માટે ઉપયોગ કરવા ઈચ્છે છે, ત્યારે પ્રજાનો એક વર્ગ પોતાને આમ કરવા માટે પૂરતા પ્રમાણમાં શક્તિશાળી નથી માનતો અને તેથી અંગ્રેજ હકૂમત સાથે સમાધાન ઈચ્છીને, તેમાંથી જે શક્ય હોય તે પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે. એવો એક ભારતીય નથી કે જે નૈતિક, દૃઢ માન્યતાથી અંગ્રજોને સહકાર આપતો હોય. તેથી, અંગ્રેજ શાસન કાંઈ ભારતીય લોકોના સદ્ભાવ ઉપર ટકેલું નથી, પરંતુ અંગ્રેજ શાસન સંગીન પાયા ઉપર ટકેલું છે. ઘણા લોકો સમજી શકતા નથી કે પ્રમાણમાં ખૂબ નાના લશ્કરની મદદથી અંગ્રેજો ભારત જેવા આટલા મોટા દેશ ઉપર શાસન કેવી રીતે કરી શકે. તો પણ, રહસ્ય એ છે કે નાના છતાં આધુનિક લશ્કર વડે એક વિશાળ પરંતુ નિઃશસ્ત્ર પ્રજાને દબાવી દેવી શક્ય છે. જ્યાં સુધી આ આધુનિક, ધંધાદારી લશ્કર, અન્ય કોઈ તાકાત સાથે યુદ્ધમાં સંડોવાયેલું નથી, ત્યાં સુધી તે લોકો દ્વારા સંચાલિત કોઈ પણ આંતરિક ઊથલપાથલને સાવ પાશવી તાકાત વડે દબાવી શકે, પરંતુ હવે જ્યારે અંગ્રેજો, અન્ય શક્તિઓ સાથેની લડતમાં વ્યસ્ત છે અને તેથી ઘણા નબળા પડ્યા છે ત્યારે ભારતીય લોકો માટે એક ક્રાંતિનું આયોજન શક્ય બન્યું છે, જે સદાને માટે અંગ્રેજ શાસનનો અતં લાવી દેશે, પરંતુ ભારતીય લોકો માટે એ જરૂરી છે કે તેઓ તેમની લડત માટે હથિયાર ઉઠાવે અને આજે બ્રિટન સાથે લડી રહેલી શક્તિઓને સાથ આપે. આ કાર્ય ગાંધી નહીં કરી શકે અને તેથી ભારતને હવે એક નવી નેતાગીરીની જરૂર છે.

### જ્યારે ભારત સ્વતંત્ર થશે

ઘણા લોકો એવો પ્રશ્ન પૂછે છે કે જ્યારે અંગ્રેજોને ભારત છોડવાની ફરજ પડાશે ત્યારે શું થશે? અંગ્રેજ

મતપ્રચારે ઘણાં લોકોને એવું વિચારતા કરી દીધાં છે કે અંગ્રેજો વિના ભારતમાં અંધાધૂંધી અને અવ્યવસ્થા સર્જાશે. આ લોકો સહેલાઈથી ભૂલી જાય છે કે અંગ્રેજ આધિપત્ય ફક્ત ૧૭૫૭માં શરૂ થયું અને ૧૮૫૭ સુધી સંપૂર્ણ નહોતું થયું. જ્યારે ભારત એક એવો દેશ છે કે જેનો ઈતિહાસ હજારો વર્ષોનો છે. જો ભારતમાં સંસ્કૃતિ, સભ્યતા, વહીવટ અને આર્થિક સમૃદ્ધિ અંગ્રેજ શાસન પહેલાં પણ શક્ય હતાં, તો તે અંગ્રેજ શાસન બાદ પણ શક્ય હશે. હકીકતમાં, અંગ્રેજ શાસનકાળ દરમ્યાન, ભારતની સંસ્કૃતિ અને સભ્યતાને દબાવી દેવાયાં હતાં, વહીવટ બિનરાષ્ટ્રવાદી હતો, અને જે દેશ અગાઉ ધનાઢ્ય અને સમૃદ્ધ હતો. તે વિશ્વનો સૌથી ગરીબ દેશ બની ગયો હતો.

### એક નવું વહીવટી તંત્ર

જ્યારે અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવામાં આવશે, ત્યારે પ્રથમ કાર્ય નવી સરકારની રચના કરવાનું તેમજ વ્યવસ્થા અને લોકોની સલામતી સ્થાપવાનું રહેશે. નવી સરકાર, ચોક્કસપણે, રાજ્ય વહીવટી તંત્રની પુનઃરચના અને રાષ્ટ્રીય લશ્કરની રચના સૂચવે છે. રાજ્ય વહીવટી તંત્રની પુનઃરચના, સરખામણીમાં સરળ કાર્ય રહેશે. ભૂતકાળમાં, રાજ્ય વહીવટી તંત્ર હંમેશાં ભારતીયો દ્વારા જ ચલાવવામાં આવ્યું હતું અને ફક્ત ઉચ્ચ હોદ્દાઓ ઉપર જ અંગ્રેજો હતા. પરંતુ છેલ્લાં વીસ વર્ષો દરમ્યાન, ધીરે ધીરે, ભારતીયો અંગ્રેજોની ઉચ્ચ જગ્યાઓ લેતા ગયા. કેન્દ્ર સરકારમાં વાઈસરૉયની કેબિટનેટના સભ્યોમાં પણ કેટલાક ભારતીયો હતા. ૧૯૩૭થી પ્રાંતીય સરકારોમાં મંત્રીઓ તરીકે ભારતીયો જ છે અને અંગ્રેજ અફસરો તેમના હાથ નીચે કામ કરે છે. ઉચ્ચતમ હોદ્દાઓમાં જ્યાં પણ ભારતીયોએ અંગ્રેજોનું સ્થાન લીધું છે ત્યાં તેઓ અંગ્રેજો કરતાં ચઢિયાતા સાબિત થયા છે. ભારતીય મંત્રીઓ અને ભારતીય અફસરો અંગ્રેજો કરતાં દેશને ઘણી સારી રીતે જાણે છે, અને તેના કલ્યાણમાં વધુ રસ ધરાવે છે. તેથી જ સ્વાભાવિક છે કે તેઓ ભૂતકાળમાં અંગ્રેજોએ કરેલ તેથી વધારે કાર્યક્ષમતાથી કામ કરી શકશે. ટૂંકમાં, આપણી પાસે આજે એવા કેળવાયેલા અને અનુભવી ભારતીય અફસરોનું માળખું છે કે નાગરિક વહીવટી તંત્રની પુનઃરચના કરવી જરા પણ અઘરી નહીં પડે. સ્વતંત્ર ભારતની નવી સરકારે નાગરિક વહીવટી તંત્ર માટે ફક્ત નવી નીતિ અને નવો કાર્યક્રમ ઘડવો પડશે, તેમ જ ટોચમાં એક નવી નેતાગીરી પૂરી પાડવી પડશે.

### એક રાષ્ટ્રીય લશ્કર

રાષ્ટ્રીય લશ્કરની રચના કરવી એ એક વધારે મુશ્કેલ કામ બનશે. અલબત્ત, ભારત પાસે મોટી સંખ્યામાં, તાલીમબદ્ધ અને અનુભવી સૈનિકો છે, અને અત્યારે ચાલતા મહાયુદ્ધને કારણે તેની સંખ્યામાં વધારો થયો છે. પરંતુ તાજેતરના સમય સુધી, ભારતના લશ્કરના અફસરો મહદંશે બ્રિટિશરો હતા, અને સૌથી ઊંચી પાયરીઓ ઉપર તો ફક્ત બ્રિટિશરો જ હતા. યુદ્ધની પરિસ્થિતિઓને પ્રતાપે, મોટી સંખ્યામાં ભારતીય અફસરોની નિમણૂક કરવાની બ્રિટનને ફરજ પડી છે, અને ઊંચી જગ્યાઓ પણ થોડાક ભારતીયને ફાળવવામાં આવી છે. આધુનિક શસ્ત્રો, જેવાં કે ટેન્ક્સ, વિમાનો, ભારે શસ્ત્રસામગ્રીઓ, ઈત્યાદિ જે અગાઉ, બ્રિટિશરોને માટે જ અનામત રખાતાં હતાં, તે પણ સંજોગોના દબાણ હેઠળ, હવે ભારતીયોને સોંપવામાં આવ્યાં છે. આમ છતાં ઉચ્ચતર હરોળના ભારતીય અફસરોની તંગી તો રહી જ છે, અને રાષ્ટ્રીય લશ્કરના ઘડતરમાં કે રચનામાં તે થોડીક મુસીબતો ઊભી કરશે. આ સંબંધમાં, ભારતની મુખ્ય સમસ્યા ટૂંકા સમયમાં, બધા જ દરજ્જાના ઘણા અફસરોને તાલીમ આપવાની – એમ સમજો કે દસ વર્ષો સુધી – અને તેવી રીતે, રાષ્ટ્રીય લશ્કરના નિર્માણની ક્રિયાને પૂર્ણ કરવી રહેશે. પાયદળ લશ્કરની સાથોસાથ નૌકાદળ અને હવાઈદળ પણ ઊભું કરવું પડશે, અને આ બધાં કાર્યો જેટલી બને તેટલી તીવ્ર ઝડપથી પાર પાડવાં પડશે. જો ભારતને થોડા વખત માટે, શાંતિનો સમય મળી શકે, અને જો કોઈ મિત્ર-સત્તાઓ તરફથી મદદ મળી રહે, તો રાષ્ટ્રીય સુરક્ષા વ્યવસ્થા કરવાની સમસ્યા સંતોષકારક રીતે, હલ થઈ શકે છે.

### નવું રાજ્ય

ભવિષ્યના ભારતીય રાજ્યના ચોક્કસ સ્વરૂપ બાબત, હવેથી આગ્રહપૂર્વક પ્રતિપાદિત કરવું અયોગ્ય ગણાશે. તે રાજ્યના પાયામાં રહેલા સિદ્ધાંતોનું જ ફક્ત વર્ણન કરવું અને સ્વરૂપ નક્કી કરવું આપણે માટે શક્ય બનશે. ભૂતકાળમાં, ઘણાં બધાં સામ્રાજ્યોનો આપણને અનુભવ થયો હતો, અને આ અનુભવ

ભવિષ્યમાં જે ચણતર કરવું પડશે તેની પૃષ્ઠભૂમિકા પૂરી પાડશે. તે પછી, આપણી રાજકીય પડતીનાં કારણોનો વિચાર કરવો પડશે અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન અટકાવવું પડશે. તદ્દુપરાંત, આપણે એ યાદ રાખવું પડશે કે આજે ભારતની બુદ્ધિજીવી પ્રજા આધુનિક રાજકીય સંસ્થાઓથી તદ્દન પરિચિત છે અને તેમનામાં તેમને ઘણો જ રસ છે. આપણે એ પણ ગણતરીમાં લેવું પડશે કે વર્સાઈલ્સ પછીના સમયગાળામાં યુરોપના ભિન્ન ભિન્ન ભાગોમાં, થયેલા રાજકીય અનુભવો કેવા પ્રકારના હતા અને છેલ્લે ભારતીય પરિસ્થિતિમાં આવશ્યકતાઓ જોવી પડશે.

છતાં, એક વસ્તુ સ્પષ્ટ છે. કેન્દ્ર સરકાર મજબૂત હશે. આવી સરકાર વગર વ્યવસ્થા અને જાહેર સલામતીની ખાતરી આપી શકાય નહિ. સરકારને ટેકો આપનાર દરેક સુવ્યવસ્થિત શિસ્તબદ્ધ પક્ષ હશે કે જે રાષ્ટ્રીય એકતાને સંરક્ષવા માટેનું મુખ્ય સાધન હશે.

વ્યક્તિઓ અને જૂથો માટે સંપૂર્ણ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક સ્વતંત્રતાની રાજ્ય પાકી ખાતરી આપશે; અને કોઈ 'રાજ્ય-ધર્મ' જેવું હશે નહિ. રાજકીય અને આર્થિક અધિકારોની બાબતમાં, આખી વસ્તી માટે, સંપૂર્ણ સમાનતા હશે. જ્યારે પ્રત્યેક વ્યક્તિને રોજગાર, ખોરાક અને શિક્ષણ તેમજ સ્વાતંત્ર્ય ધાર્મિક અને સાંસ્કૃતિક બાબતોમાં હશે, ત્યારે ભારતમાં, લઘુમતીઓની સમસ્યા જેવું કાંઈ જ હશે નહિ.

જ્યારે નવું શાસન સ્થિરતા પ્રાપ્ત કરશે, અને રાજ્યનું તંત્ર સરળતાથી કામ કરતું થઈ જાય, ત્યારે સત્તાનું વિકેન્દ્રીકરણ થઈ જશે અને પ્રાંતીય સરકારોને વધારે જવાબદારી સોંપવામાં આવશે.

## રાષ્ટ્રીય એકતા

આખા રાષ્ટ્રમાં એકતા સ્થાપવા માટે રાજ્યે બધું જ શક્ય કાર્ય કરવું પડશે, વર્તમાનપત્રો, રેડિયો, સિનેમા, પ્રેક્ષકગૃહ ઈત્યાદિ બધાં જ પ્રચાર માધ્યમોનો આ હેતુ માટે ઉપયોગ કરવો પડશે. ભધાં જ રાષ્ટ્ર-વિરોધી અને તોડફોડ કરાવનારાં તત્ત્વો – હજુ ભારતમાં હયાત હોય એવા બ્રિટિશ દલાલો સહિત – બધાં જ ને સખત હાથે દાબી દેવામાં આવશે. આ હેતુ માટે પૂરતું યોગ્ય પોલીસ દળ સારી રીતે વ્યવસ્થિત કરવું પડશે, અને કાયદાઓમાં એવી રીતે સુધારણા કરવી પડશે કે જેનાથી રાષ્ટ્રીય એકતા સામેના ગુનાઓ માટે સખતમાં સખત સજા થાય. હિંદુસ્તાની કે જે ભાષા દેશના ઘણા મોટા ભાગમાં સમજી શકાય જ છે, તેને ભારતની લોકભાષા તરીકે અપનાવવામાં આવશે. છોકરા-છોકરીઓનાં તેમજ શાળાઓ અને વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના યોગ્ય શિક્ષણ માટે ખાસ ભાર મૂકવો જ પડશે, કે જેથી કરીને પ્રારંભનાં વર્ષોમાં તેઓ રાષ્ટ્રીય એકતાની ભાવના ગ્રહણ કરે.

બ્રિટિશરોએ કરેલા પ્રચારે જાણી કરીને એવી છાપ પાડી છે કે ભારતીય મુસલમાનો સ્વતંત્રતાની ચળવળની વિરુદ્ધ છે. પરંતુ આ હળાહળ જૂઠાણું છે. વાસ્તવિકતા એ છે કે રાષ્ટ્રીય ચળવળમાં મુસલમાનોની ટકાવારી ઘણી મોટી છે. આજે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ આઝાદ, એક મુસલમાન છે. ભારતના મુસલમાનોની વિશાળ બહુમતી સભ્યો બ્રિટિશ-વિરોધી છે, અને તેઓ ભારતને સ્વતંત્ર જોવા ઈચ્છે છે. એ વાત શંકા વગરની છે કે મુસલમાનોમાં અને હિંદુઓમાં બ્રિટિશ તરફી પક્ષો મોજૂદ છે. પરંતુ તે લોકો ભારતવાસીઓનું પ્રતિનિધિત્વ કરે છે એમ માની શકાશે નહિ.

૧૮૫૭ની મહાન ક્રાંતિ રાષ્ટ્રીય એકતાનો બેનમૂન નમૂનો હતો. તે યુદ્ધ એક મુસ્લિમ રાજા, બહાદુરશાહના નેજા નીચે લડવામાં આવ્યું હતું અને તેમાં બધી જ કોમના લોકો જોડાયા હતા. ત્યારથી ભારતના મુસલમાનોએ રાષ્ટ્રીય આઝાદી માટે કામ કરવાનું ચાલું રાખ્યું છે. મુસલમાન સિવાયના બીજા ભારતીય લોકો આ ભૂમિનાં સંતાનો છે એટલા જ મુસલમાનો પણ સંતાનો છે. અને તેમના હેતુઓ સમાન છે. જેવી રીતે આયર્લેન્ડમાં અલ્સ્ટર સમસ્યા અને પેલેસ્ટાઈમાં યહૂદીઓની સમસ્યા હતી તેમ ભારતમાં પણ મુસલમાનોને લગતી ભારતની સમસ્યા બ્રિટિશરોએ સર્જેલી કૃત્રિમ સમસ્યા છે. જ્યારે બ્રિટિશ શાસનને ઉડાડી દેવામાં આવશે, ત્યારે એ સમસ્યા અદૃશ્ય થઈ જશે.

## સામાજિક સમસ્યાઓ

જ્યારે નવું રાજ્ય સ્થિર થઈ જશે, ત્યારે ભારત પોતાનું સમગ્ર ધ્યાન તેની સામાજિક સમસ્યાઓ ઉપર કેન્દ્રિત કરવાને શક્તિમાન બનશે. સહુથી વધારે અગત્યની સમસ્યાઓ ગરીબી અને બેરોજગારીની છે.

બ્રિટિશ શાસન દરમિયાન ભારતની ગરીબી મુખ્યત્વે બે કારણોસર છે – બ્રિટિશ સરકાર દ્વારા થયેલો ભારતીય ઉદ્યોગોનો પદ્ધતિસરનો નાશ અને વૈજ્ઞાનિક ખેતીની ઊણપ. બ્રિટિશરો ભારત આવ્યા તે પહેલાંનાં દિવસોમાં ભારત પોતે પોતાની, ખોરાક અને ઉદ્યોગની જરૂરિયાતો પૂરી કરી લેતું હતું અને કાપડનો માલ, જેવી વધારાની ઔદ્યોગિક પેદાશો યુરોપમાં નિકાસ કરતું હતું. ઔદ્યોગિક ક્રાંતિનું આગન અને બ્રિટિશરોએ જમાવેલા રાજકીય આધિપત્યે ભારતના પ્રાચીન ઔદ્યોગિક માળખાંને નષ્ટ કરી દીધું અને નવું માળખું ઊભું કરવાની છૂટ નહોતી. અંગ્રેજોએ હેતુપૂર્વક બ્રિટિશ ઉદ્યોગોને કાચો માલ પૂરો પાડનારની સ્થિતિમાં જ ભારતને રાખ્યું. આને પરિણામે કરોડો ભારતવાસીઓ કે જેઓ અગાઉ ઉદ્યોગો પર નભતા હતા, તેઓ પાસેથી રોજગાર ધંધા છીનવી લેવામાં આવ્યા. પરદેશી શાસને કિસાનોને અકિંચન બનાવી દીધા અને આધુનિક વૈજ્ઞાનિક ખેતીની જાણથી તેમને અપરિચિત રાખવામાં આવ્યા. આનું પરિણામ એ આવ્યું કે એક વખતની ભારતની સમૃદ્ધ ધરતીની ઊપજ હવે કંગાળ બનતી ગઈ છે, અને હાલની વસ્તીની ભૂખ તે સંતોષી શકે તેમ નથી. ખેડૂતોની લગભગ ૭૦ ટકા વસ્તીને વર્ષમાં છ મહિના કશું કામ જ હોતું નથી. ભારતને તેથી જ ઔદ્યોગિકીકરણની અને વૈજ્ઞાનિક ખેતીની જરૂર છે, જે રાજ્યની સહાયથી મળી શકશે. તો જ તે ગરીબી અને બેરોજગારીની સમસ્યા હલ કરી શકાશે.

પરદેશી શાસન હેઠળ અંગ્રેજો માત્ર શાસક જ નહોતા, પણ મજૂરોના માલિક પણ હતા. તેથી જ મજૂર વર્ગને દુર્દશામાં લાવી મૂક્યા છે. સ્વતંત્ર ભારત રાજ્યે, તેથી, કામદારો, મજૂરોના કલ્યાણ અને સુખાકારીની સંભાળ રાખવી પડશે, તેમને ગુજરાનક્ષમ પગાર આપવાનો, બીમારી વખતનો વીમો, તેમ જ અકસ્માતનું વળતર ઇત્યાદિ કરવાનાં કામ છે. તે જ પ્રમાણે, કિસાનને ભારે કરવેરામાંથી રાહત આપવી પડશે અને કરુણાજનક દેવાંમાંથી પણ મુક્તિ આપવી પડશે. આના અનુસંધાનમાં 'આર્બેઈટ ડિઅન્સ્ટ', 'વન્ટરી હીલ્ફ', 'ક્રાફ્ટ દુરેહ ફ્રેઈડ' જેવી સંસ્થાઓમાં ભારતને રસ પડશે. તે પછીની અગત્યની વસ્તુ જાહેર આરોગ્યની સમસ્યા છે. આ સમસ્યા પણ બ્રિટિશ શાસન હેટળ વણ-ઊકલી રહી છે. સદ્ભાગ્યે, ભારત પાસે હવે નિષ્ણાત ડૉક્ટરો ઉપલબ્ધ છે, કે જેઓ ભારતમાં ઉપલબ્ધ અંગ્રેજ ડૉક્ટરોથી પણ ચઢિયાતા છે. તેમજ તેઓ જાહેર આરોગ્યના પ્રશ્નોથી સુપરિચિત છે. જો રાજ્યનો તેમને ટેકો મળે, અને પૂરતાં નાણાંની સુવિધા કે સહાય મળે, તો તેઓ રોગોના નિવારણ માટે ભગીરથ પ્રયત્ન આદરી શકે. આમાં, ભારતની પ્રાચીન વૈદ્યકીય પદ્ધતિ, આયુર્વેદ તેમજ યુનાની પદ્ધતિ પણ મદદગાર થઈ શકે તેમ છે.

અને તે પછી આપણી ભયંકર સમસ્યા છે નિરક્ષરતાની, જેની ટકાવારી ભારતના ઘણાખરા ભાગોમાં ૯૦ ટકા જેટલી થવા જાય છે. પરંતુ આ સમસ્યા હલ કરવી એ બહુ મુશ્કેલ કાર્ય નથી, જો રાજ્ય તે માટે જરૂરી નાણાંભંડોળ પૂરું પાડે. આપણી પાસે હવે શિક્ષિત યુવકો અને યુવતીઓ મોટી સંખ્યામાં છે કે જેઓ રોજગાર વગરનાં છે. સ્વતંત્ર ભારત તળે, આ બધાં જ પુરુષો અને સ્ત્રીઓને, આખા દેશમાં, શાળાઓ, કૉલેજો અને વિશ્વવિદ્યાલયો ઊભાં કરવાના કામ માટે, કામે લગાડી શકાય, મોકલી શકાય. આ કામની સાથોસાથ જ, ભારતના લોકોની જરૂરિયાતોને અનુરૂપ, શિક્ષણની ભારતીય પદ્ધતિ ઘડી કાઢવા માટે પ્રયોગો કરવા પડશે. સદ્ભાગ્યે, ઘણી જગ્યાએ આને લગતા અનેક પ્રયોગો થઈ રહ્યા છેઃ દા.ત. ટાગોરની શાંતિનિકેતન શાળા, હરદ્વારની ગુરુકુળ સંસ્થામાં, બનારસની હિંદુ યુનિવર્સિટી, દિલ્લીમાં જામિયા-મિલિયા યુનિવર્સિટી, વર્ધા પાસેની ગાંધી સ્કૂલ વગેરે. તદુપરાંત, પ્રાગ્-બ્રિટિશ સમયથી આપણે વારસામાં મળેલી શૈક્ષણિક સંસ્થાઓ પણ રસપ્રદ છે.

ભારતની ભવિષ્યની લિપિની બાબતમાં, મારો અંગત અભિપ્રાય છે કે દેશમાં અત્યારે જે લિપિઓ અસ્તિત્વમાં છે તેને રદ્દ કર્યા વગર, સ્વતંત્ર ભારતે લેટિન લિપિને ઉત્તેજન આપવું જોઈએ અને તેને લોકપ્રિય બનાવવી જોઈએ.

### નાણાં

પોતાની મોટી યોજનાઓ માટે ભારત જરૂરી નાણાં ક્યાંથી મેળવશે એ એક અગત્યનો પ્રશ્ન છે. બ્રિટને ભારતનું સોનું અને ચાંદી લૂંટી લીધાં છે, અને જે કાંઈ થોડું બાકી રહ્યું છે, એ ચોક્કસ, બ્રિટિશરો આ દેશ છોડીને જતા રહે તે પહેલાં, લઈ જવામાં આવશે. ભારતની રાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાએ સ્વાભાવિક રીતે જ સુવર્ણ ધોરણ છોડવું પડશે, અને એવો સિદ્ધાંત સ્વીકારવો પડશે કે રાષ્ટ્રીય મિલકત સોના પર નહિ,

પણ શ્રમ અને ઉત્પાદન ઉપર આધાર રાખે છે. પરદેશ સાથેના વેપારને રાજ્યના નિયંત્રણ નીચે લાવવો પડશે, અને ૧૯૩૩થી જર્મનીએ જેમ કર્યું છે, તેમ વસ્તુ વિનિમય પદ્ધતિ પ્રમાણે યોજવો પડશે.

## આયોજન સમિતિ

નવનિર્માણની સમસ્યાઓ સાથે કામ લેતી વખતે, એ જાણવું રસપ્રદ થશે કે ૧૯૩૮ના ડિસેંબરમાં, જ્યારે હું ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનો પ્રમુખ હતો, ત્યારે મેં જીવનના દરેક ક્ષેત્ર માટે પુનર્નિર્માણ કરવા માટેની યોજના ઘડવાના હેતુથી એક આયોજન સમિતિનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સમિતિએ ક્યારનુંય કીમતી કાર્ય કર્યું છે, અને આપણી, ભવિષ્યની પ્રવૃત્તિ માટે તેના અહેવાલો મદદરૂપ બનશે.

## યુવરાજો

ભારતના રાજુકમારો અને તેમનાં રજવાડાંઓ એક વિસંગતતા છે, જે તરતમાં જ દૂર કરવી પડશે. ભારતના એકત્રીકરણને અવરોધવાના આશયથી અંગ્રેજોએ જો તેમને સાચવી રાખ્યા ન હોત, તો તેઓ ક્યારના અદશ્ય થઈ ગયા હોત. મોટા ભાગના રાજકુમારો બ્રિટિશ સરકારના ટેકેદારો છે, અને એવો એક પણ યુવરાજ નથી, કે જે ઇટાલીના પિમોટે રિસોર્જિમેન્ટો ચળવળમાં ઇટાલીમાં ભાગ ભજવ્યો તેવો ભાગ ભજવવાનો સંભવ દર્શાવે. ભારતની વસ્તીના જે એક ચતુર્થાંશ ભાગના છે, તે લોકોમાં, બ્રિટિશ ઈન્ડિયામાં કોંગ્રેસની ચળવળ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલ હોય એવી લોકપ્રિય એક ચળવળ છે. બ્રિટિશ શાસનની સાથે જ રાજુકમારો સહજ રીતે અદશ્ય થઈ જશે, કારણ કે તેમની જ પ્રજામાં મોટાભાગે તેઓ જરાય લોકપ્રિય નથી. પરંતુ ભારતની સ્વતંત્રતામાં તેઓ કોઈ મુશ્કેલી ઊભી કરી શકે તેમ નથી, સરકારે કોઈ રડવાડાંને આધુનિક લશ્કર રાખવાની છૂટ આપી નથી. અપેક્ષાથી વિપરીત, જો રાજુકમારો કદાચ ક્રાંતિમાં જોડાય, તો તેમની સાથે સહજ રીતે સમાધાન થાય.

## આંતરરાષ્ટ્રીય સંબંધો

ભૂતકાળમાં ભારતની પડતીનાં કારણોમાંનું એક કારણ એ હતું કે બહારની દુનયાથી ભારત એકલું પડી ગયું હતું. તેથી, ભવિષ્યમાં ભારતે દુનિયાનાં બીજાં રાષ્ટ્રોની સાથે ઘનિષ્ઠ સંબંધ રાખવો ડપશે. ભારત ભૌગોલિક રીતે પૂર્વ અને પશ્ચિમની વચ્ચેના સ્થાનમાં છે, આ તથ્ય સંભવતઃ ભારતના સાંસ્કૃતિક ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે તેણે ભજવેલા ભાગ સાથે બંધબેસતું લાગે છે. એ તદ્દન સ્વાભાવિક છે, કે ભવિષ્યમાં, જે ત્રિવિધ સત્તાઓ ભારતના શત્રુની સામે હાલ લડી રહી છે, તેમની સાથે તો ખૂબ જ નિકટનો સંબંધ હોવો જોઈએ.

ભારતને તેના ઝડપી ઔદ્યોગિકીકરણ માટે, તેમજ તેનાં પાયદળ, નૌકાદળ અને હવાઈદળને સુવ્યવસ્થિત કરવા માટે, વિદેશમાંથી મદદ લેવી જરૂરી બનશે. તેથી, ભારતને સર્વ પ્રકારનાં યંત્રોની, વૈજ્ઞાનિક અને વિશિષ્ટ ઔદ્યોગિક જ્ઞાનની, સાધનોની તેમજ વિજ્ઞાનમાં અને વિશિષ્ટ ઉદ્યોગોમાં નિષ્ણાતોની જરૂર પડશે. તેને લશ્કરના નિષ્ણાતોની અને લશ્કરી સાધન-સરંજામની પોતાનું રાષ્ટ્રીય સંરક્ષણ સ્થાપવા માટે જરૂર પડશે. આ બબાતોમાં, ત્રિવિધ સત્તાઓ મૂલ્યવાન સંરક્ષણ સ્થાપવા માટે જરૂર પડશે. આ બાબતોમાં, ત્રિવિધ સત્તાઓ મૂલ્યવાન મદદ કરી શકે. સ્વતંત્ર ભારતમાં, જીવનધોરણ ઝડપથી ઊંચું જશે, અને તેના પરિણામ સ્વરૂપે ઘરાકી અથવા વપરાશ કૂદકે ને ભૂસકે આગળ વધશે. આમ, સ્વતંત્ર ભારત ઉત્પન્ન કરેલા માલ માટેનું મોટામાં મોટું બજાર થઈ જશે. બધા જ ઔદ્યોગિક રીતે આગળ વધેલા દેશો માટે રસનો વિષય બનશે.

વળતી સહાય તરીકે, માનવજાતનાં સમાન સંસ્કૃતિ અને સભ્યતામાં કાંઈક પ્રદાન કરી શકશે. ધર્મ અને તત્ત્વજ્ઞાનમાં, કોતરણી કામમાં, ચિત્રકામમાં, નૃત્ય અને સંગીતમાં તેમજ અન્ય કલાઓ અને હસ્તોદ્યોગમાં વિશ્વને માટે, કાંઈક અસામાન્ય એવો ફાળો ભારત આપી શકશે. અને જે પ્રગતિ થયેલી છે, તેને જોતાં, પરદેશી શાસનની અડચણો હોવા છતાં, મને ખાતરી છે કે વૈજ્ઞાનિક સંશોધનો અને ઔદ્યોગિક વિકાસમાં ભારત ઘણી જલદીથી સિદ્ધિ પ્રાપ્ત કરશે.

યુવાન ભારતને ભગીરથ કાર્ય પાર પાડવાનું છે. નિઃશંક ઘણી મુશ્કેલીઓ પડવાની છે, પરંતુ લડતમાં ઝઝૂમવાનો અને છેવટે જીત મેળવાનો આનંદ અને ગૌરવ પણ હશે.

(વેરિન્દર ગ્રોવર, ઓનેસ્ટ પબ્લિકેશન, અમદાવાદ)

## જન્મટીપની છેલ્લી રાત!

### વીર સાવરકર

એ મારી જનમટીપની છેલ્લી રાત હતી! પણ એ છેલ્લી હતી એ વાત આજે નક્કી કહી શકાય છે; તે રાત્રે એ છેલ્લી હતી એની ખાતરી ન હતી; છેલ્લી ન જ હોય એવીય કશી ખાતરી ન હતી. જો તે રાત જેલમાંની મારી છેલ્લી જ રાત હોત, કાંઈ નહિ તો જન્મટીપની સજાની એ છેલ્લી રાત હોત તો! – અહાહા! આ વખતે આવતી કાલે જે નિદ્રા ઉપર વૉર્ડરનો પહેરો નહિ હોય એવી સ્વચ્છંદ નિદ્રા, બારીઓ ખુલ્લી મૂકી હોય, જ્યાં ચાંદની પથરાઈ હોય, એવી ઓરડીમાં મને મળી રહેશે!

પણ આ છેલ્લી રાત ન હોય તો? ભલે, તોય કશો વાંધો નથી! આ જીવનની છેલ્લી રાત તો એ કેદખાનાની છેલ્લી રાત થવાની જ છે ને?

એ રાત્રે ઠંડી સખત હતી. જાન્યુઆરી માસ હોવા છતાં વરસાદનું એક ઝાપટું પડી ગયેલું. અમને ઓઢવાનું પૂરતું હતું નહિ. બે ચાદરો યરોડાની ટાઢને પહોંચી શકતી નહિ, પણ મારી પાસે વધારે કપડાં હતાં જ ક્યાં? એમાં પાછું વરસાદનું ઝાપટું! પાછલી ભીંતની બારીમાંથી છાંટા પડી પડીને એ ઓરડી ભિંજાઈ જવાથી તેમાં સૂવું અશક્ય જ થઈ પડ્યું. કપડાં ભિંજાયાં, એટલે એક ખૂણામાં શરીરને બને તેટલું સંકોચી લઈને એ અર્ધભીનાં વસ્ત્રો શરીરે લપેટીને દબાઈ બેઠો. એ ટાઢમાં ક્યાંક આંખ મિંચાઈ ન મિંચાઈ ત્યાં તો સવાર થઈ.

કેદખાનામાં આમ ખૂણે બેસી નીંદર લીધેલી કેટલીય રાતો પસાર કરી હશે, પણ આ તો છેલ્લી રાત હતી એટલે બરાબર યાદ રહી ગઈ.

સવારે હંમેશની જેમ કાર્યક્રમ શરૂ થયો. અગાઉ મદનલાલ ધિંગરાના ચરિત્ર વિષેનું વ્યાખ્યાન અર્ધું જ બાકી રહેલું. તે પૂરું કરવા માટે પાંચદસ કેદીઓને ઊભા ઊભા ઉત્તરાર્ધરૂપે કહી રહ્યો હતો, કારણ તે દિવસે બધાની સભા બોલાવી વ્યાખ્યાન કરવાની તક જ મળેલી નહિ.

ત્યાં તો ઑફિસમાંથી કોઈક બોલાવવાને આવ્યું. સાથે કોઈ વિશ્વાસપાત્ર અધિકારીએ સંદેશો મોકલાવેલોઃ ‘તમે છૂટી ગયા!’

મારા સહકારી, સહકષ્ટભોગી અને સહચર થઈ ગયેલા એ મિત્રોની – જેમના સહવાસમાં અંદામાનનાં અત્યંત કષ્ટપ્રદ વરસોનાં વરસો વિતાવેલાં, તેમની આંખોમાં આંસુ ઊભરાયાં! ને અમારી આંખમાં? – અમારી આંખમાં અને ચિત્તમાં એ મિત્રોને જેલમાં જ મૂકીને હું છૂટી જાઉં છું કે શું, એવા ભયે ધ્રુજારી ઉત્પન્ન કરી મૂકી! તે બધાએ અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં. એ વળગી પડ્યા. સાઠ સાઠ વરસના એ વૃદ્ધ શીખ ભાઈઓ ‘બાબુજી! આઈયે બાબુજી! હમકો ભૂલના નહિ.’ કહી કહીને ગળે વળગી પડવા લાગ્યા. ‘આપ અમારી પહેલાં સાત સાત વરસથી કાળાંપાણી સહી રહ્યા હતા તો વહેલા છૂટ્યા એમાં શું થઈ ગયું? આપનો છુટકારો એ અમારો જ છુટકારો છે! તમે છૂટ્યા એટલે અમારા છુટકારાનો રસ્તો ખુલ્લો થઈ જ ગયો છે. કાંઈ નહિ તો આપણી પ્રિયતમ માતૃભૂમિની મુક્તિનો માર્ગ તો કેટલેક અંશે બેશક ખુલ્લો થયો જ છે.’

અમે કહ્યુંઃ ‘હવે ઈશ્વર જે શક્તિ આપે, તે પ્રમાણે થશે. પણ ભાઈઓ! એક વાતની સાખ તમે પૂરશો કે આ કેદખાનાની યાતનાનાં જડબાંમાં ભરડાતો છતાં મેં જે ચૌદ-પંદર વરસ કાઢ્યાં છે તેમાંની આ છેલ્લી પળેય મેં તમારી સાથે તે જ ધ્યેયના સમર્થન માટે, તે જ ધ્યેયની પ્રાપ્તિ માટે ઝૂઝી રહેલા…!’

‘મારા હોઠ ઉપર, જ્યારે મને એ ભયાનક સજા મળી ત્યારે જે જયઘોષ નૃત્ય કરી રહ્યો હતો તે, એ શિક્ષા, આજે પોતાનાં બધાં ભય અને યાતનાઓ સામે મારું બલિદાન મૂકી મૂકીને થાકી જવાથી નશ્રેષ્ટ થતી

હતી તે વખતે ય, તે જ જયઘોષ મારા અને તમારા હોઠ ઉપર રહી નિનાદ કરી રહ્યો છે! બોલો, બોલો ! **સ્વાતંત્ર્યલક્ષ્મી કી જય!!'**

અમે બધાએ સ્વાતંત્ર્યલક્ષ્મીનો જયજયકાર કર્યો અને એકબીજાની રજા લીધી.

ઑફિસમાં આવ્યો કે તરત જ સુપરિન્ટેન્ડન્ટે મુક્તિની આજ્ઞા વાંચી સંભળાવી. પાંચ વરસ સુધી ચાલુ રાજકીય બાબતોમાં ભાગ ન લેવો અને રત્નાગિરી જિલ્લામાં જ સ્થાનબદ્ધ થઈ રહેવું, એ બે મુખ્ય શરતો નક્કી થઈ હતી. એમાં પસંદગી-નાપસંદગીનો સવાલ જ હતો નહિ. આજે ને આજે ક્યાંઈ ન રોકાતાં તમારે રત્નાગિરી ઊપડી જવું જોઈએ, એમ કહેવામાં આવ્યું. કેદીનો પહેરવેશ કાઢી નાખી ઘરનાં કપડાં પહેરવાની આજ્ઞા મળી. જેલમાંહેની એ છેલ્લી આજ્ઞા હતી!

મુંબઈની ડુંગરીની જેલમાં ૧૯૧૧ની સાલમાં ઘરના કપડાં ઉતારેલાં; આજે ૧૯૨૪ની સાલમાં તે ફરીથી પહેલી લીધાં!

મનમાં એક પ્રકારનો વિષાદપૂર્ણ આરામ, કાંઈક ઉદાસ આનંદ થવા માંડ્યો. એ સુપરિન્ટેન્ડન્ટે ઉદાર અને સીધી રીતે મને અભિનંદન આપ્યાં, 'હવે બરાબર સાવચેતીથી ચાલજો.' આ શબ્દો છેક નિષ્કપટ ભાવથી કહ્યા.

'હવે સાચવીને ચાલજો.' એ શબ્દોમાં મારા આનંદની ઉદાસીનતાનું કારણ છુપાયું હતું.

જેલમાંના મારા બધા દેશભાઈઓ – કેદીઓ અને નાનાથી મોટા સુધીના બધા અમલદારો મારી આસપાસ ભેગા થયા અને બોલ્યા : 'રામની જેમ ચૌદ વરસ વનવાસ વેઠ્યો; ધન્ય છે! આજ આપણા દેશનો આનંદ ગગનમાં નહિ માય!'

એ પ્રમપૂર્ણ સ્વાગતનો સ્વીકાર કર્યા પછીય આટલું બોલ્યા વિના અમારાથી રહી શકાયું નહિ કે 'એક જ, પણ અત્યંત મહત્ત્વપૂર્ણ ખામી આ તુલના કર્યા પછી આપણા મનને વેદના ઉત્પન્ન કરાવે છે, કે રામે... કર્યું! ને મેં વનવાસ વેઠ્યો ખરો!... ... એ કાર્ય થશે, ત્યારે ખરો વનવાસ પૂરો થશે! અને ઈશ્વરની દયા હશે તો તે કાર્ય પણ આ આંશિક કાર્યની જેમ સફળ થશે!'

મને લઈ જવાને મારાં સગાંવહાલાં આવેલાં. જેલનું બારણું ઊઘડ્યું. હું બહાર નીકળ્યો. કેટકેટલી યુક્તિપ્રયુક્તિઓ પછી બહાર પડી શક્યો હતો? કેદખાનાના તાળાની કૂંચીના કાણામાંથી જ બહાર નીકળેલો!

આખરે હું છૂટ્યો ખરો! એક ક્ષણ જરા આસપાસ જોયું. મનમાં કહ્યું: 'આ જન્મટીપમાંથી છૂટ્યો ખરો – પણ કોને ખબર...! કેદખાનાને હંમેશાંના રામરામ કરવાનો વખત હજી આવ્યો નથી. એનો પરિચય એકદમ ભૂલી ગયે નહિ ચાલે. માર્સેલ્યસમાંય આવી જ રીતે છૂટી ગયેલો – છટકી ગયેલો! એવો જ આ છુટકારો કેમ નહિ હોય?'

મિત્રો સાથે આવી આવી વાતો કરતો ને હસતો મોટરમાં બેઠો. તેનાં ચક્ર ચાલ્યાં, ને જન્મટીપની સીમાને ઓળંગી જીવનની સીમામાં તેણે અમને આણીને પહોંચાડ્યા!

આ જીવનની સીમામાં પગ મૂક્યો કે તરત જ મારા આખા દેશે કૃતજ્ઞ સ્વાગતના પ્રેમપૂર્ણ આલિંગનથી મારી જાતનુંય મને વિસ્મરણ કરાવ્યું. પહેલે જ દિવસે હું મારી માતૃભૂમિને ઘેર જાણે પોતાને ઘેર હોઉં એમ રહેવા લાગ્યો! એણે 'શાબાશ! વીરા, શાબાશ!' એમ કહી શાબાશી આપી કે તરત જ આ જન્મટીપના ઊંડા ઊંડા જખમ પૂરેપૂરા રુઝાઈ ગયા. તેને વિષે જો કાંઈ બાકી રહ્યું હોય, તો તે કેવળ તે જન્મટીપનાં – **'આંદામાનનાં સંસ્મરણો જ!'**

એટલા જ માટે ફાંસીની વિષપૂર્ણ છાયા જ્યારે દેહ ઉપર પડી ત્યારે તેનું એ હલાહલ સહેવાની તાકાત મને મળે, એ હેતુથી દેવીની જે માતૃમૂર્તિનું ગ્રંથારંભે અમે આવાહ્ન કહેલું, તેનો હવે કૃતજ્ઞભાવે આભાર માનીને અમે હમણાં તો વિસર્જન કરીએ છીએ!

(વીર સાવરકર, મારી જન્મટીપ,
આર.આર. શેઠની કંપની, અમદાવાદ)

# મારું હિંદનું દર્શન

જવાહરલાલ નેહરુ

## સ્વતંત્રતા અને સામ્રાજ્ય

યુનાઈટેડ સ્ટેટ્સ અને સોવિયેટ રશિયા ભવિષ્યમાં મહત્ત્વનો ભાગ ભજવનાર છે. આગળ વધેલા કોઈપણ બે દેશો હોઈ શકે એટલા તેઓ એકબીજાથી ભિન્ન છે અને તેમના દોષો સુદ્ધાં સામસામી દિશામાં છે. કેવળ રાજકીય લોકશાહીનાં બધાં અનિષ્ટ તત્ત્વો યુનાઈટેડ સ્ટેટ્સમાં નજરે પડે છે અને રાજકીય લોકશાહીના અભાવનાં અનિષ્ટ તત્ત્વો સોવિયેટ રશિયામાં મોજુદ છે. અને છતાં એ બંનેમાં સમાન વસ્તુઓ પણ ઘણી છે; જેમ કે ક્રિયાશીલ દૃષ્ટિ અને અખૂટ સાધનસંપત્તિ, સામાજિક પ્રવાહિતા, મધ્યકાલીન ભૂમિકાનો અભાવ, વિજ્ઞાન અને તેના વિનિયોગ વિષેની શ્રદ્ધા ને બહોળી કેળવણી અને પ્રજાને માટે પૂરતી તકો. અમેરિકામાં આવકની અસામનતા મોટી છે પણ દુનિયાના ઘણાખરા દેશોની પેઠે ત્યાં પરાપૂર્વથી ચાલતા આવેલા રૂઢ વર્ગો નથી અને સમાનતાની લાગણી પ્રવર્તે છે. આમજનતાની સાંસ્કૃતિક સિદ્ધિઓ તેમજ તેની કેળવણીમાં જબરદસ્ત પ્રગતિ એ રશિયાની છેલ્લા વીસ વરસોની સૌથી મહત્ત્વની ઘટના છે. એમ એ બંને દેશોમાં પ્રગતિશીલ અને લોકશાહી ધોરણના સમાજ માટેની આવશ્યક ભૂમિકા મોજૂદ છે, કેમ કે, અજ્ઞાન અને ઉદાસીન લોકો પરના મૂઠીભર બુદ્ધિજીવી લોકોના શાસનના પાયા પર એવા પ્રકારનો સમાજ રચી શકાય નહીં. વળી કેળવણી અને સંસ્કૃતિની દૃષ્ટિએ આગળ વધેલી પ્રજા પર એવા બુદ્ધિજીવી લોકોનું આધિપત્ય લાંબા કાળ સુધી ચાલી શકે પણ નહીં.

સો વરસ પર તે સમયના અમેરિકન લોકો વિષે ચર્ચા કરતાં દ ટૉક્વીલે કહ્યું હતુંઃ ‘લોકશાહીનો સિદ્ધાંત એક બાજુ કેવળ વિજ્ઞાનની ઉપાસનાને ખાતર વિજ્ઞાનની ખિલવણી કરવા તરફ ન વાળતો હોય તો બીજી બાજુએ વિજ્ઞાનની ખિલવણી કરનારાઓની સંખ્યામાં ખસૂસ જબરદસ્ત વધારો કરે જ છે... અસમાનતાની કાયમી સ્થિતિ માણસોને પોતાની સઘળી વિચારશક્તિ અહંભાવી અને તાર્કિક સત્યોના વિફલ સંશોધનમાં ખરચવાને પ્રેરે છે, જ્યારે લોકશાહીની સામાજિક પરિસ્થિતિ તેમજ સંસ્થાઓ તેમને વિજ્ઞાનનાં તાત્કાલિક અને વહેવારમાં ઉપયોગી થઈ પડે એવાં પરિણામો શોધવાને માટે તૈયાર કરે છે. એ વલણ સ્વાભાવિક અને અનિવાર્ય છે.’ એ પછી અમેરિકા સારી પેઠે વિકસ્યું ને બદલાયું છે અને તે અનેક જાતિઓના મેળા સમું બની ગયું છે. પણ તેની મૂળભૂત વિશિષ્ટતાઓ ટકી રહી છે.

અમેરિકનો અને રશિયનોની બીજી એક સામાન્ય વિશિષ્ટતા એ છે કે તેમના ખભા પર ભૂતકાળનો મોટો બોજો દલાયેલો નથી. એ બોજો એશિયા તેમજ યુરોપને સંતાપી રહ્યો છે અને તેમની પ્રવૃત્તિઓ અને સંઘર્ષો ઘણે અંશે તેમાંથી ઉદ્ભવ્યાં છે. બેશક, તેઓ ચાલુ પેઢીના જબરદસ્ત બોજામાંથી ઊગરી શકે એમ નથી. કોઈ પણ એમાંથી ઊગરી શકે એમ નથી. પણ બીજી પ્રજાઓને મુકાબલે તેમનો ભૂતકાળ વધારે સ્પષ્ટ છે અને તેમની ભવિષ્યની મુસાફરી માટે તેમના માથા પરનો બોજો ઓછો છે.

એથી તેઓ પરસ્પરના અવિશ્વાસની ભૂમિકા વિના બીજી પ્રજાઓ સાથે સમાગમમાં આવી શકે છે. એ અવિશ્વાસ સુસ્થિત સામ્રાજ્યવાદી રાષ્ટ્રોના બીજા રાષ્ટ્રો સાથેના સંપર્કની સાથે હંમેશાં સંકળાયેલા હોય છે. તેમનો ભૂતકાળ સર્વથા નિષ્કલંક અથવા અવિશ્વાસરહિત છે એવું કહેવાનો આશય નથી. અમેરિકનોની આગળ તેમના હબસીઓનો પ્રશ્ન પડેલો છે. એ તેમની લોકશાહી અને સમાનતાની વાતોને હંમેશાં દૂષિત કરે છે. રશિયનોએ પૂર્વ યુરોપમાં ભૂતકાળના દ્વેષોની સ્મૃતિઓ હજી ભૂંસી નાખવાની રહી છે. ચાલુ યુદ્ધ તેમાં ઉમેરો કરતું જાય છે. આમ છતાં અમેરિકનો બીજા દેશો સાથે સહેલાઈથી મૈત્રી કરી શકે છે. રશિયનોમાં જાતિની

સરસાઈ અથવા જાતિદ્વેષનું લગભગ નામનિશાન નથી એમ કહી શકાય.

યુરોપનાં મોટા ભાગનાં રાષ્ટ્રો પરસ્પરના રાગદ્વેષો, સંઘર્ષો તેમજ અન્યાયોથી ભરપૂર છે. સામ્રાજ્યવાદી સત્તાઓએ તેમના અલ નીચેની પ્રજાઓના તેમના પ્રત્યેના તીવ્ર અણગમાનો અનિવાર્ય રીતે એમાં ઉમેરો કર્યો છે. ઈંગ્લેંડના લાંબા સમયના સામ્રાજ્યવાદી અમલને લીધે તેના પરનો બોજો સૌથી વધારે છે. આને લીધે અથવા જાતિની ખાસિયતને લીધે અંગ્રેજો સુગાળવા ને અતડા બની ગયા છે અને બીજાઓ સાથે તેઓ સહેલાઈથી મૈત્રી કરી શકતા નથી. દુર્ભાગ્યે પરદેશોમાં તેમની કિંમત તેમના સરકારી પ્રતિનિધિઓથી અંકાય છે. અંગ્રેજ પ્રજાના ઉદાર વલણ તેમજ સંસ્કારિતાના પ્રતિનિધિ તેમને ભાગ્યે જ લેખી શકાય. તેમનામાં ઘણીવાર હલકટપણું અને ધાર્મિકતાના ડોળનું મિશ્રણ થયેલું હોય છે. આ સરકારી અધિકારીઓને બીજાઓને વિરોધી બનાવવાની ખાસ આવડત હોય છે. થોડાક માસ પર હિંદી સરકારના એક સેક્રેટરીએ ગાંધીજી પર અટકાયતમાં હતા ત્યારે સરકાર તરફથી એક પત્ર લખ્યો હતો. ઈરાદાપૂર્વકની ઉદ્ધતાઈનો એ નમૂનો છે. એ પત્રને પ્રજાના ઘણા મોટા ભાગે હિંદી પ્રજાના ઈરાદાપૂર્વકના અપમાન તરીકે લેખ્યો હતો. કેમ કે, ગાંધીજી હિંદી પ્રજાના પ્રતીક સમા બની ગયા છે.

ભવિષ્યમાં શું થનાર છે? સામ્રાજ્યવાદનો બીજો યુગ શરૂ થશે કે પછી આંતરરાષ્ટ્રીય સહકાર અથવા જગદ્રાષ્ટ્રોનો યુગ આરંભાશે? પલ્લું સામ્રાજ્યના યુગ તરફ ઢળતું દેખાય છે અને જૂની દલીલોનો પુનરુચ્ચાર કરવામાં આવે છે, પણ તેમાં પહેલાંના જેટલી નિખાલસતા રહી નથી. માનવજાતની નૈતિક આકાંક્ષાઓ તેમ જ તેણે આપેલાં બલિદાનોનો હીન ધ્યેયો સાધવાને માટે ઉપયોગ કરવામાં આવે છે, રાજકર્તાઓ માનવીની ભલાઈ અન ખાનદાનીનો દુષ્ટ હેતુને અર્થે દુરુપયોગ કરે છે અને પ્રજાની ભીતિઓ, રાગદ્વેષો, ને ખોટી મહત્ત્વાકાંક્ષાઓનો ગેરલાભ ઉઠાવે છે. પ્રાચીન સમયમાં લોકો સામ્રાજ્યના સંબંધમાં વધારે સ્પષ્ટવક્તા હતા. ઍથેન્સના સામ્રાજ્યને વિશે થ્યુસીડાઈડ્સે લખ્યું છેઃ 'બર્બર લોકોને અમે એકલે હાથે હરાવ્યા, એથી અથવા અમારા આશ્રિતો અને સંસ્કૃતિને ખાતર અમે અમારી હસ્તી જોખમાવી એ કારણે અમે સામ્રાજ્યના હકના અધિકારી છીએ એવો રૂડોરૂપાળો દાવો અમે નથી કરતા. પોતાની સલામતીનો યોગ્ય બંદોબસ્ત કરવાને માટે માણસોની પેઠે રાજ્યોને પણ દોષ ન દઈ શકાય. હમણાં અમે સિસિલીમાં છીએ તે અમારી પોતાની સલામતીને અર્થે જ... ડરના માર્યા જ ગ્રીસમાંના અમારા સામ્રાજ્યને અમે વળગી રહીએ છીએ અને ડરના માર્યા જ અમે અમારા મિત્રોની મદદથી સિસિલીમાં વ્યવસ્થા સ્થાપવાને આવ્યા છીએ.' વળી ઍથેન્સનાં સંસ્થાનોની ખંડણીનો ઉલ્લેખ કરતાં કહે છેઃ 'ખંડણી લેવી એ દુષ્ટતાભર્યું લાગવા સંભવ છે, પરંતુ એ જતી કરવી એ ખચીત મૂર્ખાઈ થઈને જ રહે.'

ઍથેન્સનો ઈતિહાસ લોકશાહી સાથે સામ્રાજ્યની વિસંગતિના, લોકશાહી રાજ્યના પોતનાં સંસ્થાનો પરના જુલમી અમલના, એ સામ્રાજ્યની ઝડપી અવનતિ અને પતનના પાઠોથી ભરપૂર છે. સ્વતંત્રતા અને સામ્રાજ્યનો કોઈ પણ પુરસ્કર્તા આજે થ્યુસીડાઈડ્સના જેટલી સરસ રીતે અને તેના જેટલી છટાદાર વાણીમાં પોતાનો કેસ રજૂ કરી શકે એમ નથીઃ 'અમે સંસ્કૃતિના ધુરંધરો અને માનવજાતના અગ્રેસરો છીએ. અમારો સમાજ અને અમારો સંપર્ક એ માણસ આપી શકે એવી સર્વશ્રેષ્ટ વસ્તુ છે. અમારા પ્રભાવના વર્તુળની અંદર હોવું એ પરાધીનતા નહીં પણ અમોલો લહાવો છે. અમે જ સમૃદ્ધ વારસો બક્ષીએ છીએ તેનું ઋણ પૂર્વની સઘળી ધનદોલતથી ફેડી શકાય એમ નથી. એથી અમારા તરફ ખેંચાઈ આવતી સાધનસંપત્તિ અને નાણાંનો ઉપયોગ કરતા કરતા, પ્રસન્નતાપૂર્વક અમે કામ કરી શકીએ છીએ. કેમ કે અમને પૂરો વિશ્વાસ છે કે તેઓ ચાહે તેટલો પ્રયાસ કરે તોયે અમે લેણદાર જ રહેવાના છીએ. ભારે પરિશ્રમ કરીને અમે યાતનાઓ વેઠીને તેમ જ અનેક રણક્ષેત્રો પર અમે માનવીની સત્તાની ચાવી પામ્યા છીએ; જે માનવીના સુખની પણ ચાવી છે. માણસોએ ભિન્ન ભિન્ન નામોથી એની અટકળ કરી છે. પણ અમે એકલાએ જ એ વસ્તુ સિદ્ધ કરી છે અને અમારા નગરમાં તેની સ્થાપના કરી છે. અને અમે એને 'સ્વતંત્રતા'ના નામથી ઓળખીએ છીએ, કેમ કે, તેણે અમને શીખવ્યું છે કે કર્તવ્યપાલન એ જ સ્વતંત્રતા છે. સ્વાર્થને ખાતર નહીં પણ સ્વતંત્રતાના ભયરહિત

આત્મવિશ્વાસથી સમગ્ર માનવજાતમાં અમે એકલા જ અમારો લાભ સૌને શાથી આપીએ છીએ એ તમે જાણો છો ખરા?'

સ્વતંત્રતા અને લોકશાહીની આટઆટલા જોરશોરથી જાહેરાતો કરવામાં આવે છે તે છતાં થોડા લોકોમાં તે મર્યાદિત રહી છે એવા આજના દિવસોમાં પણ ઉપરના ફકરામાં આપણને સુપરિચિત રણકો સંભળાય છે. એમાં સત્ય છે અને સત્યનો ઇન્કાર પણ છે. બાકીની માનવજાત વિષે થ્યુસીડાઈડ્સને કશી ખબર નહોતી અને તેની દૃષ્ટિ ભૂમધ્ય સમુદ્રના કાંઠા પરના દેશો પૂરતી મર્યાદિત હતી. તે પોતાના મશહૂર નગરની સ્વતંત્રતા માટે ગર્વ લે છે અને એ સ્વતંત્રતાની માનવી સુખ અને માનવી સત્તાની ચાવી તરીકે પ્રશંસા કરે છે. આમ છતાં એ સ્વતંત્રતાને માટે બીજાઓ પણ ઝંખતા હતા એ તેને સમજાતું નથી. સ્વાતંત્ર્યપ્રેમી ઍથેન્સે મેલોઝનું નગર લૂંટીને બાળી મૂક્યું અને ત્યાંના પુખ્ત વયના બધા પુરુષોને મારી નાખ્યા તેમ જ ત્યાંનાં બાળકો અને સ્ત્રીઓને ગુલામ તરીકે વેચી દીધાં. ઍથેન્સના સામ્રાજ્ય તેમ જ તેની સ્વતંત્રતા વિશે થ્યુસીડાઈડ્સ લખી રહ્યો હતો તે વખતે પણ એ સામ્રાજ્ય ભાંગી પડ્યું હતું અને એ સ્વતંત્રતા રહી નહોતી.

કેમ કે, સ્વતંત્રતાને આધિપત્ય તથા ગુલામી સાથે લાંબા વખત સુધી સાંકળી રાખી શકાતી નથી. એક બીજા પર સવાર થઈ બેસે છે અને સામ્રાજ્યના ગર્વ ને જાહોજલાલી તેમ જ તેના પતન વચ્ચેનો ટૂંકો ગાળો જોતાં એ ચાર દિવસનું ચાંદરણું હોય છે. પહેલાંના કોઈ પણ સમય કરતાં સ્વતંત્રતા આજે વિશેષતઃ અવિભાજ્ય બની છે. પેરિક્લિસે પોતાના પ્રીતિપાત્ર શહેરની ભારે પ્રશસ્તિ કરી તે પછી થોડા જ વખતમાં તેનું પતન થયું. અને તેના કિલ્લાનો સ્પાર્ટાની લશ્કરી ટુકડીએ કબજો લીધો. અને એમ છતાં તેના શબ્દો તેમના સૌંદર્યપ્રેમ અને શાણપણ તેમ જ સ્વતંત્રતા અને ધૈર્યને માટે આજે પણ આપણાં દિલ હલમલાવી મૂકે છે. એ કેવળ તેના સમયના ઍથેન્સને જ નહીં પણ વ્યાપક સંદર્ભમાં સમગ્ર દુનિયાને લાગુ પડે છે. 'આપણે ઉટાઉપણા વિના સૌંદર્યના અને નામર્દાઈ વિના શાણપણના ચાહકો છીએ. ધનદોલત આપણે મન કેવળ મોટાઈ માણવા માટેની વસ્તુ નથી પણ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટેની તક છે. ગરીબાઈનો સ્વીકાર કરતાં આપણને નાનમ લાગતી નથી પણ તેને ટાળવાનો કશો પ્રયાસ ન કરતાં હાથપગ જોડીને બેસી રહેવું એને આપણે ખરી અવનતિ લેખીએ છીએ... યુદ્ધમાં વીરતા દાખવવી એ કેટલી બધી ઉમદા વસ્તુ છે એવી વારંવાર કરવામાં આવતી દલીલમાંથી નહીં પણ આપણા નગરના રોજેરોજના વ્યવસાયભર્યા જીવનમાંથી આપણે સામર્થ્ય મેળવીએ, તેને વિશે પ્રેમ રાખીએ, તેની સઘળી મહત્તા, યોદ્ધાની વીરતાવાળા, કર્તવ્ય વિષેની શાણા પુરુષની સમજ ધરાવનારા તથા સદાચારી માણસના આત્મસંયમથી તેનું પાલન કરનારા માણસોને – કોઈ પણ અગ્નિપરીક્ષામાં નિષ્ફળ ન નીવડનારા, નગરની કોઈ પણ પ્રકારની સેવામાં તત્પર રહેનારના તેમ જ તેને ખાતર પોતાનાં જીવન સર્વોત્તમ આહુતિ તરીકે હોમી દેનાર માણસોને આભારી છે, એ વસ્તુ યાદ રાખીએ. આથી તેમણે પ્રજાતંત્રને ચરણે પોતાના દેહ ધરી દીધા, દરેકે પોતાની યાદગીરી તરીકે અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી અને તેની સાથે ભવ્યમાં ભવ્ય સમાધિ પણ તેને સાંપડી. જેની નીચે તેમનાં નાશવંત હાડ-માંસ દાટવામાં આવ્યાં છે એવી પથ્થર-ચૂનાની એ સમાધિ નથી. તેમણે લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું છે, ત્યાં એમની સ્મૃતિ અને કીર્તિ સદૈવ તાજી રહે છે અને પ્રસંગ ઉપસ્થિત થતાં તેમનાં વાણી તેમ જ કાર્યને પ્રેરે છે. કેમ કે, સમગ્ર પૃથ્વી મશહૂર પુરુષોની સમાધિ છે અને તેમની યશોગાથા કેવળ તેમની માતૃભૂમિની શિલા પર જ કોતરાયેલી નથી હોતી. કોઈપણ પ્રકારના પ્રકટ ચિહ્ન વિના, દૂર દૂર બીજા માણસોનાં જીવનમાં વણાઈને તે જીવતી રહે છે. તમારે માટે હવે, તેમણે જે કરી બતાવ્યું હતું તેની સાથે હોડમાં ઊતરવાનું રહે છે અને સુખની ચાવી સ્વતંત્રતા છે ને સ્વતંત્રતાની ચાવી વીર હૃદજયમાં છે એ સમજીને દુશ્મનનાં હમલાથી દૂર ભાગી હાથપગ જોડીને બાજુએ ઊભા રહેવાનું નથી.'

(આ ઉતારાઓ આલ્ફ્રેડ ઝીમરેનના ધિ ગ્રિક કૉમનવેલ્થ નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે.)

(નવજીવન પ્રકાશન, અમદાવાદ)

## મારો પોતાનો અનુભવ

**મો.ક. ગાંધી**

મારા પોતાના અનુભવનું એક પ્રકરણ અહીં આપી દઉં. હું બાર વરસનો થયો ત્યાં સુધી મને જે જ્ઞાન મળ્યું તે બધું મારી માતૃભાષા ગુજરાતી મારફતે મળેલું. તે વખતે હું ગણિત, ઇતિહાસ અને ભૂગોળ થોડાં થોડાં શીખેલો. પછી હું હાઈસ્કૂલમાં દાખલ થયો. ત્યાં પહેલાં ત્રણ વરસ તો માતૃભાષા મારફતે શિક્ષણ અપાતું. પણ શિક્ષકનું કામ વિદ્યાર્થીના મગજમાં અંગ્રેજી ઠાંસી ઠાંસીને ભરવાનું હતું. એટલે અમારો અડધા ઉપરાંતનો સમય અંગ્રેજી ભણવામાં અને તેનાં કોઈ જાતના ધોરણ વગરનાં જોડણી ને ઉચ્ચારો શીખવામાં જતો. જે ભાષા લખાય છે તેવી રીતે બોલાતી નથી તે શીખવી પડશે એવી ખબર પડતાં દુઃખ થયેલું. એ ભાષાની જોડણી મોઢે કરવી એ વિચિત્ર અનુભવ હતો. પણ એ આડી વાત થઈ, ને મારી આ વિષયની દલીલમાં પ્રસ્તુત નથી. છતાં પહેલાં ત્રણ વરસ તો મારું ગાડું પ્રમાણમાં સરળતાથી ચાલ્યું.

ખરી મુસીબત ચોથા વરસથી શરૂ થઈ. ભૂમિતિ, બીજગણિત, રસાયણશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ બધું અંગ્રેજી મારફતે શીખવું પડતું. અંગ્રેજીનો જુલમ એવો ભારે હતો કે સંસ્કૃત અથવા ફારસી સુધ્ધાં માતૃભાષા દ્વારા નહીં પણ અંગ્રેજી મારફતે શીખવું પડતું. કોઈ છોકરો વર્ગમાં પોતાને સમજાતી ગુજરાતી ભાષામાં બોલતો તો તેને સજા થતી. છોકરો ભરમાળી અગ્રેજી બોલે, તેના ઉચ્ચાર ખરા ન કરી શકે કે પૂરી સમજે નહીં તેની શિક્ષકને પરવા નહોતી. શા સારું હોય? એમનું પોતાનું અંગ્રેજી કંઈ દોષ વિનાનું નહોતું. એથી બીજું હોય પણ શું? અંગ્રેજી જેટલી શિક્ષકના વિદ્યાર્થીઓને માટે તેટલી જ તેમને માટે પણ વિદેશી ભાષા હતી. પરિણામ અંધેરમાં આવતું. અમારે છોકરાઓને ઘણી ચીજો ગોખીને મોઢે કરવી પડતી; અમે જોકે એ પૂરી સમજતા નહીં, ને ઘણી વાર તો બિલકુલ સમજતા નહીં. શિક્ષક એમનું ભૂમિતિનું વિવરણ અમને સમજાવવાની મથામણ કરતા તે વખતે મારા મગજમાં ચકરી આવતી. અમે યુક્લિડના પ્રથમ પુસ્તકના તેરમા પ્રમેય પર પહોંચ્યા ત્યાં લગી મને ભૂમિતિનો અક્ષરસરખો સમજાયો નહોતો. અને હું વચાકની આગળ એટલું કબૂલ કરી દઉં કે માતૃભાષા પર મારો ઊંડો પ્રેમ હોવા છતાં ભૂમિતિ, બીજગણિત વગેરેના ગુજરતી પર્યાય શબ્દો હું આજે પણ જાણતો નથી. હું હવે સમજ્યો છું કે મને અંકગણિત, ભૂમિતિ, બીજગણિત, રસાયણશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રના જેટલા ભાગ શીખતાં ચાર વરસ લાગ્યાં તેટલા એ વિષયો અંગ્રેજી મારફતે નહીં પણ ગુજરાતી મારફતે શીખવાના હોત તો સહેલાઈથી એક વરસમાં શીખી જાત. વળી, એ વિષયો હું વધારે સહેલાઈથી ને વધારે સ્પષ્ટપણે ગ્રહણ કરી શકત. મારું ગુજરાતી શબ્દભંડોળ વધારે વિશાળ થાત. એવા જ્ઞાનનો ઉપયોગ મેં મારા ઘરમાં કર્યો હોત. અંગ્રેજી મારફતે ભણવાને લીધે મારી ને મારાં અંગ્રેજી નિશાળે નહીં ગયેલાં કુટુંબીજનોની વચ્ચે પહાડ જેવો દુર્ગમ અંતરાય ઊભો થયો. હું શું કરતો હતો એની મારા પિતાને કશી ખબર પડતી નહીં. હું જે ભણતો હતો તેમાં મારા પિતાને રસ લેવડાવવાની મારી ઇચ્છા હોત તોયે મારાથી એ બની ન શકત કેમ કે એમનામાં બુદ્ધિ ઘણી હતી, પણ એમને અંગ્રેજીનો અક્ષર પણ આવડતો નહોતો. હું મારા પોતાના ઘરમાં જ ઝપાટાભેર પરાયો બનતો જતો હતો. હું બીજા કરતાં ચડિયાતો હોઉં એવો તો બન્યો જ હતો. મારા પહેરવેશમાં પણ દેખાઈ આવે એવા ફેરફાર થવા લાગ્યા. મારે વિષે જે બન્યું તે કંઈ અસાધારણ અનુભવ ન હતો. ઘણખરા છોકરાઓની એ જ સ્થિતિ હતી.

હાઈસ્કૂલનાં પહેલાં ત્રણ વરસોએ મારા સામાન્ય જ્ઞાનના ભંડોળમાં નહીં જેવો જ ઉમેરો કર્યો. એ વરસો છોકરાઓને દરેક વિષય અંગ્રેજી દ્વારા શીખવવા માટે લાયક બનાવવાની તૈયારીનાં હતાં. હાઈસ્કૂલો એ

અંગ્રેજોની સંસ્કૃતિના વિજય માટેની નિશાળો હતી. મારી હાઈસ્કૂલના ત્રણસો છોકરાઓએ મેળવેલું જ્ઞાન અમારી આગવી મૂડી જેવું થઈ પડ્યું. એ જનસમૂહને પહોંચાડવા માટે હતું જ નહીં.

બે શબ્દ સાહિત્ય વિષે. અમારે અંગ્રેજી ગદ્ય અને પદ્યની કેટલીયે ચોપડીઓ ભણવી પડતી. એ બધું બેશક મજાનું હતું. પણ એ જ્ઞાન મને જે જનસમૂહની સેવા કરવામાં કે તેનો સંપર્ક સાધવામાં બિલકુલ કામ આવ્યું નથી. હું જે અંગ્રેજી ગદ્યપદ્ય શીખ્યો તે ન શીખ્યો હોત તો મેં કંઈક વિરલ ને અમૂલ્ય વસ્તુ ગુમાવી હોત એમ કહી શકતો નથી. એને બદલે એ સાત કીમતી વરસો મેં ગુજરાતી શીખવામાં ગાળ્યાં હોત, અને ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત અને બીજા વિષયો હું ગુજરાતી વાટે શીખ્યો હોત તો મેં મેળવેલું જ્ઞાન હું મારા પડોશીઓને સહેલાઈથી આપી શક્યો હોત.. મેં ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં ઉમેરો કર્યો હોત. અને મારી એકાગ્રપણે કામ કરવાની ટેવ વડે તેમ જ સ્વદેશ તથા માતૃભાષાના મારા અગાધ પ્રેમ વડે મેં જનસમૂહની સેવામાં વધારે સારો ને વધારે મોટો ફાળો ન આપ્યો હોત એમ કોણ કહી શકે?

હું અંગ્રેજી ભાષાને કે એના ઉદાત્ત સાહિત્યને ઉતારી પાડવા માગું છું એમ કોઈ ન સમજે. મને અંગ્રેજી ભાષાને વિષે કેટલો અનુરાગ છે એનો પૂરતો પુરાવો ‘હરિજન’ના પાનાં આપે છે. પણ ઈંગ્લેંડની સમશીતોષ્ણ આબોહવા કે એનાં નૈસર્ગિક દૃશ્યો હિંદી પ્રજાને જેમ કામ ન આવે તેમ ઈંગ્લેંડના સાહિત્યની. ઉદાત્તતા પણ એને કામ આવવાની નથી. હિંદુસ્તાનનાં આબોહવા, નૈસર્ગિક દૃશ્યો અને સાહિત્ય ઈંગ્લેંડના કરતાં ઊતરતાં પ્રકારનાં હોય તો પણ તેણે પોતાનાં જ આબોહવા, નૈસર્ગિક દૃશ્યો અને સાહિત્યમાં પોતાનો વિકાસ સાધવો રહ્યો છે. આપણે ને આપણાં બાળકોએ આપણા પોતાના જ વારસા પર આપણી ઈમારત ચણવી રહી છે. આપણે બીજો વારસો ઉછીનો લઈએ તો આપણા વારસાને દરિદ્ર બનાવવાના. આપણે વિદેશી આહાર ખાઈને કદી હૃષ્ટપૃષ્ટ થવાના નથી. અંગ્રેજી ભાષામાં જ નહીં, જગતની બીજી ભાષાઓમાં ભરેલા રત્નભંડાર પણ આપણું રાષ્ટ્ર પોતાની દેશી ભાષાઓ મારફતે મેળવે એમ હું ઈચ્છું છું. રવીન્દ્રનાથની અપ્રતિમ કૃતિઓનો રસાસ્વાદ લેવાને મારે બંગાળી ભાષા શીખળાની જરૂર નથી. હું એ સારા અનુવાદો દ્વારા મેળવી શકું. ટૉલસ્ટૉયની આખ્યાયિકાઓનો રસ લેવાને સારુ ગુજરાતી છોકરાછોકરીઓને રશિયન ભાષા શીખવાની જરૂર નથી. તેઓ એ વાર્તાઓ સારા અુવાદકો વાટે શીખી શકે. અંગ્રેજો ગર્વપૂર્વક કહે છે કે જગતનો સારામાં સારો સાહિત્યનો ફાલ પ્રસિદ્ધ થયા પછી એક અઠવાડિયાની અંદર સાદા અંગ્રેજીમાં અંગ્રેજ પ્રજાના હાથમાં પડેલો જ હોય છે; શેક્સ્પિયરે અને મિલ્ટને જે વિચાર્યું ને લખ્યું તેના શ્રેષ્ઠ ભાગો જાણવાને સારુ મારે અંગ્રેજી શીખવાની જરૂર હોવી જ જોઈએ એવું નથી.

જગતની જુદી જુદી ભાષામાં શીખવા જેવું જે સર્વોત્તમ સાહિત્ય હોય તે શીખીને તેના દેશી ભાષામાં અનુવાદ આપવા એ જ જેનો વ્યવસાય હોય એવા વિદ્યાર્થીઓનો એક વર્ગ નોખો રાખવો એમાં દેશનાં દ્રવ્ય અને શક્તિ બંનેની સારી બચત થાય એમ છે. આપણા રાજ્યકર્તાઓએ આપણે માટે ખોટો રસ્તો પસંદ કર્યો અને ટેવને લીધે આપણે ખોટાને ખરું મનતા થઈ ગયા છીએ.

આપણી ખોટી, અરાષ્ટ્રી, આપણને હિંદી મટાડી દેનારી કેળવણીને લીધે આપણા કરોડો પ્રજાજનોને જે સતત ને વધતો જતો અન્યાય થઈ રહ્યો છે તેનો પુરાવો મને દિનપ્રતિદિન મળ્યા કરે છે. જે ગ્રેજ્યુએટો મારા અણમોલ સાથીઓ છે તેમને પોતાના અંતરના ઊંડામાં ઊંડા વિચારો વ્યક્ત કરવા પડે છે ત્યારે તેઓ ફાંફાં મારે છે. તેઓ પોતાના જ ઘરમાં પરાયા જેવા છે. એમનું માતૃભાષાનું શબ્દભંડોળ એટલું મર્યાદિત છે કે અંગ્રેજી શબ્દો જ નહીં, વાક્યો સુધ્ધાં વાપર્યા વિના તેઓ પોતાને કહેવાનું પૂરું કરી શકતા જ નથી. તેમ જ તેઓ અંગ્રેજી પુસ્તકો વિના જીવી પણ શકતા નથી. તેઓ ઘણી વાર એકબીજાને અંગ્રેજીમાં લખે છે. આ અનિષ્ટ કેટલે ઊંડે ઊતર્યું છે એ બતાવવા હું મારા સાથીઓનો દાખલો ટાંકું છું. અમે અમારી ટેવો સુધરાવનો સમજપૂર્વક પ્રયત્ન કરેલો છે છતાં આ સ્થિતિ છે.

એક દલીલ એવી કરવામાં આવી છે કે આપણી કૉલેજો તેમાં ભણતા વિદ્યાર્થીઓમાંથી એકાદ જગદીશ બોઝ પેદા કરી શકે તો એ કોલેજોમાં થતા પૈસા ને શક્તિના બગાડથી આપણને ફિકર ન થવી જોઈએ.

એ બગાડ ટાળી શકાય એવો ન જ હોત તો હું આ દલીલ વિના સંકોચે કબૂલ રાખત. એ ટાળી શકાય એવો હતો અને અત્યારે પણ છે એમ મેં બતાવ્યું છે એવી મને આશા છે. વળી એકાદ જગદીશ બોઝના પેદા થવાથી આ દલીલને ટેકો મળતો નથી. કેમ કે બોઝ એ અત્યારની કેળવણીનું ફળ નહોતા. એ તો એમને જે અનેક વિષમ સંકટો નડેલાં તેની સામે થઈને ઉપર આવેલા. અને એમનું જ્ઞાન જનસમૂહને માટે લગભગ અપ્રાપ્ય બની ગયું હતું. આપણે એવું માનતા થઈ ગયા લાગીએ છીએ કે અંગ્રેજી જાણ્યા વિના કોઈથી બોઝ જેવા થવાની આશા રાખી જ ન શકાય. આના કરતાં મોટો વહેમ હું કલ્પી શકતો નથી. આપણે જેટલી લાચારી અનુભવતા લાગીએ છીએ તેટલી કોઈ જાપાની અનુભવતો હશે ખરો?

શિક્ષણનું માધ્યમ તરત જ અને ગમે તે ભોગે બદલવું જોઈએ અને પ્રાંતિક ભાષાઓને તેમનું યોગ્ય સ્થાન અપાવું જોઈએ. જે ભયાનક દુર્વ્યય દરરોજ વધતો જાય છે તેના કરતાં તો કૉલેજની કેળવણીમાં કામચલાઉ અંધેર થાય તે હું પસંદ કરું.

પ્રાંતિક ભાષાઓનો દરજ્જો ને કિંમત વધારવાને માટે અદાલતોની ભાષા જ્યાં અદાલત આવેલી હોય ત્યાંની પ્રાંતિક ભાષા હું રાખું. પ્રાંતિક ધારાસભાઓનું કામકાજ પ્રાંતની ભાષામાં, અથવા જ્યાં પ્રાંતની હદમાં એકથી વધારે ભાષાઓ ચાલતી હોય ત્યાં તે ભાષાઓમાં, ચાલવું જોઈએ. ધારાસભાઓના સભ્યોને મારી એવી સૂચના છે કે તેઓ પૂરતો પરિશ્રમ કરે તો એક મહિનાની અંદર પોતાના પ્રાંતની ભાષાઓ શીખી શકે. તામિલવાસી તામિલ ભાષાને મળતી તેલુગુ, મલયાલમ અને કાનડી ભાષાઓનાં સાદાં વ્યાકરણ અને બસોપાંચસો શબ્દો ન શીખી શકે એવું કંઈ નથી. મધ્યવર્તી ધારાસભામાં હિંદુસ્તાની ચાલવું જોઈએ.

મારો અભિપ્રાય એવો છે કે આ સવાલનો નિર્ણય અધ્યાપકોએ લેવાનો નથી. અમુક સ્થળનાં છોકરાછોકરીઓને કઈ ભાષા વાટે કેળવણી આપવી એનો નિર્ણય કરવાનું કામ એમનું નથી. એ સવાલનો નિર્ણય એમને માટે દરકે સ્વતંત્ર દેશમાં થઈ ચૂકેલો છે. તેમ જ કયા વિષયો શીખવવા એ પણ તેમણે નક્કી કરવાનું ન હોય. એનો આધાર બાળકો જે દેશનાં હોય તે દેશની જરૂરિયાતો પર રહે છે. અધ્યાપકોનો અધિકાર રાષ્ટ્રની ઇચ્છાનો બને એટલી સારામાં સારી રીતે અમલ કરવાનો છે. આ દેશ ખરેખરો સ્વતંત્ર થશે ત્યારે કેળવણીના માધ્યમના સવાલનો નિકાલ એક જ રીતે આવશે. અધ્યાપકો એ પ્રમાણે અભ્યાસક્રમ ઘડશે અને પાઠ્યપુસ્તકો તૈયાર કરશે અને જેમ આજની કેળવણીથી તૈયાર થયેલા માણસો વિદેશી રાજ્યકર્તાઓની જરૂરિયાતોને સંતોષે એવા બને છે તેમ સ્વતંત્ર ભારતવર્ષમાં તેઓ દેશની જરૂરિયાતો પૂરી પાડે તેવા નીપજશે. જ્યાં સુધી આપણે શિક્ષિત વર્ગો આ સવાલ જોડે રમત કરીએ છીએ ત્યાં સુધી આપણે આપણા સ્વપ્નનું સ્વતંત્ર ને નરવું હિંદુસ્તાન પેદા નહીં કરી શકીએ એવો મને પાકો ડર છે. આપણી બેડીઓ કેળવણીને લગતી, આર્થિક કે સામાજિક કે રાજકીય ગમે તે જાતની હોય તોપણ આપણે તનતોડ પ્રયત્ન કરીને તેમાંથી નીકળી જવું રહ્યું છે. એ માટેના પુરુષાર્થમાં જ એ લડતનો પોણો ભાગ સમાઈ જાય છે.

(મારા સ્વપ્નનું ભારત, નવજીવન પ્રકાશન, અમદાવાદ)

## ભારતમાં શિક્ષણનું ભાવિ

**મૌલાના અબુલ કલામ આઝાદ**

**(૧૯૫૩ની ૩૦મી સપ્ટેમ્બરે નવી દિલ્હી ખાતે આકાશવાણી પ્રસારણ.)**

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ જે સમસ્યાઓએ આપણું ખાસ ધ્યાન ખેંચ્યું તેમાંની સૌથી મહત્ત્વની સમસ્યા રાષ્ટ્રીય શિક્ષણની હતી અને તેની પદ્ધતિ કે તરાહની કહી શકાય. આજે લગભગ આપણે એક સાર્વત્રિક ફરિયાદ સાંભળીએ છીએ કે આપણી શૈક્ષણિક પ્રણાલીમાં કંઈક ખોટું છે, તે પરિસ્થિતિની માંગને સંતોષવામાં નિષ્ફળ નીવડી છે અને તેથી તેની સુધારણા જરૂર છે. પરંતુ, આ લાગણી હોવા છતાં, આ સમસ્યા અંગે ખરેખર વિચાર્યું હોય અને પ્રણાલીમાં શું ખરેખર ખોટું છે અને તેમાં સુધારણા કેવી રીતે કરવી જોઈએ એવું કહી શકે એવા બહુ ઓછા લોકો છે.

સામાન્ય શિક્ષણ જે બધા લોકો માટે પ્રાપ્ય છે તે તેની માંગ પ્રમાણે પૂરતું નથી તેમ જ યોગ્ય પણ નથી અને તેના અધિકારી લઘુમતી લોકો જે યુનિવર્સિટી શિક્ષણ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બન્યા છે તેમને યોગ્ય રીતે નોકરી આપી શકાતી નથી એ એવી દેખીતી ક્ષતિ છે જે પ્રત્યેકને સ્પષ્ટ છે. પરિણામ એ છે કે હજારો સ્નાતકો જે પ્રતિવર્ષ આપણી યુનિવર્સિટીઓમાંથી બહાર પડે છે તેમાંના મોટા ભાગના નોકરી પ્રાપ્ત કરી શકતા નથી અને બેકારીની હરોળમાં તેમને જોડાવું પડે છે. આપણી યુનિવર્સિટીઓમાં હાલ આશરે ૩થી ૩$^{૧}/_{૨}$ લાખ વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે. લગભગ ૩૫ રોડની વસતિમાં દેશ માટે આ બહુ મોટી સંખ્યા કહેવાય, અને છતાં ક્યાંક એવી એક આંતરિક ક્ષતિ આપણી પ્રણાલીમાં છે કે આ નાની સંખ્યા પણ ઉપયોગી રોજગાર મેળવી શકતી નથી.

દુર્ભાગ્યે, આપણા દેશમાં જે લોકો ઉચ્ચ શિક્ષણમાં જોડાય છે તેમનો મુખ્ય ઉદ્દેશ સરકારી નોકરી મેળવવાનો છે. એ દેખીતું છે કે સરકાર બધાને નોકરી આપી શકે તેમ નથી. પરિણામે આપણી શિક્ષણ પ્રણાલી લોકોને સમાજના ઉપયોગી સભ્યો બનાવવાને બદલે તેમને ફાજલ બનાવે છે અને જે એક મિલકત હોવી જોઈએ તેને બદલે તેને કરજમાં ફેરવે છે. જો આ શિક્ષિત વર્ગમાંથી ઘણા લોકોએ શિક્ષણ મેળવ્યું ન હોત તો અમુક પ્રકારની હાથની મજૂરી દ્વારા તેમની રોજીરોટી તો મેળવી શક્યા હોત. કારણ કે તે છે તેથી તેઓ એ પણ કરી શકતા નથી.

મને જે થોડો સમય મળ્યો છે તેમાં હવે આ બાબત અંગે હું શું વિચારું છું તે કહેવા દો.

પ્રત્યેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો અધિકાર છે જે તેની શક્તિઓને વિકસાવવા તેમ જ સંપૂર્ણ માનવજીવન જીવવા માટે શક્તિમાન બને. આવું શિક્ષણ પ્રત્યેક નાગરિકનો જન્મસિદ્ધ અધિકાર છે. જ્યાં સુધી રાજ્ય પ્રત્યેક વ્યક્તિને જ્ઞાનપ્રાપ્તિ અને સ્વકલ્યાણ માટેનાં સાધનો પૂરાં પાડે નહિ ત્યાં સુધી તેણે તેની ફરજ બજાવી છે તેમ તે દાવો કરી શકે નહિ. કારણ કે આ ધોરણ સુધીના શિક્ષણ માટે સમાજની જરૂરિયાતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કે વર્તમાન જરૂરિયાત મુજબની પણ સગવડો આપણે પૂરી પાડી શકતા નથી. પ્રત્યેક વ્યક્તિ, બિનશરતી મુજબની પણ સગવડો આપણે પૂરી પાડી શકતા નથી. પ્રત્યેક વ્યક્તિ, બિનશરતી અને લાયકાતો સિવાય, આ તબક્કા સુધીનું શિક્ષણ મેળવવા હક્કદાર છે. મારા મતે, આવા શિક્ષણ માટેનું યોગ્ય માપ એ માધ્યમિક શિક્ષણ છે, અને હું માનું છું કે નોકરીનો પ્રશ્ન બાજુએ રાખીએ તો માધ્યમિક કક્ષા સુધીનાં શિક્ષણની સગવડો બધા જ નાગરિકોને ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા રાજ્યે કરવી જોઈએ.

માધ્યમિક શિક્ષણના ત્રણ તબક્કા છે — પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર. આમાંથી પ્રાથમિક અને

માધ્યમિક વધુ મહત્ત્વનાં છે. કારણ કે રાષ્ટ્રીય કેળવણીની સમગ્ર ઈમારતનો પાયો આ બે શરૂઆતના તબક્કામાં નંખાય છે. જો પાયો જ નબળો અથવા ખોટી રીતે નંખાય તો બાકીનું માળખું બિનસલામત અને ભૂલભરેલું ગણાય. આ બે તબક્કા માટે આપણે બુનિયાદી શિક્ષણની તરાહ સ્વીકારી છે જે આપણા રાષ્ટ્રીય શિક્ષણના સમગ્ર માળખા માટે વધુ મહત્ત્વનું છે. આ તરાહનો અસરકારક રીતે અમલ કરવા જેટલા આપણે સમર્થ થઈએ એટલા આપણે સમગ્ર માળખામાં બદલાવ લાવવા સફળ થઈએ.

આ તબક્કા પછી સ્થિતિ કંઈક જુદી છે. જ્યારે આપણે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ માટે સગવડો વિચારીએ ત્યારે સમાજની જરૂરિયાત સાથે સગવડો જોડવી જોઈએ. આ તબક્કે માંગ અને પુરવઠા વચ્ચે કોઈ પણ પ્રકારની અપાનુકૂલન સમસ્યાઓ સર્જે જેનાથી રાજ્યે કોઈ પણ ભોગે દૂર રહેવા મથવું જોઈએ. અન્ય કોઈ પણ કારણ સિવાય પણ ઉચ્ચ શિક્ષણની જોગવાઈ એટલી ખર્ચાળ છે કે જેટલા સમાવી શકાય તે કરતાં વધુ આ શિક્ષણ પ્રાપ્ત કરનારાની સંખ્યા વધારવાનું રાજ્યને પોષાય નહિ. અર્થશાસ્ત્રના ક્ષેત્રમાં માંગ અને પુરવઠા વચ્ચે ઘનિષ્ઠ અનુબંધ હંમેશાં હોય છે. આ અનુબંધમાંથી કોઈ પણ ચલન સામાજિક કટોકટી તરફ દોરી જાય. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આપણે એ જ નિયમ સ્વીકારવો જોઈએ અને સમાજની માંગ પ્રમાણે પુરવઠો પૂરો પાડવો જોઈએ. જો માંગ કરતાં પુરવઠો વધુ ઓછો હોય તો સમાજની પ્રગતિ અટકાવે છે; જો તે વધુ હોય તો બેકારી સર્જાય. આપણી શિક્ષણ પ્રણાલીની મૂળભૂત ક્ષતિ એ છે કે તદ્દન સ્પષ્ટ અને મહત્ત્વની બાબત પ્રત્યે ઉપેક્ષા સેવાઈ છે. સરકારી નોકરી માટે ઉચ્ચ શિક્ષણની પદવી એ અનિવાર્ય લાયકાત ગણવામાં આવી છે, પરિણામે પ્રત્યેક વ્યક્તિ પદવીપ્રાપ્તિ માટે દોડે છે, અને તે પ્રાપ્ત કરીને તેણે જે સમય અને ધનનો ખર્ચ કર્યો તેની બજારમાં કંઈ જ કિંમત નથી એવી ભ્રમણાનો સામનો કરવો પડે છે.

જો આવાં દુર્ભાગી પરિણામો નિવારવા આપણે ઈચ્છતા હોઈએ તો આપણે આપણી શિક્ષણ પ્રણાલી એવી ઘડવી જોઈએ કે આપણા મોટા ભાગના લોકો માધ્યમિક શિક્ષણ પસાર કરીને વિવિધ વ્યવસાય, ઉદ્યોગો, હસ્તઉદ્યોગ વગેરેમાં તેમની જાતે જોડાવા સક્ષમ બને, અને સમાજની જરૂરિયાત પ્રમાણે યોગ્ય ગણાય તેવા થોડા લોકો જ ઉચ્ચ શિક્ષણ માટે યુનિવર્સિટીઓમાં જોડાય. એ સ્પષ્ટ છે કે આપણે ખરેખર તો લોકોને યુનિવર્સિટીમાં જોડાતા રોકી શકીએ નહિ, પરંતુ આજે જે એટલા બધા વિદ્યાર્થીઓને જ્ઞાન માટે નહિ પણ ડિગ્રી કે પદવી માટે લલચાવે છે તે વર્તમાન નુકસાનકારક પ્રલોભન દૂર કરે તેવી પરિસ્થિતિ તો ચોક્કસ સર્જી શકીએ. આ બાબતને વધુ વિગતવાર ચર્ચવા માટે મારી પાસે પૂરતો સમય પણ નથી અને જરૂરી પણ નથી.

આમ છતાં, આ સંદર્ભમાં એક વધુ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉદ્ભવે. સરકારી નોકરી માટે લાયકાત તરીકે યુનિવર્સિટીની ડિગ્રી પરનો વધુ પડતો આગ્રહ શું યોગ્ય છે? સરકારી નોકરી માટે યુનિવર્સિટીની ડિગ્રી એ આવશ્યક શરત છે એ હકીકતે લોકોને સરકારી નોકરી માટેના પરવાના તરીકે યુનિવર્સિટીની ડિગ્રી એવું માનતા કરી દીધા છે. આથી જે યુનિવર્સિટીમાં જોડાય છે તે શક્તિ કેળવવા કે વિકસાવવા નહિ પરંતુ આ પરવાનો પ્રાપ્ત કરવા જાય છે. આ પરિસ્થિતિના આપણી યુનિવર્સિટીઓ પર પણ પ્રત્યાઘાતો પડ્યા છે. સભાનપણે કે અજાણ્યે એક હવામાન સર્જાયું હતું કે જેણે તેનાં ધોરણો નીચાં લાવી દીધાં. ધીમે ધીમે એક માનસિક વલણ વિકસ્યું કે જે કહેવા લાગ્યું: "જેટલી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મળે તેને દાખલ કરો અને શક્ય બને તેટલી ડિગ્રીઓ આપો." સ્વાભાવિક પરિણામ એ આવ્યું કે શિક્ષણનાં ધોરણો ધીમે ધીમે ગુણવત્તા ચકાસવાનો જે હોદ્દો ધરાવે છે તેઓ સહેલાઈથી માપી શકે છે.

આપણે જાણીએ છીએ કે અન્ય દેશોમાં આ રીતે સરકારી નોકરોની ભરતી આ રીતે થતી નથી. ઉદાહરણ તરીકે, ઈંગ્લેંડમાં કે જ્યાં વ્યવસાયી તાલીમ જેવી કે ડૉક્ટર, પ્રાધ્યાપકો કે એન્જિનિયરો જેવાની જરૂર હોય તેવી જગ્યાઓ માટે ડિગ્રી એ જરૂરી લાયકાત ગણાય છે, જ્યારે અન્ય નિમણૂકો માટે જગ્યા માટેની વિશિષ્ટ શક્તિ તેમ જ ઉંમર એ બે જ માત્ર લાયકાત ગણવામાં આવે છે. યુનિવર્સિટીની ડિગ્રી આમ તો આવશ્યક શરત નથી.

આપણે ભારતમાં પણ ભરતીની પ્રક્રિયામાં આના જેવી જ રીત અપનાવવાની ગંભીરપણે વિચારણા કરવાનો સમય પાકી ગયો છે. યુનિવર્સિટી ડિગ્રીને નોકરી માટેનો પરવાનો ગણવાનું શા માટે ચાલુ રાખવું

જોઈએ? આપણો આગ્રહ તાકાત પર રાખવો જોઈએ, નહિ કે ડિગ્રીપ્રાપ્તિ પર. આવી શક્તિઓને માપવા માટે આપણી જાહેર સેવા આયોગ સંસ્થાએ પદ્ધતિઓ શોધી કાઢવી જોઈએ. ઉદાહરણ તરીકે, નોકરીની બાબતમાં આજે જ્યાં એક ઉમેદવાર બી.એ. થયેલો હોવો જોઈએ એ જરૂરી છે ત્યાં આપણે કહીએ કે એક ઉમેદવારની સામાન્ય શક્તિ અને જ્ઞાન એક સ્નાતક સમકક્ષ ગણાશે જેથી આપણને ખાતરી થશે કે યોગ્ય જગ્યા માટે યોગ્ય વ્યક્તિ આપણને પ્રાપ્ત થાય, વર્તમાન નુકસાનકારક ડિગ્રીનો આગ્રહ શક્તિ પર ઢળશે. આટલું જ માત્ર આપણા વિદ્યાર્થીઓનાં માનસનું પરિવર્તન કરવામાં ઘણો સમય લેશે.

આપણે ખરેખર એ ધ્યાનમાં રાખવું પડે કે વ્યાવસાયિક નોકરીઓને લાગે વળગે છે ત્યાં સુધી યુનિવર્સિટીની ડિગ્રીની પ્રાપ્તિની આવશ્યકતા ચાલુ રહેશે. આ બાબતમાં કોઈ પણ છૂટછાટ મંજૂર થવી જોઈએ નહિ. આપણે એક ડૉક્ટર, એન્જિનિયર કે પ્રાધ્યાપક તેની શૈક્ષણિક લાયકાતોના આધાર સિવાય સ્વીકારી શકીએ નહિ. જેમાં કોઈ ખાસ કે ટેકનિકલ લાયકાતની જરૂર નથી તેવી સામાન્ય સ્વરૂપની નિમણૂકોની બાબતમાં માત્ર ભરતીની પ્રક્રિયા બદલવી પડે.

એમાં શંકા નથી કે આવું પરિવર્તન આપણી જાહેર સેવા આયોગની સંસ્થાના કામમાં સારો એવો ઉમેરો કરશે કે જેમણે નિમણૂકો માટે પરીક્ષાઓ યોજવી પડશે. આપણા માટે જાહેર સેવા આયોગની સંખ્યા વધારવી જરૂરી બને, પરંતુ જે કંઈ વ્યવસ્થાઓ જરૂરી હોય તે કરવી પડે, એ પગલું લેવા યોગ્ય છે.

ટૂંકમાં, મેં જે કંઈ કહ્યું તેને સંક્ષેપમાં કહેવા દો:

(૧) આપણે આપણી શિક્ષણ પ્રણાલીને નવો આકાર આપવો પડે અને તેની એવી ગોઠવણ કરવી કે મોટા ભાગના આપણા લોકોને માધ્યમિક શિક્ષણ પૂરું કરે ત્યારે વિવિધ વ્યવસાયો, ઉદ્યોગો, હસ્તોદ્યોગો વગેરેમાં સમાવવા જોઈએ. માત્ર થોડા જ લોકો યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ માટે જોડાવા જોઈએ અને તેમની સંખ્યા તેમનો સદુપયોગ કરવાની સમાજની તાકાત કરતાં વધવી જોઈએ નહિ.

(૨) સૌથી વધુ તાત્કાલિક અને મહત્ત્વનાં પરિવર્તન જે જરૂરી છે તે આપણી માધ્યમિક શિક્ષણ પ્રણાલીમાં છે. આપણી વર્તમાન માધ્યમિક શિક્ષણ પ્રણાલી એ યુનિવર્સિટીનું પ્રવેશ સોપાન ગણાય છે. હવે આપણે જે ઇચ્છીએ છીએ તે કંઈક બીજા માટે માત્ર સાધન નહિ પણ તેની જાતે સાધ્ય બની રહે તેવી માધ્યમિક શિક્ષણની પ્રણાલી.

(૩) આપણે બુનિયાદી શિક્ષણની તરાહ સ્વીકારેલી છે, જેનો મુખ્ય વિચાર એ છે કે શીખવાની પ્રક્રિયા અથવા અધ્યયન માત્ર પુસ્તકો દ્વારા જ નહિ પરંતુ કોઈક કાર્યના સ્વરૂપનું હોવું જોઈએ. માધ્યમિક શિક્ષણના તબક્કા દરમિયાન સળંગ સિદ્ધાંતનો અમલ થવો જોઈએ અને ખરેખર તો આપણા રાષ્ટ્રીય શિક્ષણનો મૂળ સિદ્ધાંત બનવો જોઈએ.

(૪) આપણા માધ્યમિક શિક્ષણના સ્વરૂપમાં પરિવર્તન લાવવાની દરખાસ્ત કરીએ ત્યારે એ એકમાત્ર જડ માળખામાં ઢળાવું ન જોઈએ એ જરૂરી છે. પ્રજાનાં વિવિધ જૂથોની વિવિધ જરૂરિયાતોને સંતોષવા માટેની પૂરતી સ્થિતિસ્થાપકતા તેનામાં હોવી જોઈએ. આ બાબતમાં માધ્યમિક શિક્ષણ પંચે કેટલીક વધુ મૂલ્યવાન ભલામણો કરી છે જેની ગંભીરતાપૂર્વક વિચારણા કરવાની જરૂર છે.

(૫) સરકારી નોકરી માટે આવશ્યક શરત તરીકે ડિગ્રી પરનો વર્તમાન આગ્રહ ચાલુ રાખવો કે તેને સુધારવો એ આપણે વિચારવું પડે.

આપણા ઉચ્ચ શિક્ષણનાં ધોરણો સૌથી સારી રીતે કેવી રીતે સુધારવાં એ પ્રશ્ન કંઈ ઓછો મહત્ત્વનો નથી, પરંતુ મારી પાસે જે મર્યાદિત સમય છે તે મને તેના વિષે વિસ્તૃત કહેતાં અટકાવે છે.

(અબુલ કલામ આઝાદ,
વેરિન્દર ગ્રોવર, ઓનેસ્ટ પબ્લિકેશન, અમદાવાદ)

## અહિંસાના ત્રણ ઋષિ

**કાકાસાહેબ કાલેલકર**

**(તા. ૪-૮-'૪૦ના રોજ કલકત્તામાં પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે આપેલા વ્યાખ્યાનનો મૂળ હિંદી સારનો અનુવાદ.)**

૧

બુદ્ધ ભગવાન જીવનના અસાધારણ કળાકાર હતા. તેમના જીવનમાં તથા તેમના ઉપદેશમાં ઊંચું કળાતત્ત્વ મળે છે; અને એ જ કરાણને લીધે દુનિયાભરના સંસ્કારી લોકો બૌદ્ધ ધર્મ અને બૌદ્ધ સાહિત્ય તરફ આટલા આકર્ષાયા છે. બુદ્ધ ભગવાનનું પોતાનું જીવન પણ એટલું કળાપૂર્ણ છે કે જુદા જુદા દેશના કવિઓ અને નાટ્યકારો બુદ્ધની જીવનકથા લઈને પોતાની કવિત્વશક્તિ અજમાવવા તત્પર થાય છે.

બંને છેડાઓને છોડીને મધ્યમ માર્ગ લેવાની બુદ્ધ ભગવાનની શિખામણ એ જ ઉચ્ચ કળાવૃત્તિની દ્યોતક છે. ગ્રીક ફિલસૂફ ઍરિસ્ટોટલમાં અને બુદ્ધ ભગવાનમાં આ એક ભારે સરખાપણું છે કે બંને સમ્યગ્દૃષ્ટિ તથા સમ્યક્-જીવન ઉપર આટલો ભાર મૂકે છે.

બુદ્ધ ભગવાને અહિંસાનો પુરસ્કાર કર્યો; પરંતુ તેમણે માંસાહારનો નિષેધ ન કર્યો. તેમની અહિંસા મનુષ્ય મનુષ્ય વચ્ચે 'અવેર' ભાવના રાખવા સુધીની હતી. પશુહિંસાની બાબતમાં તે એટલું જ કહેતા કે ધર્મને નામે – બલિદાનરૂપે – પશુહત્યા ન કરો. સાધુઓને તે કહેતા હતા કે પોતાના આહાર માટે કોઈને પણ પશુ મારવા ન દો.

બુદ્ધ ભગવાન જન્મથી ક્ષત્રિય હતા. સ્વભાવથી પ્રચારક તપસ્વી બ્રાહ્મણ હતા; તેમના જીવનમાં તથા તેમની જીવન-દૃષ્ટિમાં કળાત્મકતાનું જ પ્રાધાન્ય હતું.

૨

મહાત્મા ગાંધીજી પણ અહિંસાના પુરસ્કર્તા છે. અહિંસાનો સંદેશ ભારતવર્ષે વૈદિક કાળથી સાંભળ્યો છે અને સંભળાવ્યો પણ છે. અહિંસા એ કાંઈ ગાંધીજીની નવી શોધ નથી. તેમ છતાં ગાંધીજીને થયેલું અહિંસાદર્શન એ તેમનું પોતાનું જ છે. તે તદ્દન નવું જ છે અને આજની દુનિયાને માટે અત્યંત ઉપયોગી, વ્યાપક તથા સાર્વભૌમ છે.

જો બુદ્ધ ભગવાન જીવનના કળાકાર હતા તો ગાંધીજી જીવનના લડવૈયા છે. તેમના જીવનમાં કળાનું તત્ત્વ પૂરેપૂરું ભરેલું હોવા છતાં તેનો પુરસ્કાર તેઓ પરિમિત પ્રમાણમાં જ કરે છે કે જેથી તેમની ક્રાંતિકારી યુદ્ધમય પ્રવૃત્તિમાં તે બાધક ન બને. ગાંધીજી શાંતિના ભક્ત છે પંરતુ નરી કે નમાલી શાંતિના ઉપાસક નથી. તે બધી જગાએ અહિંસક યુદ્ધ ઇચ્છે છે. રચનાત્મક કાર્યના સૌથી મોટા આચાર્ય છે એ ખરું, છતાં તે સ્વભાવે યોદ્ધા જ છે.

બુદ્ધ ભગવાને દુનિયાને યુદ્ધની વિફળતા સમજાવી, પરંતુ યુદ્ધસંસ્થાનો વિરોધ ન કર્યો. તોપણ બુદ્ધ ભગવાનનું વલણ વૈરત્યાગની તરફ જ હતું. તેમનું એક વચન આખા યુરોપે અને દુનિયાએ ધ્યાનમાં રાખવા જેવું છે; 'जयं वेरं पसवति' 'दुक्खं सेते पराजितो' । – કોઈના ઉપર મેળવેલા વિજયના પરિણામે વેરનો વધારો થાય છે, કારણ કે જેની હાર થાય તેને સુખે ઊંઘ આવતી નથી. તે બદલો લેવાની વૃત્તિથી સવાઈ તૈયારી કરવા માંડે છે.

ગાંધીજીએ અહિંસાવૃત્તિને મનુષ્યજીવનમાં સાર્વભૌમ સ્થાન અપાવવા ઇચ્છ્યું છે. મનુષ્યજાતિની સંસ્થાઓ, તેના જીવનનો આદર્શ તથા તેની વિચારધારા – એ બધામાં તે ક્રાંતિ કરવા ઇચ્છે છે. ગાંધીજીનો યુદ્ધવિરોધ તેમના જીવન સાથે ઘેરો બનતો જાય છે. પોતે જીવનકળાધર હોવાને કારણે જ તેઓ પરિસ્થિતિની સાથે પોતાનો મેળ બેસાડી શકે છે.

૩

મહાવીર સ્વામી બુદ્ધ ભગવાનના સમકાલીન હોવા છતાં તેની અહિંસા તેમના જમાના પૂરતી મર્યાદિત ન

હતી. મુશ્કેલીનો સમય આવે ત્યારે મનુષ્યના માંસને પણ હજમ કરનારો એ જમાનો હતો. અને એવા જમાનાને તેમણે ઉપદેશ કર્યો કે પશુપક્ષી વગેરેની વાત તો ઠીક, પણ વનસ્પતિ અને જડસૃષ્ટિમાં પણ જીવ છે, અને તેથી તેમના પ્રત્યે પણ આપણે અહિંસાધર્મનું પાલન કરવું જોઈએ.

ભગવાન મહાવીરનું જીવન તપસ્વી હતું. તેમણે અહિંસાના સંપૂર્ણ સ્વરૂપને સમજવાનો અને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને સાથે સાથે એવો પણ અનુભવ કર્યો કે તપસ્યા વિના આપણે અહિંસા ન તો સમજી શકીશું કે ન તેનું પાલન કરી શકીશું.

આ તપસ્યા કયા પ્રકારની હોવી જોઈએ તેના પણ પ્રયોગ અને આવિષ્કાર થવા જોઈએ. અહિંસાનો સાક્ષાત્કાર ક્રમ-મુક્તિની જેમ દવિસે દિવસે વધનારો છે, અને સાચી તપસ્યાનો સ્વરૂપ-નિર્ણય, હજી પ્રયોગથી જ સિદ્ધ થનાર છે.

•

આજકાલની દુનિયા નરી તપસ્યાથી ગભરાય છે. તપસ્યા ઉપર તેને વિશ્વાસ નથી. અને ચાલે ત્યાં સુધી તપસ્યા વિના જ ચલાવવા તે ઇચ્છે છે.

બીજી બાજુ પુરાણી દુનિયા તપસ્યાના પુરાણા ઢંગને જ વળગીને બેઠી છે. તે હજી પણ સમજતી નથી કે માત્ર કાયક્લેશ અથવા શરીરપીડન એ કાંઈ તપસ્યા નથી. તપસ્યાને વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક દૃષ્ટિથી સમજવાની જરૂર છે. જ્યારે તપસ્યાનું શુદ્ધ સ્વરૂપ નક્કી થશે ત્યારે અહિંસાનો વિકાસ પૂરા વેગથી થશે.

મહાવીરના સંદેશાને પૂરેપૂરો અમલમાં લાવવાની વૃત્તિ – શક્તિ ધરાવનાર જમાનો હજી સુધી આવ્યો નથી. પણ તે આવ્યા વગર રહેવાનોયે નથી, કારણ કે અહિંસા વગર – સંપૂર્ણ અહિંસા વગર – જીવન પૂરેપૂરું કૃતાર્થ નહીં થાય.

તે માટે બુદ્ધ ભગવાનનો અષ્ટાંગી મધ્યમ માર્ગ, ગાંધીજીનો લડાયક સત્યાગ્રહ અને મહાવીરની આત્મશક્તિ વધારનારી તપસ્યા, એ ત્રિવિધ શક્તિઓ અથવા સાધનાઓ સિદ્ધ કરવી પડશે.

(સંસ્કૃતિપુરુષ કાકાસાહેબ, સંપાદનઃ સુરેશ દલાલ,
ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ., અમદાવાદ)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

*॥ ચિંતન ॥*

# ભારતને ખરા શિક્ષણની જરૂર

**સ્વામી વિવેકાનંદ**

કાર્યપદ્ધતિ અંગેના તમારા પ્રશ્નના ઉત્તરમાં મારે સૌથી વધારે મહત્ત્વની વાત એ કહેવાની છે કે કાર્યના શ્રીગણેશનું પરિણામ તમે ઇચ્છેલાં પરિણામો સાથે મેળ ખાતું હોય. તમારા ઉદાર મન, રાષ્ટ્રપ્રેમ અને દૃઢ ખંત વિષે મેં મારાં મિત્ર કુમારી મુલર પાસેથી ઘણું સાંભળ્યું છે, અને તમારી વિદ્વત્તાનો આ સ્પષ્ટ પુરાવો છે. આ ટૂંકી મહત્ત્વહીન જિંદગીમાં કયો પ્રયત્ન થઈ શકે એ જાણવાની તમારી ઇચ્છા છે, એને હું મહાન સદ્‌ભાગ્ય રૂપે જોઉં છું. મારાથી બની શકે ત્યાં સુધી હું તેનું અહીં વર્ણન કરીશ, પણ પહેલાં હું તમારી આગળ તમારી ચર્ચા માટે મારી પરિપક્વ નિષ્ઠા અંગે વાત કરીશ.

આપણે હંમેશાં ગુલામ જ રહ્યા છીએ, એટલે કે ભારતના જનસમુદાયને પોતાના વારસામાં મળેલા આંતરિક પ્રકાશની અભિવ્યક્તિ કદી નથી કરવા દેવામાં આવી. છેલ્લી થોડી સદીઓથી પશ્ચિમ ઝડપથી, સ્વાતંત્ર્ય તરફ આગળ વધી રહ્યું છે. ભારતમાં કુલીનતાના આધારે બનેલ રાજા જ, શું કરવું તે લખી આપતો, જેમાં શું ખાવું અને શું ન ખાવું, એનો પણ સમાવેશ થઈ જતો. પશ્ચિમના બધા દેશોના લોકો બધું તેમની જાતે જ કરે છે.

હવે કઈ પણ સામાજિક બાબતમાં રાજાએ કંઈ કરવાનું હોતું નથી. જ્યારે બીજી તરફ ભારતમાં ભારતીયોને પોતાની જાતમાં જરાય વિશ્વાસ નથી, તો પછી સ્વાશ્રયની તો વાત જ શી કરવી? વેદાંતનો પાયો જ આત્મવિશ્વાસ છે, પણ હજી સુધી વ્યવહારમાં તેનો જરા પણ ઉપયોગ થયો નથી, આ કારણે જ પશ્ચિમી પદ્ધતિ – એટલે કે સૌ પ્રથમ ઇચ્છેલા પરિણામ અંગેની ચર્ચા, પછી બધાં બળોના સંયોજનથી તેના અમલ – એ આ દેશમાં અત્યારે પણ ઉપલબ્ધ નથી. આ કારણે જ આપણે વિદેશી શાસન આગળ આટલા બધા રૂઢિચુસ્ત દેખાઈએ છીએ. જો આ સાચું હોય, તો જાહેર ચર્ચા, દ્વારા કોઈ મહાન કાર્ય કરવાનો પ્રયત્ન મિથ્યા છે. 'જ્યાં માથું જ ન હોય, ત્યાં માથાનો દુઃખાવો ક્યાંથી હોય?' જનતા ક્યાં છે? તદુપરાંત આપણી એટલી ઓછી શક્તિ છે કે જો આપણે કંઈ પણ ચર્ચા કરવાનું માથે લઈએ, તો આપણી બધી શક્તિ ખરચાઈ જાય; કામ માટે કશું ન રહે. હું ધારું છું કે આ કારણે જ બંગાળમાં લોકો હંમેશાં કહેતા હોય છે 'બૂમો બહુ પાડી, પણ ઊન ન મળ્યું.' બીજું, મેં અગાઉ લખ્યું છે તેમ ભારતના ધનિક લોકો પાસેથી હું કશી અપેક્ષા નથી રાખતો. યુવાનો સમક્ષ કામ કરવું સર્વોત્તમ છે કારણ કે આપણી આશા ધીરજપૂર્વક દૃઢતાથી અને ચૂપચાપ કામ કરનાર તે લોકોમાં છે.

હવે કામ અંગે જ્યારથી શિક્ષણ અને સંસ્કૃતિ વગેરેનો ફેલાવો ધીમે ધીમે અમીર વર્ગ તરફથી નિમ્ન વર્ગ તરફ વધતો ગયો, તેમ તેમ આધુનિક પશ્ચિમી સભ્યતા અને ભારત. ઇજીપ્ત, રોમ વગેરેની પ્રાચીન સભ્યતા વચ્ચે ભેદ વધતો ગયો. મારાં નેત્ર સમક્ષ દેખાય છે કે જનસમુદાયમાં શિક્ષણ અને બુદ્ધિનો જેટલા પ્રમાણમાં પ્રસાર થાય છે, તેટલા પ્રમાણમાં રાષ્ટ્ર આગળ વધે છે. ભારતની બરબાદીનું મુખ્ય કારણ એ છે કે મૂઠીભર માણસોની રાજસત્તાને ગર્વના જોરે આ ભૂમિને સમગ્ર શિક્ષણ અને બુદ્ધિ તેમના એકાધિકારમાં રહેલ છે, આપણે ફરી ઉત્થાન કરવું હશે તો આપણે પણ પદ્ધતિ અપનાવવી પડશે એટલે કે જનસમુદાયમાં શિક્ષણનો ફેલાવો કરવો પડશે. સમાજસુધાર અંગે અર્ધી સદી સુધી ભારે ધાંધલધમાલ થઈ છે. આ છેલ્લાં દસ વર્ષોમાં ભારતનાં ભિન્ન ભિન્ન સ્થળોએ પ્રવાસ કરતાં મેં નિરીક્ષણ કર્યું છે કે દેશમાં સમાજસુધારણાનાં ઘણાં મંડળ છે; પણ એ લોકો માટેનું મેં એક પણ મંડળ ન જોયું, જેમનું લોહી ચૂસીને 'સદ્‌ગૃહસ્થ' કહેવાતા લોકો સદ્‌ગૃહસ્થ બન્યા છે અને તેમનું સદ્‌ગૃહસ્થ કહેવાવાનું ચાલુ છે. મુસલમાનો કેટલા સિપાઈ લાવ્યા હતા? અંગ્રેજ લોકો કેટલા છે? છ રૂપિયા માટે તેમના પોતાના પિતાઓ અને ભાઈઓનાં ગળાં કાપે એવા લાખો લોકો ભારત સિવાય ક્યાં છે? સાતસો વર્ષના મુસલમાની શાસનમાં છસો લાખ મુસલમાનો અને સો વર્ષના ઇસાઈ શાસનમાં બસો લાખ ખ્રિસ્તી – આ શાથી થયું? દેશે મૌલિકતા તદ્દન શા માટે છોડી દીધી? આપણા કુશળ કસબી કારીગરો દરરોજ યુરોપિયનો સાથે સ્પર્ધા કરવાને અસમર્થ બની લુપ્ત કેમ થતા જાય છે? ઘણી સદીઓ સુધી જેમના પગ દૃઢપણે જમીનમાં રોપાયેલા હતા એવા અંગ્રેજ મજૂરોને હચમચાવીને જર્મન મજૂરો કઈ સત્તાથી ફરી સફળ થયા છે?

શિક્ષણ, શિક્ષણ, ફક્ત શિક્ષણ જ. યુરોપનાં ઘણાં શહેરોમાં પ્રવાસ કરતાં તેમને સુખ ભોગવતા જોઈને

તથા ગરીબ લોકોને પણ શિક્ષણ અપાતું જોઈને આપણા પોતાના ગરીબ લોકોની સ્થિતિનો મને વિચાર આવ્યો અને મને રડવું આવી ગયું. આ તફાવત શાથી પડ્યો? જવાબ હતો શિક્ષણથી. શિક્ષણ દ્વારા આત્મવિશ્વાસ જાગે છે અને આત્મવિશ્વાસ દ્વારા તેમનામાં રહેલો બ્રાહ્મણ જાગે છે, જ્યારે આપણામાં રહેવો બ્રાહ્મણ ધીમે ધીમે નિદ્રાધીન થઈ રહ્યો છે. ન્યૂ યોર્કમાં મેં ત્યાં આવતા આયરિશ વસાહતીઓનું નિરીક્ષણ કર્યું — તે પદદલિત હતા, આંખોમાં ખાડા પડી ગયેલા દેખાતા હતા. નિરાધાર ઘરમાં કાણી કોડી પણ ન હોય તેવા, જડબુદ્ધિ — તેમની પાસે માલિકીની એક લાકડી જ હોય, જેના છેડે તેમની માલિકીનાં ચીંથરાંની પોટલી વળગાડી હોય, તેમને ડગલે ડગલે ભય અને ભીતિ તથા આંખોમાં અસ્વસ્થતા હતી. છ જ માસમાં તે માણસ ટટ્ટાર ચાલવા લાગ્યો હોય અને તેનાં કપડાં બદલાઈ ગયાં હોય, તેવું દશ્ય જોવા મળ્યું. તેની આંખોમાં અને પગલાંમાં હવે ભયની નિશાની પણ જોવા મળતી નથી. કયું કારણ? આપણું વેદાન્ત કહે છે કે તેના પોતાના દેશની અંદર તિરસ્કારથી ઘેરાયેલો રાખવામાં આવ્યો હતો. સમગ્ર પ્રકૃતિ તેને એકીઅવાજે કહી રહી હતી, 'પેટ, તારા માટે કોઈ જ આશા નથી. તું ગુલામ જન્મ્યો છે અને એવો જ રહીશ.' જન્મથી જ તેને આ પ્રમાણે કહેવામાં આવતું હોવાથી પેટ માનવા લાગ્યો કે તે સાચું હોવું જોઈએ અને પોતાની જાતને વશીકરણ કરી ખૂબ નીચી માનવા લાગ્યો ને તેનામાં રહેલો બ્રાહ્મણ દૂર હઠી ગયો. અમેરિકાની ભૂમિ પર પગ મૂકતાં જ તરત જ તેણે ચોમેરથી બૂમો સાંભળી, 'પેટ, તું પણ અમે છીએ તેવો જ માણસ છું. જે કંઈ કર્યું છે તે માણસે જ કર્યું છે. તારા અને મારા જેવા માણસો બધું જ કરી શકે છે. હિંમત રાખ. મસ્તક ટટ્ટાર કરી પેટે જોયું કે બધું એ પ્રમાણે જ હતું, તેનામાં રહેલો બ્રાહ્મણ જાગ્યો, પ્રકૃતિ જાતે જ જાણે તેને કહી રહી હતી, 'ઊઠો, જાગો અને ધ્યેય સિદ્ધ ન થાય, ત્યાં સુધી અટકશો નહીં.' (કઠોપનિષદ ૧.૩.૪)

આ જ રીતે આપણા છોકરા જે શિક્ષણ મેળવે છે, તે ઘણું નિષેધાત્મક હોય છે. શાળાઓના છોકરા કંઈ શીખતા નથી પણ પોતાની અંદરનું બધું જ તોડીફોડી નાખે છે, પરિણામે શ્રદ્ધાનો અભાવ જન્મે છે. શ્રદ્ધા વેદ અને વેદાન્તનો પ્રમુખ સૂર છે, એ શ્રદ્ધા જેણે યમરાજાનો સામનો કરવા અને તેમને પ્રશ્ન પૂછવા નચિકેતાને હિંમતવાન બનાવ્યો હતો. એ શ્રદ્ધા જેનાથી સમગ્ર વિશ્વ ગતિમાન છે, એ શ્રદ્ધાનો સદંતર ઉચ્છેદ! 'અજ્ઞાની, અશ્રદ્ધાળુ, પોતાની જાતને જ શંકાથી જોનાર થોડા જ સમયમાં વિનાશ પામે છે.' આથી જ આપણે સર્વનાશને આરે આવીને ઊભા છીએ. અત્યારે તેનો ઉપાય શિક્ષણનો પ્રસાર છે. સૌથી પહેલાં આત્મજ્ઞાન. આનાથી હું તે શબ્દથી સૂચિત થાય છે એ જટા, દંડ, કમંડલુ અને પર્વતની ગુફામાં વાસની વાત નથી કરતો. તો પછી હું કયો અર્થ સૂચવું છું? ભૌતિક અસ્તિત્વના બંધનમાંથી મુક્તિ માટે જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે સામાન્ય ભૌતિક સમૃદ્ધિ ન લાવી શકે? એ ચોક્કસ સાવી શકે. મુક્તિ, નિષ્કામપણું, ત્યાગ, આ બધા ખૂબ સર્વોચ્ચ આદર્શ છે. 'આ ધર્મનો થોડો અંશ પણ જન્મ-મરણના ફેરાના મહાન ભયથી બચાવે છે.' દ્વૈતવાદી, અદ્વૈતવાદી વિશિષ્ટાદ્વૈતવાદી, શૈવ, વૈષ્ણવ, શાક્ત, બૌદ્ધ, જૈન અને બીજાઓ પણ — ભારતમાં જે જે સંપ્રદાયોનો વિકાસ થયો છે તે બધા પણ — આ બાબતમાં તો એકમત છે જ કે આ જીવાત્મા (વ્યક્તિગત આત્મા)માં અનંત શક્તિ છુપાયેલી છે. કીડીથી માંડી પૂર્ણ મનુષ્ય સુધીમાં સૌમાં એક જ આત્મા છે, માત્ર તેમના આવિર્ભાવમાં જ ભેદ છે. (પતંજલિનું યોગસૂત્ર, કૈવલ્યપદ-૩). અવસર મળે કે તરત જ આ શક્તિનો યોગ્ય સ્થળે અને સમયે આવિર્ભાવ થાય છે. આવિર્ભાવ થયો હોય કે ન થયો હોય પણ સર્વોચ્ચ દેવથી માંડી નિમ્નતમ ઘાસ સુધીના સૌમાં આ જ શક્તિ વિદ્યમાન હોય છે. દ્વારે દ્વારે ભ્રમણ કરીને આ શક્તિને આપણે બહાર લાવવી વડશે.

બીજું, આની સાથે આપણે શિક્ષણ પણ આપવું પડશે. આ કહેવું સહેલું છે, પણ આપણે શી રીતે તેને વ્યવહારમાં મૂકવું ? જેમણે સર્વસ્વનો ત્યાગ કર્યો હોય તેવા નિઃસ્વાર્થી, દયાળુ હૃદયનાં હજારો માણસો આપણા દેશમાં છે. આ જ રીતે જ્યારે તેઓ પ્રવાસ કરે અને કોઈ પણ પ્રકારનું પારિશ્રમિક લીધા વિના ધર્મોપદેશ આપે, ત્યારે તેમનામાંના ઓછામા ઓછા અર્ધાને શિક્ષક તરીકે પ્રશિક્ષિત કરી શકાય અથવા આપણને જેની સૌથી વધુ આવશ્યકતા છે એવું શિક્ષણ તે આપે. એ માટે સૌ પ્રથમ આપણે પ્રત્યેક રાજ્યની રાજધાનીમાં એક કેન્દ્ર ઊભું કરવું જોઈએ, કે જ્યાંથી ધીરે ધીરે તેને સમગ્ર ભારતમાં ફેલાવી શકાય. થોડા સમય પહેલાં જ મદ્રાસ અને કલકત્તામાં ઊભા થયાં છે અને થોડા જ સમયમાં વધુ માટેની આશા છે. ગરીબોને મોટા ભાગનું શિક્ષણ મૌખિક જ આપવું. શાળાઓ માટેનો સમય હજી પાક્યો

નથી. આ મુખ્ય કેન્દ્રોમાં ખેતી, ઉદ્યોગ વગેરેનું શિક્ષણ આપવામાં આવશે અને કલાને આગળ વધારવા માટે કારખાનાં ખોલવામાં આવશે. આ કારખાનાંનાં ઉત્પાદનો યુરોપ અને અમેરિકામાં વેચવા અત્યારે અસ્તિત્વ ધરાવે છે તેવાં મંડળ શરૂ કરવાં જોઈએ. પુરુષો માટે અત્યારે છે તેવાં જ કેન્દ્રો સ્ત્રીઓ માટે પણ શરૂ કરવાની આવશ્યકતા છે, પણ આ દેશમાં તે કેટલું કપરું કામ છે, તેનાથી તમે પરિચિત છો. ફરીથી, 'જે સાપ કરડતો હોય, તેણે તેનું પોતાનું જ વિષ લેવું જોઈએ' અને એ મારી સ્થિર નિષ્ઠા છે, આ કામો માટે જરૂરી પૈસા પશ્ચિમમાંથી જ લાવવા પડશે, અને આ કારણે યુરોપ અને અમેરિકામાં આપણા ધર્મનો ઉપદેશ આપવો જોઈએ. આધુનિક વિજ્ઞાને ખ્રિસ્તી ધર્મના પાયાની નીચેની જમીન ખોદી નાખી છે. વધારામાં, મોજશોખ તો ધર્મની અંતઃપ્રેરણાને જ ખતમ કરી નાંખવાની તૈયારીમાં છે. યુરોપ અને અમેરિકા અત્યારે ભારત તરફ અપેક્ષાની નજરે જુએ છે – પરોપકાર માટે આ જ સમય છે, શત્રુના કિલ્લાને કબજે કરવાનો આ જ યોગ્ય સમય છે.

પશ્ચિમમાં સ્ત્રીઓનું શાસન છે, બધો પ્રભાવ અને શક્તિ તેમનામાં છે. જો તમારા જેવી બહાદુર અને બુદ્ધિશાળી, વેદાંતમાં પારંગત સ્ત્રીઓ ઈંગ્લેંડમાં જઈ ઉપદેશ આપે તો મને ખાતરી છે કે દર વર્ષે સેંકડો સ્ત્રીપુરુષો ભરતભૂમિના ધર્મને અપનાવી આશીર્વાદ પામે. આપણા દેશમાંથી વિદેશ જનાર એકમાત્ર મહિલા રમાબાઈ હતાં. તેમનું અંગ્રેજી, પાશ્ચાત્ય વિજ્ઞાન અને કલાનું જ્ઞાન મર્યાદિત હતું, છતાં તેમણે સૌને આશ્ચર્યચક્તિ કરી નાખ્યાં. જો તમારા જેવું કોઈ જાય તો ઈંગ્લેંડમાં ખળભળાટ મચી જાય, પછી અમેરિકાની તો વાત જ શી કરવી? જો કોઈ ભારતીય નારી ભારતીય પોશાકમાં ભારતના ઋષિમુનિઓના કંઠેથી સ્રવિત વાણીનો ધાર્મિક ઉપદેશ આપતી હોય – મારી નજર સામે આ એક પયગંબરના ઉપદેશ જેવું દૃશ્ય છે – આનાથી એક પ્રચંડ મોજાનો ઉદ્‌ભવ થશે, જે સમગ્ર પશ્ચિમની દુનિયાને ખળભળાવી મૂકશે. મૈત્રેયી, ખાના, લીલાવતી, સાવિત્રી અને ઉભયભારતીની ભૂમિમાં જે આ કરવાનું સાહસ કરી શકે એવી કોઈ સ્ત્રી નહિ હોય? ઈશ્વર જાણે છે કે આધ્યાત્મિકતાની શક્તિ દ્વારા ઈંગ્લેન્ડને આપણે જીતીશું, ઈંગ્લેન્ડ પર આપણે કબજો મેળવીશું, 'મુક્તિનો અન્ય કોઈ માર્ગ નથી.' મિટિંગો ભરવાથી કે મંડળો ઊભાં કરવાથી કદી મુક્તિ આવે? આપણી આધ્યાત્મિકતાની શક્તિથી આપણા દેવોને આપણે વિજયી બનાવવા જઈએ. હું ગરીબ ભિખારી છું, હું ભટકતો સાધુ છું. હું નિરાધાર અને એકલો છું. હું શું કરી શકું? તમારી પાસે ધન, બુદ્ધિ અને શિક્ષણની શક્તિ છે. તમે આ તક જતી કરશો? અત્યારે આપણો એક સર્વોચ્ચ મંત્ર ઈંગ્લેન્ડ, યુરોપ અને અમેરિકા પરનો વિજય એ હોવો જોઈએ, દેશનું કલ્યાણ તેમાં જ સમાયેલું છે. વિસ્તાર જીવનની નિશાની છે અને આપણે આપણા આધ્યાત્મિક આદર્શો વડે વિશ્વ પર વિસ્તરી જવું જોઈએ. અફસોસ! આ માળખું નબળું છે. તદ્‌ઉપરાંત બંગાળીનો બાંધો છે. આશ્રમમાં પણ એક પ્રાણઘાતક રોગે તેના પર હુમલો કર્યો છે, છતાં આશા છે.

'અસીમ સમયમાંથી કોઈ લોહીના સંબંધવાળો આત્મા જન્મ્યો છે કે જન્મશે અને ગીચ, વસ્તીવાળી આ ધરતી પરના એ કાર્યને પૂર્ણ કરશે.'

શાકાહારી ભોજન વિષે મારે આ કહેવાનું છે – પહેલાં મારા ગુરુ શાકાહારી હતા, પણ જ્યારે તેમને દેવીને ચઢાવેલ માંસ પ્રસાદ રૂપે આપવામાં આવતું, ત્યારે તેને માથે ચડાવી લેતા. એમાં શંકા છે જ નહિ કે કોઈનો જીવ લેવો એ પાપ છે, પણ રસાયણ વિજ્ઞાનમાં પ્રગતિ દ્વારા શાકાહારી ભોજનને માનવશરીર રચના પદ્ધતિ દ્વારા અનુકૂળ ન બનાવી શકાય, ત્યાં સુધી માંસભક્ષણ સિવાય કોઈ વિકલ્પ નથી. અત્યારના છે તેવા સંજોગોમાં જ્યાં સુધી માણસને રાજસિક (પ્રવૃત્ત) જીવન જીવવું પડશે. ત્યાં સુધી માંસભક્ષણ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી. એ હકીકત છે મહારાજ અશોકે તલવારની ધમકીથી લાખો પ્રાણીઓના જીવ બચાવ્યા, પણ એક હજાર વર્ષની ગુલામી તેનાથી વધુ ભયંકર નથી? થોડા બકરાનો જીવ લેવો અને તેની વિરુદ્ધ વ્યક્તિની પોતાની પત્ની અને પુત્રીના શીલની રક્ષા કરવાની અશક્તિ હોવી અને વ્યક્તિના બાળકોના હાથમાંથી છિનવાઈ જતા કોળિયાને બચાવવાની અશક્તિ હોવી, એ બેમાંથી વધુ મોટું પાપ કયું? માંસ ન લેવું એ જીવવા માટે શરીરશ્રમ ન કરનાર ઉપરના વર્ગના ૧૦ ટકા માટે રહેવા દો, પણ રોટલો રળવા જે દિનરાત કઠોર પરિશ્રમ કરતા હોય, તેમના પર શાકાહાર માટે દબાણ ન કરો. આપણે રાષ્ટ્રીય આઝાદી ગુમાવી તેનાં ઘણાં કારણોમાંનું એક આ પણ છે. સારો અને પોષક આહાર શું કરી શકે, તેનું જાપાન એક ઉદાહરણ છે.

સર્વશક્તિમાન વિશ્વેશ્વરી આપના હૃદયને પ્રેરણા અર્પો!

(સ્વામી વિવેકાનંદ, વેરિન્દર ગ્રોવર,
ઓનેસ્ટ પબ્લિકેશન, અમદાવાદ)

# બાળ ગંગાધર ટિળક અને નૂતન રાષ્ટ્રીય ઉત્સવો

ન. ચિં. કેળકર

## ૧. ગણેશોત્સવ

રાષ્ટ્રીય જાગૃતિ વિવિધ રીતે વ્યક્ત થાય છે. તે માતૃભાષા કે રાષ્ટ્રભાષા, ઇતિહાસનું સંશોધન ઐતિહાસિક વિભૂતિઓની વીરપૂજા, દેશભક્તિની લાગણીઓને પ્રેરતાં ગીતો અને એવા બધાના વિકાસનું સ્વરૂપ ધારણ કરે. કેટલીક વાર રાષ્ટ્રીય જાગૃતિનાં આ કારણો અને પરિણામો હોય છે. સૈકાઓ સુધી પાછળ ખેંચી જાય તેવી ઐતિહાસિક પ્રણાલી મહારાષ્ટ્રની છે. પેશ્વાઓના શાસનના અંત ભાગમાં શિવાજીના સમયમાં આ ઐતિહાસિક પ્રણાલીએ ભવ્યતાનું શિખર સર કર્યું. તેની ચરમ પરાકાષ્ઠાએ તેનો વિકાસ થયો હતો. ભારત પરના બ્રિટિશ શાસનની પ્રથમ અર્ધી સદીએ આ પ્રણાલીને કરમાવી અને તેનો જોરદાર સપાટો બોલાવ્યો. મરાઠાઓ તેમની સુપ્રખ્યાત બહાદુરીમાં ગુમ થઈ ગયા અને બ્રાહ્મણો સરકારી નોકરીમાં જાતે દટાયા. ટૂંકમાં, મહારાષ્ટ્રે શિયાળાનું રૂપ ધારણ કર્યું અને દરેક સ્થળે બીજું કંઈ નહીં, પરંતુ માનસિક અને રાષ્ટ્રીય રીતે નંખાઈ ગયેલ માણસ જોવા મળતો હતો.

પરંતુ જેમ શેલીએ પૂછ્યું છે, "જો શિયાળો આવે તો વસંત પાછળ રહે?" શિયાળામાં વૃક્ષો અને છોડ તેમની વૃદ્ધિમાં કંઈક પ્રયત્નશીલ દેખાય છે અને તેમનાં ધનરૂપી પાંદડાં સુકાઈ જાય છે છતાં પણ આવા નિષ્ક્રિયતાના સમયમાં જેમ હોય તેમ, એવું જીવન બક્ષે તેવું પોષણ આત્મસાત્ કરવાનું ધીમેથી અને છાની રીતે ચાલુ રાખે છે કે વસંત ઋતુના આગમનની જાહેરાત થતાં જ જે પોષણ આજ સુધી મેળવ્યું હતું અને સાચવી રાખ્યું હતું તે તેની જાતે કૂમળી કૂંપળો અને ચળકતાં પાંદડાંના સ્વરૂપે પ્રત્યેક ડાળી કે નાની નાની ડાળખી પર ખીલવાનું શરૂ કરે છે. આવું જ કંઈક મહારાષ્ટ્રમાં બન્યું. બ્રિટિશ શાસનના પ્રથમ ઊભરામાં જ મહારાષ્ટ્ર ધૂળભેગું થઈ ગયું, પરંતુ નૂતન શિક્ષણના જુસ્સાએ કે જેણે મહારાષ્ટ્રની ધરતીને સીંચી હતી તેણે ગૂંગળામણ અનુભવતા આત્માને તાજી તાકાત બક્ષી અને તે નૂતન વર્તમાનપત્રોમાં જાહેર જાગૃતિ માટે ખીલી ઊઠી, એટલું જ નહીં પણ જાગૃત રાષ્ટ્રીય ચેતનાની અભિવ્યક્તિનાં અન્ય સાધનો જેવાં કે શૈક્ષણિક અને રાજકીય નવી સંસ્થાઓમાં પણ એવું જ બન્યું. ગણપતિ દેવ અને ઐતિહાસિક નેતા શ્રી શિવાજીના માનમાં બે ઉત્સવોની ઉજવણીમાં જોકે થોડા મોડા પણ આ રાષ્ટ્રવાદની ઊગતી લાગણીનાં બે મહત્ત્વના પુરાવા તરીકે ગણવા જોઈએ. આ બે રાષ્ટ્રીય ઉજવણીનો મૂળભૂત વિચાર ટિળકને ફાળે જાય છે એમ તેના પ્રત્યે કોઈ પણ પ્રકારની કદર કે પક્ષ વિના બધા જ લેખકોએ અને વિચારકોએ દર્શાવ્યું છે. કાયદેસર રીતે કહીએ તો, ટિળક એના સ્થાપક હતા એ સાચું છે. આ બે ઉત્સવોની પ્રશંસા કરનારાઓને સંતોષ છે કે આ ભવ્ય રાષ્ટ્રીય ઉત્સવોનું કર્તૃત્વ પ્રસ્થાપિત કરવાની મુશ્કેલીમાંથી આવી કબૂલાત તેમને બચાવે છે જે આજે વધતી જતી ભવ્યતા સાથે અને ઉત્સાહના પૂરજોશમાં ઊજવાય છે.

આ બે ઉત્સવોનું વિશ્લેષણ સર વેલેન્ટીવ ચિરોલે તેમના પ્રખ્યાત પુસ્તક "ભારતીય અશાંતિ"માં આપ્યું છે. એ તેમનું સમર્થન છે કે આ બે ઉત્સવોના સાધનોથી, એક પ્રભુની પૂજા અને મહાન ઐતિહાસિક ગુણથી ભરપૂર એવા નામના માનમાં બીજો ટિળકે એક જરૂરી પ્લેટફોર્મ પ્રાપ્ત કર્યું કે જ્યાંથી તે રાજકીય જાગૃતિની તેમની લડત અસાધારણ લાભ સાથે ચાલુ રાખી શકે. પહેલાથી તેઓએ તેમના રાજકીય સંઘર્ષને ધાર્મિક મુદ્દો આપ્યો અને બીજાથી તેમણે રાજકારણની તલવાર ચમકાવી અને આ રીતે તેમના પોતાના ઇતિહાસમાં પ્રજામાં સ્વાભાવિક ગૌરવ વધાર્યું. તેમના પરની ટીકાની રીત આ બે ઉત્સવોના પિતૃપદની જવાબદારી એંગ્લો-ઈન્ડિયન લેખકોએ ટિળક પર ઢોળી છે, પરંતુ તેમના પરનું દોષારોપણ ગૌરવનું હોવું જોઈએ નહીં કે શરમ કે ખેદનું. રાજકીય આળસમાંથી પ્રજાને જાગૃત કરવાની તાકાતથી ભરપૂર અને રાષ્ટ્રીય ગૌરવથી તેમના મનને હચમચાવતા આ બે ઉત્સવોનો પ્રારંભ કરવો એ ખરેખર સજ્જનનું પાપ નથી કે જેને નોંધવા ઉદાસીન દેવાત્માઓએ આંસુ સાર્યા હોય અને તેને વશ થવામાં શરમાવું પડ્યું હોય. ખરેખર આ બે જોડકા ઉત્સવો એ બે મહાન રાષ્ટ્રીય આશીર્વાદરૂપ બની ચૂક્યા છે અને સમયે તેની તાકાત હયાત છે એમ સૌથી વધુ ખાતરીપૂર્વક સાબિત કરી આપ્યું છે.

ટિળકના સમય પહેલાં પણ લોકો ગણેશોત્સવ ખૂબ ભવ્યતા અને પ્રતિષ્ઠાપૂર્વક ઊજવતા હતા. કદાચ જૂની ઉજવણીઓ ટિળકના દિવસોની ઉજવણી કરતાં વધુ

ભવ્યતાવાળી દશ્યમાન થતી હતી. તે સ્વાભિક હતું, કારણ કે સ્વરૂપની દૃષ્ટિએ આ ઉત્સવોને રાજાઓ, રાજકુમારો, સરદારો અને આવા ઉમરાવોથી નિમ્ન કક્ષાના આગળ પડતા સભ્યોએ મદદ કરી હતી. એક રાજકુમાર, ઉદાહરણ તરીકે તેના આશ્રય હેઠળ જે ભપકાદાર સાધનસામગ્રી પ્રદર્શિત કરવા પૂરી પાડે તે સામાન્ય રીતે કોઈ એક વિસ્તારમાં રહેતા પ્રજાના એક નાનકડા જૂથ માટે ખરેખર અશક્ય છે. ટિળકનું ચાતુર્ય ઉત્સવ શરૂ કરવામાં સમાયેલું નથી, પરંતુ એને એક સામુદાયિક સ્વરૂપ આપવામાં અને પ્રજામાં રાષ્ટ્રીય ઉત્સાહનું સર્જન કરવાના સૌથી વધુ પરિણામદાયક સાધન તરીકે તેનો ઉપયોગ કરવામાં છે. આ ઉત્સવ વિશે અન્ય નોંધપાત્ર બાબત એ હતી કે તેને, મહારાષ્ટ્રમાં પ્રથમ હિન્દુ-મુસ્લિમ હુલ્લડો પછી તરત જ જાહેર સ્વરૂપ અપાયું હતું. ૧૮૯૩માં હિન્દુ-મુસ્લિમ હુલ્લડો થયાં પછી આ હુલ્લડો સામે સુમેળપૂર્વકનાં પગલાં ગોઠવવાં અને તે અંગે સાચો હિન્દુ મત દર્શાવવા એકત્રિત થયેલા નામજોષી અને અન્ય બીજા અને ટિળક વચ્ચેની ખાનગી વાતમાં આ વિચારની પ્રથમ રજૂઆત થઈ. આ સભામાં એમ સૂચન કરવામાં આવ્યું કે આ ઉત્સવની વ્યક્તિગત ઉજળણી ત્યાં ઉપસ્થિત રહેલામાંના કેટલાકે કરી તે પ્રજાની વધુ સંખ્યાને આવરી લેવા. દૂર આઘે સુધી વિસ્તૃત કરવી ત્યાં ઉપસ્થિત રહેલા સૌના મનમાં જે વિચાર ઘોળાતો હતો તેનો કદાચ આ પડઘો હતો. તે તરત જ ઝીલાયો અને થોડાક પ્રભાવશાળી બ્રાહ્મણો નહીં તેવા લોકોની મદદથી પ્રથમ વર્ષનો જ ગણપતિ ઉત્સવ નોંધપાત્ર લક્ષણથી ઝળકી ઊઠ્યો. વર્ષોવર્ષ ઉત્સવની સીમા અને ભવ્યતા ભૌમિતિક બઢતીમાં વધવા લાગ્યાં. વર્તમાન સમયમાં, ગણપતિની જાતજાતની મૂર્તિઓનો ભવ્ય પ્રભાવ, વરઘોડા, મેળા અને આવા અન્ય ભપકા તેમ જ વિધિઓ જેણે જેણે નજરે નિહાળી છે તે આ ઉત્સવની પ્રજાના મન પર પડેલી ભવ્ય/તાકાતવાન અસરને ઓળખવા શક્તિમાન બન્યા હશે.

આ ઉત્સવે સ્વયંસ્ફૂર્તિપણે એટલી અસર પ્રજાના હૃદય પર ઉપજાવી કે પુણેની પેલે પાર અનેક સ્થળોએ ખૂબ ઝડપથી તે પ્રસરી. ૧૮૯૬માં પણ આપણી પાસે તે રાષ્ટ્રીય ઉત્સવ બન્યો હતો. તે સાબિત કરવા માટે તેનો પુરાવો છે. તેણે દેશી રાજ્યોને પણ સાંકળ્યાં અને દેશી શાસન તથા બ્રિટિશ સત્તા બન્ને માટે આ અસરથી દૂર રહેવાનું અશક્ય બન્યું. ખરું જોતાં, જ્યારે ઉત્સવ ઉત્સાહભેર પૂરજોશમાં આગળ વધતો હતો ત્યારે પણ દેડકાં જેવા કેટલાક લોકો ચૂપ રહી શક્યા ન હતા. આ ઉત્સવ અંગે બાળક જેવા વિરોધો ઊભા કર્યા હતા, પરંતુ સમયે સફળતાપૂર્વક તેમના તળિયામાં જ ઘા કરીને આવા નાલેશી કરનારાઓનાં હલકા મનના માત્ર સ્મારક તરીકે તરછોડી દીધા. ખરું જોતાં તો ઉત્સવના પ્રેરકોના બખતરમાં કોઈ નબળો ડાઘ હતો નહીં. એ માત્ર બ્રાહ્મણોનો જ માત્ર ઉત્સવ હતો તેમ કહી શકાય નહીં. ઉદાસીનતામાંથી પ્રજાને રાષ્ટ્રવાદની સમજણ તરફ જાગૃત કરવાનું શસ્ત્ર હતું તે હકીકત એક ચેતવણી કરતાં તેના પક્ષની બાબતે હતી. ટિળકે, પોતે કબૂલ્યું હતું કે મુસ્લિમોના ઘમંડે ઉત્સવના વિચારને જગાડ્યો જેનો સ્પષ્ટ હેતુ તો એક કેન્દ્રીય રાષ્ટ્રીય કાર્યની આસપાસ બધા જ હિન્દુઓને એકત્રિત કરવાનો હતો. બધા જ ઊંચનીચ વર્ગના હિન્દુઓને સાથે ઊભા રહેવા માટે અને સંયુક્ત રાષ્ટ્રીય ફરજ નિભાવવા માટે મંચ પૂરો પાડવામાં કંઈ જ ખોટું નથી એવી ટીકા કરીને ટિળકે તે વારંવાર પુરવાર કરી બતાવ્યું હતું. ટિળક કહેતા શીશીઓ નિઃશંકપણે ખાલી હતી, તે માત્ર નવો દારૂ હતો જે તેમણે તેમાં રેડ્યો હતો.

૧૮૯૬માં 'કેસરી'માં એક લેખ ટિળકે લખ્યો, જેમાં ઉત્સવના વિરોધીઓને તેમણે ગોળ ગોળ ઉત્તર આપ્યો અને તે રાષ્ટ્રીય કાર્યક્રમમાં જોડાવા કહેણ મોકલ્યું. આ લેખમાં આગળ પ્રગતિ કરવાની નીતિના ડહાપણ પર ભાર મૂક્યો છે તે એવી સંસ્થાઓ કે જે સમયાધીન હતી અને શાશ્વત શાંતિથી બચી હતી. તેણે સંક્ષિપ્તમાં જણાવ્યું હતું કે જેઓ પ્રથમ પૃથ્વી સમગ્ર સપાટીને અને પછી યોગ્ય સ્થળે અને અનુકૂળ આકારના તેમની પોતાની મરજી મુજબ વહેતાં ઝરણાં અને નદીઓ સહિત પાળીપોષીને ઉછેર્યાં છે તેવા સુધારકો હંમેશાં સફળતાને વરતા નથી, એટલે કે નિષ્ફળતા વહોરે છે. ઉચ્ચ રાષ્ટ્રીય હેતુસર આવા જૂના પરંતુ સુષુપ્ત ઉત્સવો અને તેમનાં પરાક્રમોના પુનરુત્થાનમાં સહાયરૂપ બનવા વૈચારિક વર્ગને તેમણે વિનંતી કરી.

૧લી સપ્ટેમ્બર અને ૮મી સપ્ટેમ્બરના રોજ ઘટેલી ઘટનાઓમાં કેસરીમાં ટિળકે લખેલા લેખો તેમ છતાં વધુ નોંધપાત્ર છે. સૌ પ્રથમ તો, ગ્રીસમાં આવેલી એવી જ સંસ્થાઓનો સંદર્ભ સ્થાપીને આવા રાષ્ટ્રીય ઉત્સવોની જરૂરિયાત તેમણે પ્રસ્થાપિત કરી હતી. ઓલિમ્પિયા અને પીથિયાના ઉત્સવોની મહાન એકત્રીકરણની અને જાગૃતિની અસર અને તેવી જ રીતે અખાડાની પણ અસરને દૃઢાત્મક જુસ્સાથી ઉપસાવવામાં આવી હતી.

આ અને અન્ય વિદેશી ઉત્સવોનો સંદર્ભ દર્શાવીને ટિળકે યજ્ઞ અથવા બલી અને કોઈ દૈવી તત્ત્વના માનમાં યોજાતા ભવ્ય મેળા કે જેણે અતિ વિશાળ માનવમેદનીને આકર્ષીને તેમના મનમાં ઉત્સાહનું ખમીર સર્જ્યું હતું. તેવી પ્રાચીન ભારતીય સંસ્થાઓ વાચકની દૃષ્ટિ સમક્ષ લાવી મૂકી હતી. બીજા એક લેખમાં, એ અનુસંધાનમાં શિક્ષિત લોકોની ફરજો પર ભાર મૂકયો હતો. કેટલાક વધુ પ્રાચીન વાંધાજનક ઉત્સવો બંધ કરીને અન્ય વધુ ઉપયોગી તેના સ્થાને શરૂ કરવાનું સૂચન બૌદ્ધિકોને કર્યું હતું. એ ઉત્સવોની રીત બદલીને કોઈ એક પ્રકારના રાષ્ટ્રીય કાર્ય માટે પ્રજામત તૈયાર કરવા માટે સાધનોનો નવો ચહેરો આપવાની તેમની ફરજ હતી તેવું તેમણે આગ્રહપૂર્વક કહ્યા કર્યું. તેમણે કહ્યું, "નહીં ભણેલાના ગાઢ સંપર્કમાં ભણેલા વર્ગને જોડાવા માટે, તેના મૂળ જુસ્સામાં પ્રવેશવા માટે, તેમની જરૂરિયાતો અને ફરિયાદો સમજવા માટે અને છેલ્લે દેશભક્તિના બધા અન્ય નૂતન ખ્યાલો તથા શિક્ષણના શિક્ષણની સાથે સાથે જ સાહજિકતાથી પ્રાપ્ત થાય છે તેવા ફાયદાઓના તેમને સહભાગી બનાવવા આવા ઉત્સવોએ પૂરતી તકો પૂરી પાડી હતી. તેમના લેખમાં તેમને ખોટી રીતે રજૂ કરવામાં અને તેની નિંદા કરવામાં જરાય પાછીપાની કરી ન હતી તેવા સમાજસુધારકોને, ટિળકે તેમના વિચારોનો થોડોક અંશ આપ્યો હતો. આ લેખમાં, આકસ્મિક રીતે વધુ કટુવચનો સહિત તેમણે નોંધ્યું છે કે પરમકૃપાળુ પરમાત્માના તેમના ખ્યાલ પ્રમાણે ભક્તિયુક્ત ધ્યાનમાં તેમની આંખો અને હોઠ બંધ કરીને સામાજિક સુધારકોની પ્રાર્થનાસભામાં બેઠેલા રાનડે કરતાં, રામદાસ જેવા સંતની વાર્ષિક ઉજવણીમાં મુક્ત રીતે સહભાગી બનતા અથવા ગણેશ ઉત્સવમાં પ્રજાની સાથે ભળી જતા અને તે જ્ઞાનદેવની સમક્ષ લોકોને ભાષણ આપતા, તેમ જ તે સમયે અને વીર સંતનાં રાષ્ટ્રીય કાર્ય અંગે એકત્રિત થયેલા સેંકડો પ્રજાજનો સમક્ષ કોઈ પણ વિષય પર બોલતા રાનડે દેશ માટે અકલ્પનીય રીતે વધુ ઉપયોગી થયા હોત!"

## ૨. શિવાજી ઉત્સવ

તેના હેતુ માટે સેવાની પ્રત્યેક પ્રવૃત્તિનાં પ્રાકૃતિક બળોનો ઉપયોગ કરવાની ટિળકની ચતુરાઈનું શિવાજી ઉત્સવ પણ ઉદાહરણ છે. તેની વિશિષ્ટ દૃષ્ટિથી શિવાજી ઉત્સવના ખ્યાલની મહાન તાકાત શોધી કાઢી હતી અને કેસરી દ્વારા તેને વિકસાવી હતી અને માહિતી પ્રચારનાં બાહ્ય સાધનની મદદથી તેને લગભગ કાયમી આકાર આપ્યો. આધુનિક રાજકીય ચળવળોના કેલેન્ડર(પંચાંગ)માં મહત્ત્વની નિશ્ચિત તારીખે ઉત્સવ બન્યો છે અને તે માત્ર પુણેમાં નહીં, પરંતુ સમગ્ર મહારાષ્ટ્રમાં, એ હકીકત મૌલિક સ્થાપકની દીર્ઘદૃષ્ટિનો વિધાયક પુરાવો છે. શિવાજી ઉત્સવ હવે મહારાષ્ટ્રની બહાર પણ વધુ ને વધુ સ્થળોએ ઊજવવામાં આવે છે એ આ સંદર્ભમાં ગૌરવસહિત નોંધવા જેવી બાબત છે. આ ઉત્સવનું ઉદ્ભવ અત્યંત બારીક છે. ૧૮૮૫માં રામગઢમાં આવેલી શિવાજીની કબરની ખંડિયેર હાલતની જાણ પ્રજાને વર્તમાનપત્ર દ્વારા કોઈ કારણસર થઈ. આ પછી મુંબઈના ગવર્નર સર રિચાર્ડ ટેમ્પલે તેમની સત્તા હેઠળના અન્ય અધિકારીઓ સહિત આ સ્થળની મુલાકાત લીધી અને ત્યાં ઉપસ્થિત ઐતિહાસિક ઘટના અંગે આશ્ચર્યજક ઉપેક્ષા માટે ઊંડું દઃખ વ્યક્ત કર્યું. કેટલાક બીજા યુરોપિયન અને ભારતીયો, ખાનગી ગૃહસ્થો અને અધિકારીઓ તે સ્થળથી આકર્ષાયા અને તે સ્મારકની મરમ્મત કરીને ફરીથી બાંધવાના વિચારની પ્રેરણા આપી. લૉર્ડ રેએ પણ સરકાર દ્વારા મરમ્મત તેમ જ પુનઃનિર્માણનું કાર્ય હાથ ધરવા ભલામણી કરી. મરમ્મતના ખર્ચ માટે અંદાજિત ખર્ચ કાઢવામાં આવ્યો.

પરંતુ તે પછીનાં ૧૦ વર્ષ સુધી તે હિલચાલનું કંઈ જ પરિણામ ન આવ્યું અને તે વિચાર તેની મેળે એક મિથ્યા પ્રયાસ રહ્યો. ૧૮૯૫ના એપ્રિલમાં તેમ છતાં, પ્રશ્ન ફરીથી ઊભો થયો. આ મહિનાના કેસરીના અંકમાં, જ્યારે લૉર્ડ હેરીસ જેવા ભારતના એક મિત્ર સમાન વ્યક્તિ હિન્દુત્વના રક્ષક અને મહારાષ્ટ્રને મુક્ત કરનારની ભવ્યતા અને તાકાતની પ્રશસ્તિ ગાન ગાતા હતા ત્યારે શિવાજીના પોતાના સ્મારકના પુનઃસ્થાપનમાં ટચલી આંગળી પણ ન હલાવનાર શિવાજીના વારસદારો અને અન્ય સરદારો તથા અનુયાયીઓને ટિળકે અધિકારની રુએ ઠપકો આપ્યો. જાણે કે આ હાકલ સાથે, જાહેર ફંડ એકત્રિત કરવા સભાઓનું સંચાલન કરીને શિવાજીનું ઋણ ચૂકવવા રાજ્યના રાજકુમારો અને અન્ય લોકોને એકઠા કર્યા. એક વાર દડાએ ગબડવાનું શરૂ કર્યું કે ભલે ઓછા જથ્થામાં પણ પૈસા એકઠા થવા લાગ્યા અને કેસરીમાં પ્રકાશિત થયેલી આભારની યાદી સમાવવા કેટલીક જગા નાની પડતી હતી. ૩૦મી મેના રોજ એક વિશાળ જનમેદની ઔંધના પંત પ્રતિનિધિના પ્રમુખપણા હેઠળ હીરાબાગમાં યોજવામાં આવી. સેંકડો સામાન્ય માનવી ઉપરાંત મરાઠા રાજવીઓ મોટી સંખ્યામાં સભામાં

હાજર રહ્યા હતા. સરદારો માત્ર હાજર રહ્યા એટલું જ નહીં પણ સભામાં તેમણે ભાષણો પણ કર્યાં. તેલગાંવના સેનાપતિ ડભાડે સહિત ટિળક આ સભાના સંચાલક હતા. કરુન્દવાડના રાજા દેશભક્તિના કાર્ય માટે ફાળો આપવા માટે લોકોને વિનંતી કરતો પ્રથમ ઠરાવ રજૂ કર્યો. આ સભામાંથી કાર્યવાહકમંડળની ચૂંટણી થઈ. જેમાં ટિળક ચૂંટાયેલા સભ્ય હતા અને તેઓએ સભામાં નક્કી થયા પ્રમાણે કાર્યને આગળ ધપાવવાનું હતું. કોઈ એકલદોકલ મહારાજા, કોલ્હાપુરના મહારાજા જેવા પોતાના સ્વખર્ચે કામ વધુ સરળતાથી પૂરું કરે એવું સૂચન ટિળકે પોતાના ભાષણમાં કર્યું હતું. પરંતુ પ્રજાના પ્રત્યેક વર્ગ અને પ્રત્યેક જાતિના બધા જ લોકોએ પવિત્ર કાર્યમાં અંગત રસ લીધો અને પોતાની પ્રામાણિક પાઈ તેને માટે આપી એવી લાગણી થવી જોઈએ એવું બધા ઇચ્છતા હતા. સભાના અને આ આખી યોજના સમજાવવા અને તે અંગેની તેમની વાસ્તવિક સંમતિ નોંધવાના દૃષ્ટિબિંદુથી કોલ્હાપુરના મહારાજાને ત્યાં હાજરી આપવા એક પ્રતિનિધિમંડળ મોકલવાનું ઠરાવવામાં આવ્યું, પરંતુ એક નસીબજોગે સભા પૂરી થવાના જ સમયે તેમની સંમતિ દર્શાવતો તાર ટિળકના હાથમાં આવી પડ્યો.

પછી જે પ્રશ્ન વિચારવાનો હતો તે સ્મારકનું સ્વરૂપ. જુલાઈ માસના કેસરીના અંકમાં તેને લગતા વિવિધ સૂચનોની ચર્ચા ટિળકે કરી. એક જ યોજનામાં બધી જ દરખાસ્તોને સમાવવી શક્ય ન હતી, તેથી સમિતિએ શિવાજીની કબર પર છત્રી ઊભી કરવાનું નક્કી કર્યું. તેની અંદાજિત રકમ રૂા. ૪૦,૦૦૦ લગભગ થતી હતી. પ્રતિમાની કિંમત એક લાખ રૂપિયા થાય જે સમિતિના ગજા બહારની રકમ ગણાય. એ સંદર્ભમાં માત્ર પ્રતિમાનો વિચાર માંડી વાળ્યો. તે મુકાયા પછી તરત જ શિવાજી સ્મારક ચળવળે વધુ ને વધુ વિશાળ ધ્યાન અને સહાય આકર્ષ્યાં અને તે અનપેક્ષિત ખૂણાઓમાંથી પણ. મહિલાઓ પણ ઉત્સાહભેર તેમાં જોડાઈ. સનાતની શાસ્ત્રીઓએ પણ પૂરતી સહાય કરી. નાટક કંપનીઓએ લાભદાયી કાર્યક્રમો યોજ્યા. કેટલાક ઉદારમતવાદીઓએ પણ તેમના વ્યવસ્થિત ગોઠવાયેલા સમયગાળામાં આ નવી ચળવળને તેમનો સાથ આપ્યો. આમ, લગભગ નવેમ્બરમાં કુલ ફાળો રૂા. ૧૧,૦૦૦ તો થઈ ગયો. અગાઉ નક્કી કર્યા મુજબ રાજા, સરદારો અને અન્ય પ્રખ્યાત સજ્જનોના બનેલા પ્રતિનિધિમંડળે કોલ્હાપુરના મહારાજાની મુલાકાત લીધી કે જેમણે પોતાના પ્રસિદ્ધ પૂર્વજોની જેમ જ શિવાજીની કબર પર સ્મારક રચવાનું વચન આપ્યું હતું.

સફળતા જેવું કંઈ જ સફળ થતું નથી એ સત્ય ઘણું કહેવાય છે, છતાં સફળતા જેમ કરે છે તેમ ઘણી વાર ઈર્ષ્યાનાં બીજ તેના ગર્ભમાં કોઈ ઊંચકતું નથી. ટિળકના અથાગ પ્રયત્નોને કારણે સ્મારક ચળવળ જે સફળતા પ્રાપ્ત કરતી જતી હતી, તેથી ઍંગ્લો-ઈન્ડિયન જર્નલ્સ અને તેમના વિરોધીઓએ ઈર્ષ્યા અને ક્રોધ ઠાલવ્યો. અવળી ટીકાનું કંઈ પણ પ્રમાણ ટિળકને તેના માર્ગ પરથી પાછા વાળી શક્યું નહીં. તેની આગેકૂચને અટકાવવા નિરર્થક પ્રયત્ન કરતા બધા જ અવરોધકો હોવા છતાં ઝુંબેશ વિસ્તાર પામી. મુંબઈમાં પણ જે સરળતાથી વશ ન થાય તેવા શહેરમાં, ચળવળના સંચાલનના હેતુ માટે ડૉ. એ.જી. દેશમુખ, ડી.એ. ખેર અને સર ચીમનલાલ સેતલવાડ સાથેની સમિતિ રચવામાં આવી. નાણાં એકત્રિત કરવાની ઝુંબેશની સાથે સાથે શિવાજીના ઐતિહાસિક મૂલ્યોનું પુનરાવર્તન શરૂ થયું. લગભગ એ જ સમયે ન્યાયમૂર્તિ રાનડેએ મરાઠાઓની વહીવટી પ્રણાલી પર નિબંધ વાંચ્યો જેમાં શિવાજીની રાજ્યવ્યવસ્થાના વખાણ આગળ તે અટક્યા અને તેમના રાજદ્વારી ગુણોની પ્રશંસા કરી. ડેક્કન કૉલેજના પ્રોફેસર બેઈને, અફઝલખાનના વધ અંગેના પ્રોફેસર ભાનુના વક્તવ્ય પ્રસંગે પ્રમુખપદેથી તેમનો અભિપ્રાય દર્શાવ્યો હતો કે એક મહાન જાહેર આશ્રયદાતાને લાગુ પાડી શકાય તેટલાં નૈતિકતાનાં ધોરણો વડે શિવાજીને ન્યાય આપવો જોઈએ; મરાઠા માટે સ્વરાજ પ્રસ્થાપિત કરવાની જવાબદારી તેમના ખભા પર તેમણે ઉપાડી હતી અને તેમણે તે સિદ્ધ કરવા જે કંઈ કર્યું તે રાષ્ટ્રહિતાર્થે કર્યું, તેમ જ તેથી તેમને યોગ્ય જ ન્યાય મળવો જોઈએ. શ્રી કરકરિયા જેવા કેટલાક અન્ય લેખકોએ તેમનાં લખાણો દ્વારા ઝુંબેશને આગળ ધપાવી. ટિળક પોતે ઝુંબેશને સફળ બનાવવા દૃઢનિશ્ચયી હતા કે ૧૮૯૫ની કોંગ્રેસના કેટલાક મહિના પહેલાં પુણેમાં વધુ ને વધુ ચાલતા ઝઘડા અને વાદવિવાદોને વધુ પ્રોત્સાહિત કરીને તેમના મનમાં તે ઝાંખા થવા દેતા ન હતા. તેમની સ્મારક અંગેની ઝુંબેશનો પ્રચાર કરવા, કોંગ્રેસ પ્રમુખ બાબુ સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપદે ડિસેમ્બરની ૨૯મી તારીખે કોંગ્રેસના રોષ અને ધાંધલ-ધમાલ વચ્ચે રે માર્કેટ મેદાન પર જાહેર સભાનું ટિળકે આયોજન કર્યું. તે તેમના હાજરજવાબીપણાનો ખરેખર આશ્ચર્યજનક ટકોરો છે. પુરુષો અને મહિલાઓથી સભાનું સ્થળ જીવંત હતું અને એક વૃક્ષની ડાળ પર શિવાજીનો ફોટો ટિંગાવવામાં આવ્યો હતો, જેથી વિશાળ શ્રોતાગણ તેને જોઈ શકે. બાબુ સુરેન્દ્રનાથ બેનરજી અને પંડિત મદનમોહન માલવિયા જેવા પ્રખ્યાત વક્તાઓ દ્વારા આવા પ્રસંગે

રજૂ થતાં ભાષણો કેટલાં પ્રેરણાદાયી હશે તેની માત્ર આપણે ધારણા કરી શકીએ!

આ વિશાળ ઝુંબેશની સાથોસાથ, તેના ઉપસિદ્ધાંત તરીકે થોડી ઓછી વિશિષ્ટ પણ અતિમહત્ત્વની ઝુંબેશ ચાલતી હતી તે શિવાજીના જન્મદિનના માનમાં રાયગઢ મુકામે જ ઉત્સવની ઉજવણી કરવા, મહાડની પ્રજા સાથે ટિળકે જાતે ઘણો પત્રવ્યવહાર કર્યો કે જેમના પર રાયગઢના નજીકના પાડોશી તરીકે સ્વાભાવિક રીતે સૌથી મોટી જવાબદારી આવતી હતી. માર્ચની ૩જી તારીખે ઉજવણીનો કાર્યક્રમ કેસરીમાં વિગતવાર પ્રકાશિત થયો અને તે સ્પષ્ટ કરવામાં આવ્યું કે સ્મારક ફંડ અને ઉત્સવફંડ બન્ને એકબીજાંથી તદ્દન અલગ છે. માર્ચમાં તે કેવી રીતે વિકસાવી અને વિસ્તારી શકાય તેના વિવિધ માર્ગ દર્શાવતા માત્ર આ જ મુદ્દા પર ૩થી ૪ લેખો ટિળકે લખ્યા. ઉત્સવનો ઉદ્‌ઘાટન દિન ૧૫મી માર્ચ નક્કી થયો. તૈયારીઓ સંપૂર્ણપણે થઈ ગઈ હતી અને ઉત્સવ દિનની રાહ ઊભરાતા ઉત્સાહથી જોવાતી હતી. પ્રસંગ નજીક જ હતો તેમ છતાં, એમ જાણવા મળ્યું કે સરકાર તરફથી ઉત્સવ ઊજવવાની મંજૂરી પ્રાપ્ત થઈ ન હતી. લોકો તો ત્યાં ભેગા થવા લાગ્યા જ હતા અને એકદમ મુખ્યમથકના કામચલાઉ નોકરે આયોજકોના હોશકોશ ઉડાવી દીધા. આ કટોકટીએ ટિળકને મૂંઝવણમાં નાખ્યા. જેવા તેઓ મહાબળેશ્વર પહોંચ્યા અને તેમને ખબર પડી કે શ્રી ન્યુગન્ટ જેવા એક્ઝિક્યુટિવ કાઉન્સેલર્સ તેમને મળી શક્યા નહીં. ગવર્નર સુધી સીધી વાત પહોંચાડી ત્યાં સુધી તેઓ અટક્યા નહીં. આ સમયે ટિળક, બૉમ્બે લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય હતા અને સ્વાભાવિક રીતે તેમના સભ્યપદની હવાએ પ્રાણ પૂર્યો અને તેમના સાહસની સફળતાને લાભાન્વિત કરી. તેમણે લૉર્ડ સેન્ટહસ્ટને ઉત્સવનો સમગ્ર કાર્યક્રમ સમજાવ્યો અને ઝુંબેશના પુનર્નિમાણના કાર્ય સાથે કેટલાક અધિકારીઓની સંમતિ અંગે તેમને યાદ કરાવ્યું. આ રીતે સમજાવ્યા પછી ગવર્નર મંજૂરી અટકાવી શક્યા નહીં અને સ્તુત્ય કુશળતાથી તેમનું કાર્ય તેમણે કર્યું. ટિળક મહાબળેશ્વરથી સીધા રાયગઢ દોડ્યા. ઢોળાવના સીધા ચઢાણનું જોખમ અને અન્ય મુસાફરીની અગણ્ય અગવડતાઓ હોવા છતાં સેંકડો લોકો રાયગઢ એકઠા થયા હતા. ઉજવણી ૨થી ૩ દિવસની અને પ્રથમ પ્રકારની હતી તે પ્રજાના મન પર તેનો ઉત્સાહ માતો ન હતો. ઉત્સવના સંદર્ભમાં તેની સાથે વિવિધ કાર્યક્રમો અને તે બધા જ ઉત્સાહ અને આનંદથી ઉજવાયા. ટિળકે સમાપન સંબોધન કર્યું. ટિળકના દુશ્મનોએ ઉત્સવની સામે રાજદ્રોહનો આરોપ મૂક્યો હતો તેનો પ્રત્યુત્તર આપતાં તેમણે અંગ્રેજ અને ફ્રેન્ચ પ્રજાના દૃષ્ટાંત ટાંક્યા કે જેમણે ઓલિવર ક્રોમવેલ અને નેપોલિયન બૉનાપાર્ટેનાં સ્મારક અનુક્રમે રચ્યાં હતાં. સાચું કહીએ તો આ ઉત્સવ કે તેનાં વિવિધ કાર્યક્રમોમાં એવું કંઈ ન હતું કે જેનો સરકાર કે ટિળકના અન્ય વિરોધીઓ વિરોધ કરી શકે. તેમ છતાં, તેમની સામેના કેસમાં શિવાજીના ઉત્સવના એક સંચાલક તરીકેની હકીકત તેમના રાજદ્રોહી હેતુઓની તપાસ તરીકે સ્વીકારવામાં આવી હતી. સામાજિક સુધારકો ટિળક સાથે તેમના પક્ષે ગુસ્સે થયા, કારણ કે તેઓએ શિવાજીનું વર્ણન એક ઈશ્વરના અવતાર તરીકે કર્યું હતું. પરંતુ સમાજસુધારકોના આવાં આક્રમણો સામે ખૂબ સફળતાપૂર્વક ટિળકે પોતાની જાતનો બચાવ કર્યો, જોકે સરકાર સામેના તેના બચાવે કડાઈમાં માંસ કરતાં કંઈ વધુ સાબિત થયું નહીં.

આ ઉત્સવ પછી સ્મારક ફંડના ભંડોળ માટેના પ્રયત્નો ઢીલા પડ્યા. રૂા. ૫૦,૦૦૦નો કુલ સરવાળો થયા પછી જ પુનર્નિર્માણનું કાર્ય કરવાનું શરૂ કરવું એવો ટિળકનો વિચાર હતો, પરંતુ માત્ર પ્રસંગોપાત્ પડતાં ટીપાં કોઈ પણ સરોવર ભરતાં નથી. ટિળક પણ આમાં કંઈ આગળ વધ્યા નહીં. તેઓ વિચારતા હતા કે આ હેતુસર નિર્માયેલી સમિતિ જરૂર હશે તે કરશે અને કદાચ તેમની મોટી આશા એ હતી કે રાજકુમારો અને રાજાઓ તરફથી ફંડ પેટે અઢળક નાણાં પ્રાપ્ત થશે. સ્મારક ફંડ તેમ છતાં તેમના મગજની બહાર ન હતું. તેમની સામેના કેસમાં વાંધાજનક લગભગ બધી જ બાબતો શિવાજી ઉત્સવને લગતી હતી. કેદમાંથી છૂટ્યા પછી રાયગઢ મુકામે ભવ્ય ઉત્સવો ફરીથી ઉજવાયા. આ ઉત્સવ કલકત્તા સુધી મુસાફરી કરી ગયો. લૉર્ડ લેમિંગ્ટનના સામ્રાજ્યમાં મુંબઈ સરકારે સ્મારક માટે રૂા. ૫,૦૦૦નું દાન આપવાનું કબૂલ્યું હતું. ટિળકના સમયગાળા દરમિયાન અને તેમના પછી એકત્રિત કરેલું ફંડ ખરેખર તો વર્ષો સુધી સુષુપ્તાવસ્થામાં પડ્યું રહ્યું. આજે હવે જ્યારે સ્મારક તેની નજદીકમાં ધર્મશાળાની વધારાની સગવડ સાથે ખરેખર બંધાઈ રહ્યું છે ત્યારે તેની ઇચ્છાની કદાચ વધુ પૂર્ણતા સાથે ટિળકનો આત્મા સંપૂર્ણ શાંતિથી આરામ કરતો હોવો જોઈએ. તેમ છતાં, આ સિદ્ધહસ્તની વિગતો આ ગ્રંથમાં આવરી લેવામાં આવી છે તેના કરતાં પછીના યુગના ઇતિહાસમાં વધુ યોગ્ય રીતે સમાવી લેવાત.

(બાળ ગંગાધર ટિળક,
વેરિન્દર ગ્રોવર, ઓનેસ્ટ પબ્લિકેશન, અમદાવાદ)

## નવમી ઓગસ્ટ

**સરદાર પટેલ**

**(તા. ૯-૮-૧૯૪૫ના રોજ અહમદનગરના કિલ્લામાંથી બહાર આવ્યા પછી મંબઈમાં જાહેર જનતા આગળ આપેલું ભાષણ)**

આજે નવમી ઓગસ્ટ છે. આજે સવારમાં જ્યારે હું વહેલો ઊઠ્યો અને છાપાં જોયાં ત્યારે પહેલી વસ્તુ જે મારી નજરે પડી તે બિહારના નવયુવાન શ્રી મહેન્દ્ર ચૌધરીની ફાંસીની. વેવલ સાહેબ તો કહે છે કે, ગઈ ગુજરી ભૂલી જાઓ. બ્રિટનના નવા સેક્રેટરી ઓફ સ્ટેટ તો હિંદ સાથે સમાન ભાગીદારી ઇચ્છે છે. તો શું એનો એવો અર્થ છે કે જો એક જુવાનને અહીં ફાંસીએ ચઢાવ્યો તો ત્યાં એના જેવા બીજા જુવાનને ફાંસીએ ચઢાવવો? મને આ બધામાં ખૂબ શંકાઓ રહે છે. આપણા પ્રમુખશ્રીનો આદેશ છે કે તા. ૯મી ઓગસ્ટ કોંગ્રેસની પ્રતિષ્ઠા વધે એ રીતે ગૌરવથી અને શાંતિપૂર્વક ઊજવવી જોઈએ. તેઓ ઇચ્છે છે કે દેશનું વાતાવરણ ડહોળાય એવું કંઈ ન બોલવું જોઈએ. આપણે આજ સુધી તો શાંતિપૂર્વક એમના આદેશનો અમલ કર્યો. પણ બહાદુર જુવાનોની ફાંસીનો શો અર્થ કરવો? જો આ નગ્ન હકીકતનો આપણે કાંઈ ઇલાજ ન કરવાના હોઈએ તો હવે મારું મોં કોઈ બંધ નહીં કરી શકે. સ્વરાજ મળો યા ન મળો, પણ દરેક વખતે આમ જતું કરવાથી તો ચોક્કસ સ્વરાજ નહીં આવે. આજે તમને કંઈ ખાસ કહેવાને પહેલાં મારો ઇરાદો નહોતો પણ જ્યારે આ હૃદય ઊકળી ઊઠે એવા ફાંસીના ખબર વાંચ્યા ત્યારે મને થયું કે ખરેખરું બોલવાનો વખત આવી ગયો છે.

છેલ્લા ત્રણ વરસમાં હિંદે ઘણા ફેરફારો જોયા. આખી દુનિયામાં પણ ફેરફારો થયા છે. જેલમાં તો અમે તદ્દન અંધારામાં હતા. બહાર આવીને આ સમય ગાળામાં શું બન્યું તે વિષે થોડું જાણ્યું. જ્યારે અમને પકડવામાં આવ્યા ત્યારે અમને ક્યાં લઈ જવાના છે તે પણ નહોતું કહ્યું. અમારા પર કેસ ચાલશે એવી ધમકીઓ પણ આપેલી. જે વાઇસરોય ગયા તેમણે તો અમને લખેલું કે ૧૯૪૨નાં તોફાનો માટે તમારા પર કેસ ચલાવવામાં આવશે. અમે તો બે કારણોસર એ તક આવકારી હતીઃ એક તો આપણી લડતનું ન્યાયીપણું દુનિયા સમક્ષ સાબિત કરવાની અને બીજું, સાથે સાથે સાચા ગુનેગારને ઉઘાડો પાડવાની તેથી તક મળત. પણ એક વાઇસરોય તો ઊપડી ગયા. ઘણા વાઇસરોય આવ્યા અને ગયા પણ સૌના દાવપેચ તો એકસરખા જ હોય છે. હિંદે સેક્રેટરી ઓફ સ્ટેટ પણ ઘણા જોયા, પણ આ છેલ્લાના જેવો તે કદી નથી જોવામાં આવ્યો. ઍમરી સાહેબના જવાથી કોઈની આંખમાં આંસુ નથી પડ્યાં. એમને પોતાને પણ જવું પડ્યું તેથી ખાસ આઘાત લાગ્યો છે એવું મને લાગતું નથી.

અમને મુક્ત કરવામાં આવ્યા ત્યારે અમને ‘ગઈ ગુજરી ભૂલી જાઓ, બન્ને બાજુએથી ભૂલો તો થઈ છે’ એમ ધીમેથી કહેવામાં આવ્યું. અમે એમનામાં વિશ્વાસ રાખ્યો અને એમની વૃત્તિમાં કંઈ ફેરફાર થયો છે એમ માન્યું, કારણ કે ભૂતકાળમાં કોઈ વાર એ એમની ભૂલો કબૂલ નહોતા કરતા. અમને લાગ્યું કે ચોખ્ખી પાટી ઉપર શરૂ કરવામાં કશું ખોટું નથી. પણ જ્યારે સવારમાં ઊઠીને બિહારના બહાદુર જુવાનની ફાંસીની વાત વાંચી ત્યારે, ‘ગઈ ગુજરી ભૂલી જાઓ’નું તેમનું સૂત્ર એ બ્રિટિશ મુત્સદ્દીગીરી છે એવી શંકા મારા મનમાં પેઠી. જો ભૂતકાળની વાતો વીસરવાની હોય તો પડદો બેઉ બાજુ પર પડવો જોઈએ. જો એક બાજુ પર પડદો પડવાનો હોય તો બીજી બાજુ અમારે પૂરેપૂરી ઉઘાડી પાડવી પડશે.

જાપાનમાં ઍટમ બૉમ્બથી બાળકો, જુવાનો, ઘરડાં, જાનવરો, વગેરે સાથે આખાં શહેરોનો નાશ કરવામાં આવ્યો. એ પશ્ચિમની સંસ્કૃતિની કશી માઝા વિનાના સિતમનું પ્રદર્શન છે. જાપાનને તેની પૂરતી નોટિસ આપવામાં આવતી હતી એમ કોઈ કહે તેથી શું? અને

જાપાને તો 'વાવ્યું એવું લણ્યું', પણ જો આ લોકો આમ વિનાશનો માર્ગ લેશે તો દુનિયાને ગાંધીજીને યાદ કર્યા સિવાય બીજો રસ્તો નથી. કારણ હવે દુનિયાનો નાશ કરવો એટલું જ પાગલપણું બાકી રહ્યું છે.

એમ કહેવામાં આવે છે કે ત્રણ વડાઓ તેમની સત્તાનો કદી દુરુપયોગ નહીં કરે અને તેઓ નવી સમાજરચના ખડી કરવાના છે.

પણ માવનજાત તેમનો ઇતિહાસ જાણે તો તેમના આ દાવા વિષે વિશ્વાસ બેસવો મુશ્કેલ છે. બીજા બેની વતા જવા દો પણ અંગ્રેજોનું તો આપણે જાણીએ છીએ. એ લોકો કહે છે એક વાત અને કરે છે તેથી ઊલટું જ.

હમણાં ઈંગ્લેંડમાં મજૂર પક્ષ સત્તા પર આવ્યો છે. રૉઈટરનો પ્રતિનિધિ મજૂર પક્ષની ફતેહ થઈ તેની મારા પર શી અસર થઈ તે જાણવા આવ્યો હતો. મેં એને કહ્યું કે એ પક્ષને જ પૂછો ને! કારણ કે ફતેહ તેમની થઈ છે. ભૂતકાળમાં તો એ પક્ષનો આપણને પૂરતો કડવો અનુભવ થયેલો છે. આજે તો એમની ફતેહથી હું રાજીયે નથી અને દિલગીરે નથી. એમનાં કાર્યોથી જ આપણે તેમનો ન્યાય તોળીશું. કેટલાક કહે છે કે હિંદનો રાજ્યકારભાર તો ગવર્નરો, સેક્રેટરીઓ અને બીજા અસંખ્ય નોકરોથી ચાલે છે. તેમાં બ્રિટિશ સરાકર આ ફાંસી જેવા નાના બનાવ પર શી રીતે ધ્યાન આપી શકે? તો મારું એ કહેવાનું છે કે જો તેઓ એટલે દૂરથી જરા પણ જવાબદારી વિના ચાલીસ કરોડ લોકો પર રાજ્ય ચલાવવા ઇચ્છતા હોય તો તેમણે એ બોજો છોડી દેવો જોઈએ, અને જેઓ આ તંત્ર સારું ચલાવવાને શક્તિમાન છે તેમને સોંપી દેવું જોઈએ. ફાંસી એ રાજવહીવટના રોજબરોજના કામની વાત માત્ર હોય તો એમ સ્પષ્ટ કહો એટલે ખબર પડે. 'હિંદ છોડો' એ આપણી લડતનું સૂત્ર છે. અને એ તો આખર સુધી રહેશે જ. હિંદે ત્યાગનો રસ્તો પસંદ કર્યો છે. હવે એને વિશેષ યોજનાઓ આપવાની રહેતી નથી.

સરકારે ૧૯૪૨નાં તોફાનોની જવાબદારી કોંગ્રેસ પર નાખી છે. જો કોંગ્રેસે એવાં તોફાનવાળો કાર્યક્રમ કરવાનો ઇરાદો રાખ્યો હોત તો તેનાં પરિણામો વધારે ખરાબ સ્થિતિમાં મૂકી દેત. પણ કોંગ્રેસ તો હજી પણ તે રસ્તે જવા ઇચ્છતી નથી. ઊલટું તેણે તો જુવાન વર્ગને તે રસ્તે જતાં અટકાવ્યો છે. એને તો પરદેશીઓને કાઢવા છે. તોફાનને રસ્તે જવાથી એ ઉદ્દેશમાં સફળ ન થવાય એ, એ બરાબર સમજે છે. ગાંધીજીએ જે અહિંસાનો રસ્તો બતાવ્યો છે તે હિંદ સંપૂર્ણપણે અપનાવી શક્યું નથી એ ખરું. ગાંધીજીના જેવી અહિંસા પર શ્રદ્ધાવાળો માણસ મેં હજી બીજો જોયો નથી. તમે તલવાર ન ચલાવી શકો તો પણ તલવાર દેખીને ડરી જાઓ એવા તો ન જ હોવા જોઈએ. ગાંધીજીએ સરકારને 'ના' કહેતાં લોકોને શીખવ્યું છે.

આ લડતથી ખૂબ ફાયદો થયો છે. બહેનોમાં ઘણી જાગૃતિ આવી છે. લડત દરમ્યાન ગામડાંમાં બહેનોને જે સહન કરવું પડ્યું છે તેનો શહેરના લોકોને ખ્યાલ પણ નથી. કોંગ્રેસ પાછી નથી પડી, પણ વધુ તાકાતવાળી થઈ છે. તેથી ગાંધીજીએ જ્યારે લોકોને ગૌરવપૂર્વક સવિનય ભંગ કરવાની સલાહ આપી ત્યારે સરકારે કાયદાને ઊંચે મૂકીને તેના લશ્કરને લોકોની લડત દાબી દેવા સૂચનાઓ આપી.

અંગ્રેજો હિંદુ-મુસલમાનના ઝઘડાની વાત કરે છે; પણ તેની જવાબદારી તેમના માથા પર કોણે નાખી છે? જો તેઓ સાચા હોય તો તેઓએ કોંગ્રેસ અથવા લીગને સત્તા સોંપી દેવી જોઈએ. જો દુનિયામાં કોઈ પ્રમાણિક માણસો રહ્યા હોય તો તેવી આંતરરાષ્ટ્રીય નિષ્પક્ષ પંચાયતને આ કેસ સોંપવો જોઈએ. પણ જો સરકારની નીતિ કોમી ઝઘડાનું નિરાકરણ ન થાય ત્યાં સુધી કશું ન કરવાની જ હોય તો કોંગ્રેસનો સરકાર સાથેનો ઝઘડો ચાલુ રહેશે.

મને એક જ અઠવાડિયું બ્રિટન ઉપર રાજ કરવા દો, તો ગ્રેટ બ્રિટનમાં એવા મતભેદો ઊભા કરી આપું કે ઈંગ્લેંડ, વેલ્સ અને સ્કૉટલેન્ડ કાયમના ઝઘડતાં થઈ જાય. એટલે આવા ઝઘડા કે મતભેદોનું બહાનું કાઢવું અને સાચી વસ્તુ પર ઢાંકપિછોડો કરવા એ બરાબર નથી.

(સરદાર વલ્લભભાઈનાં ભાષણો – ૧૯૧૮થી ૧૯૪૭)

(સંપાદકોઃ નરહરિ દ્વારકાદાસ પરીખ,
ઉત્તમચંદ દીપચંદ શાહ, નવજીવન પ્રકાશન, અમદાવાદ)

## ભારતીય રાષ્ટ્રવાદ
## તેનાં મૂળ, અંતસ્તત્ત્વ અને મહત્ત્વ

**ક.મા. મુનશી**

મારા નવયુવાન મિત્ર,

અર્વાચીન ભારતનો રાષ્ટ્રવાદ તેનાં મૂળ, સત્ત્વ અને મહત્ત્વની દૃષ્ટિએ પશ્ચિમના રાષ્ટ્રવાદોથી ઘણો જુદો પડે છે.

પંદરમી અને સોળમી સદીમાં જ્યારે ઈંગ્લેંડ, ફ્રાંસ અને નેધરલેન્ડ્ઝ રાષ્ટ્રો તરીકે અસ્તિત્વમાં આવ્યાં ત્યારે યુરોપમાં રાષ્ટ્રવાદનો જન્મ થયો. પડોશના દેશો સાથેનાં યુદ્ધો દરમ્યાન તેઓની સામાજિક-રાજકીય રાષ્ટ્રીયતા ઘાટ પામી. મેઝિનીએ ઇટલીને સંગઠિત કર્યું ત્યારે આ રાષ્ટ્રીયતાની વિભાવનામાં લાગણીનો અંશ ભળ્યો અને હેગલે રાષ્ટ્રને ગૂઢ વ્યક્તિત્વ આરોપી એ અંશને પુરસ્કાર્યો.

ભારતીય રાષ્ટ્રવાદનાં મૂળ તો છેક વેદકાળમાં જોઈ શકાય છે. ત્યારે પૃથ્વીને દેવી તરીકે ઉદ્બોધન કરાયું હતું. અથર્વવેદના પૃથિવી-સૂક્તમાં કહેવાયું છેઃ

देवी दधातु सुमनस्यमाना

(શુભકામનાવાળી પૃથ્વીમાતા અમારું ધારણ-પોષણ કરો.)

વેદકાળના આર્યોને સપ્તસિંધુ પરત્વે ગાઢ મમત્વ હતું. તેની સાત સરિતાઓને તેઓ દેવી તરીકે પૂજતા હતા. સરસ્વતી આ સૌ સરિતાઓમાં વધારે પૂજ્ય મનાતી. તેના કિનારે ઋષિમુનિઓના આશ્રમો આવ્યા હતા. એ જ્યારે લુપ્ત થઈ ત્યારે તેમાં જ્ઞાનની દેવીનો સંકેત આરોપવામાં આવ્યો.

આ વિભાવના જે ભૂમિમાં આર્યો જીવતા હતા તેને પણ લાગુ પડાઈ – આની પાછળ સામાજિક, રાજકીય કે આર્થિક હેતુઓ ન હતા; પણ આ ભૂમિ દેવો, વીરો અને વિશેષતઃ ઋત્‌ની સર્વોપરિતાને સિદ્ધ કરનાર ઋષિઓ જોડે સંકળાયેલી હોઈ તેઓ તેને પવિત્ર માનતા હતા.

કુરુક્ષેત્ર ધર્મક્ષેત્ર કહેવાતું હતું કારણ કે ब्राह्मणः वेदपारगः – વેદમાં પ્રવીણ એવા બ્રાહ્મણો – ત્યાં વસતા હતા. એ પછી આર્યાવર્તને પણ પવિત્ર ભૂમિ લેખવામાં આવતી હતી કારણ કે ત્યાં અપરિગ્રહમાં માનતા અને વિદ્યાભ્યાસને વરેલા બ્રાહ્મણો વસતા હતા.

આમાંથી જ તીર્થનો મહિમા વિકસ્યો; જે સ્થળોએ, વિશેષતઃ સરિતાના તટો પર ઋષિઓએ આશ્રમો બાંધ્યા હોય કે જ્યાં મહાન યજ્ઞો થયા હોય એ સ્થળોનો પ્રજાના મનમાં મહિમા સ્થપાવા લાગ્યો. આ સ્થળો સાથે વીરત્વ, તપશ્ચર્યા કે ચમત્કારોની ગાથાઓ વણાઈ.

સાહિત્ય દ્વારા તીર્થોનો મહિમા સામૂહિક મનનો એક ભાગ બન્યો. મહાભારતના વનપર્વમાં ઋષિ ધૌમ્ય પાંડવોને તીર્થો સાથે સંકળાયેલી કથાઓ કહી બતાવે છે ત્યારે આનો ખ્યાલ આપણને સાંપડે છે.

પ્રત્યેક હિંદુ શક્ય એટલાં તીર્થોની મુલાકાત લઈ ધાર્મિક પ્રેરણા મેળવતો અને એમ કરવામાં એ પોતે જ્યાં જીવતો એ પવિત્ર ભૂમિ વિશે હંમેશાં સજાગ રહેતો. તીર્થોની યાત્રાએ ગયા વિના પણ એ ધાર્મિક પ્રસંગો અને વિધિઓ વખતે પવિત્ર નદીઓ અને નગરોનાં નામોનો ઉચ્ચાર કરતો.

આપણા ધાર્મિક સાહિત્યના અંગભૂત કહી શકાય એવા અને મધ્યકાલીન સાહિત્ય માટે પ્રેરણાનો સ્રોત બનેલાં પુરાણો, તીર્થોનો અને દેશના જુદા જુદા ભાગમાં પ્રતિષ્ઠા પામેલા દેવોનો, મહિમા ગાય છે. આમ સમગ્ર ભારતભૂમિ પુણ્યભૂમિ લેખાવા લાગી. વિષ્ણુપુરાણ (૨, ૩, ૨૪)માં કહેવાયું છેઃ

गायन्ति देवाः किल गीतकानी
धन्यास्तु ते भारतभूमिभागे ।
स्वर्गापवर्गास्पदमार्ग भूते
भवन्ति भूयः पुरुषाः सुरत्यात् ॥

(દેવો પણ ભારતવર્ષનો મહિમા ગાય છે કે જેઓ ભારભૂમિમાં – જ્યાં સ્વર્ગ અને મોક્ષનો સાચો માર્ગ રહ્યો છે એ ભૂમિમાં જન્મ્યા છે તેઓ આપણાથી પણ વધારે સદ્‌ભાગી છે.)

શ્રીમદ્ ભાગવત (૪, ૩૯,૨૦) પણ લગભગ આ જ વાત કહે છેઃ

अहो अमीषां किमकारि शोभनम् प्रसन्न एषां स्विदुत स्वयं हरिः ।
यैर्जन्मलब्धं नृषु बारताजिरे मुकुन्दसेवौपायिकं स्पृहा हि नः ॥

(અહો! આ ભારતવાસીઓએ શું ભલું કાર્ય કર્યું હશે જેથી સ્વયં ભગવાન વિષ્ણુ તેમના પર પ્રસન્ન છે! જેઓ ભારતમાં જન્મી મુકુન્દની સેવામાં જન્મ વીતાવે છે – એમની અમને ખૂબ સ્પૃહા છે. અર્થાત્ અમે પણ ભારતમાં જન્મ લેવા ઉત્સુક છીએ,)

આમ સારાયે દેશમાં એકતાની ભાવના જળવાઈ રહી હતી. કેરળના નાંબૂદ્રી બ્રાહ્મણો જ બદ્રીનાથ વડા પૂજારી થઈ શકે એ પદ્ધતિ આજે પણ છે. ત્રિવેન્દ્રમ્‌ના પવિત્ર મંદિરમાં શ્રી પદ્મનાભની મૂર્તિ રચવા નેપાળથી બાર હજાર ને આઠ શાલિગ્રામો કેરળ લાવવામાં આવ્યા હતા. દક્ષિણમાં રામેશ્વરમ્ ખાતે ભગવાન શિવના પૂજનાર્થે ગંગાનું જળ લાવવામાં આવે છે. પશ્ચિમે દ્વારકા, પૂર્વમાં પુરી, છેક પશ્ચિમે પરશુરામકુંડ, ઉત્તરે અમરનાથ અને દક્ષિણે રામેશ્વરમ્ એ આ પવિત્રભૂમિનાં તીર્થો લેખાયાં.

મધ્યકાળમાં વિદેશી આક્રમકોનાં ધાડાં ઊતરી પડ્યાં ત્યારે પણ પ્રજાની સામૂહિક ચેતનામાં ભારત એક અને અવિભાજ્ય પવિત્ર ભૂમિ રૂપે જ વસતું હતું.

એ પછી અંગ્રેજોનો યુગ આવ્યો. એ સાથે જ પશ્ચિમનો પ્રભાવ આપણે ત્યાં વધ્યો અને ભારતીય નવજાગૃતિનો જન્મ થયો.

પુણ્યભૂમિ ભારતને ભારતમાતામાં પલટાવવાનો ચમત્કાર કોણે કર્યો એનો મને ખ્યાલ નથી. મારા વાંચવામાં આવેલા અજાણ્યા કર્તૃત્વ અને અચોક્કસ કાળના એક સ્તોત્રમાં ભારતને માતા તરીકે સંબોધન કરાયું છે.

મને ખ્યાલ છે ત્યાં સુધી સાહિત્યમાં આ ચમત્કાર સાધનાર સૌ પ્રથમ સર્જક છે બંકિમચંદ્ર ચેટરજી. ભારત એ કેવળ પુણ્યભૂમિ ન રહ્યું – એ તો દુર્ગા, મા ભગવતી બની – એના સાઠ કરોડ હાથ તલવાર ધારણ કરીને ઊંચા થતા હોય એવું ચિત્ર કલ્પના સમક્ષ આવ્યું.

ભારતમાતા કેવળ હિંદુઓની જ દેવી ન રહી. એ તો ભારતમાં વસનારા સૌ કોઈની માતા બની. વિભાવનામાંનું આ પરિવર્તન પશ્ચિમના રાષ્ટ્રવાદના આપણે ત્યાં પડેલા પ્રભાવને આભારી હતું. પરંતુ ભારતીય માનસ માટે રાષ્ટ્રવાદ પશ્ચિમમાં છે એવી કેવળ રાજકીય વિભાવનારૂપે ન રહ્યો; આ વિભાવનામાં હૃદયની નિષ્ઠા અને ઊંડી ધાર્મિક સમર્પણભાવનાનો વિનિયોગ થયો અને આથી જ આખાયે દેશના ભારતીય સાહિત્યમાં તેનું પ્રતિબિંબ જોવા મળે છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું: "આવતાં પચાસ વરસો સુધી આ જ આપણો પ્રધાન સૂર બનશે – આપણી વિશાળ ભારતમાતા. બીજાં તમામ દેવદેવીઓ થોડા સમય માટે આપણા મન પરથી હટી જવાં જોઈએ. ભારતમાતા એ એક જ જાગ્રત દેવતા છે. એ સકલને આવરી લે છે."

ભારતીય રાષ્ટ્રવાદના મૂર્તિમંત અવતાર સમા શ્રી અરવિંદે સામૂહિક માનસની આ નવી ભાવનાને શબ્દદેહ આપ્યો; "માભારતી એ કેવળ પથ્થરનો ટુકડો નથીઃ એ શક્તિ છે, ભગવતી છે, માતૃભૂમિના સ્પર્શમાત્રથી દેહ પુલકિત થઈ ઊઠે છે. ભારતીય સમુદ્રો પરથી ફૂંકાતો પવન, ભારતના પર્વતોમાંથી વહેતી નદીઓ, ભારતીય ભાષાઓનો ઉચ્ચાર, સંગીત, કવિતા, ભારતનાં દૃશ્યો, અવાજો, આદતો, પોશાક અને જીવનની પદ્ધતિઓ – આ બધામાં એ પ્રેમનાં મૂળ દેખાય છે. આપણા ભૂતકાળનું ગૌરવ, વર્તમાનની વ્યથા અને ભવિષ્યની આશા એ એના થડ અને શાખાઓ છે. આત્મસમર્પણ, આત્મવિલોપન, સેવા અને દેશ માટે સહન કરવાની શક્તિ એ તેનાં ફળો છે. તેને જીવંત રાખનાર રસ છેઃ મા ભગવતીની વિભાવના, માનું દર્શન, માનું જ્ઞાન અને માનું મનન."

સ્વામી રામતીર્થ એક સ્થળે કહે છેઃ "હું જ ભારતવર્ષ છું તેના પૂર્વ અને પશ્ચિમ મારા બે હસ્તો છે. એ હું પ્રસારીને સમગ્ર માનવતાને આલિંગનમાં લઉં છું. મારો પ્રેમ સાર્વત્રિક છે. હું જ શંકર છું, હું જ શિવ છું. આ જ દેશપ્રેમની સર્વોચ્ચ પ્રતીતિ છે, આ જ વ્યવહારુ વેદાન્ત છે."

ગાંધીજીએ રાષ્ટ્રવાદના ધાર્મિક સત્ત્વને સ્વીકાર્યું એટલું જ નહીં, તેમાં નવું મહત્ત્વ આરોપ્યું. એમણે રાજકારણમાં પણ ધર્મભાવનાનો વિનિયોગ કર્યો. તેઓ કહે છે, "મારું રાજકારણ અને મારી બીજી બધી જ પ્રવૃત્તિઓ મારા ધર્મમાંથી પ્રકટી છે... સમગ્ર સમાજ સાથે સમાનતા સ્થાપ્યા વિના હું ધાર્મિક જીવન જીવી શકું નહીં અને રાજકારણમાં ભાગ ન લઉં ત્યાં સુધી સમગ્ર સમાજ સાથે સમાનતા પણ સ્થાપી શકું નહીં." એમના રાષ્ટ્રવાદનો આદર્શ કેવળ રાષ્ટ્રીય સ્વતંત્રતા જ નહીં, પણ સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ સિદ્ધ કરવાનો પણ હતો.

ગુરુદેવ ટાગોરનો રાષ્ટ્રવાદ એથીયે વિશાળ હતો. એમને મન સમાજ એ આ 'નૈતિક અને આધ્યાત્મિક

આકાંક્ષાઓની અભિવ્યક્તિ' સમાન હતો.

ભારતીય રાષ્ટ્રવાદના ઘડતરમાં ભગવદ્ગીતાનો ગણનાપાત્ર ફાળો છે. ભારતીય નવજાગૃતિના વિધાયકોને એમની પ્રેરણા ગીતામાંથી જ સાંપડી હતી. મધ્યયુગમાં નિવૃત્તિમાર્ગ પર ભાર આપતો હતો એમાંથી જાહેર કર્મક્ષેત્રને બચાવવાની પ્રેરણા લોકમાન્ય તિલક, શ્રી અરવિંદ અને મહાત્મા ગાંધી જેવા રાષ્ટ્રનેતાઓને ગીતામાંથી જ સાંપડી હતી. પરિણામે નિષ્ઠા અને કર્મયોગ આપણા રાષ્ટ્રવાદનાં અંગભૂત તત્ત્વો બન્યાં અને આપણા રાષ્ટ્રવાદને લાક્ષણિક ઘાટ સાંપડ્યો.

આમ ભારતીય રાષ્ટ્રવાદનું અંતસ્તત્ત્વ યુરોપીય રાષ્ટ્રવાદથી તદ્દન જુદું છે. એ ઉછાંછળું, લશ્કરી આકાંક્ષાવાળું કે વિસ્તારવાદી મનોવૃત્તિ ધરાવતું નથી. એનું સ્વરૂપ તો સાધના જેવું છે. એમાં આધ્યાત્મિકતાના અંશો રહ્યા છે, જેની સાથે ધ્યેયની ભાવના સંલગ્ન છે.

રાષ્ટ્રવાદી આકાંક્ષાઓ વિસ્તરતાં ભારતીય નવજાગૃતિનો ઉદય થયો અને ભારતમાતાની ભાવના જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં અદમ્ય ઉત્સાહ સાથે ગૂંથાઈ ગઈ.

બંકિમબાબુના 'વંદે માતરમ્' ગીતે ભારતીય મનનો જે રીતે કબજો લીધો હતો અને જીવન, સાહિત્ય, રાજકારણ અને ધર્મ પર જે પ્રભાવ પાથર્યો હતો એનાથી પ્રસ્તુત વાતનો ખ્યાલ આવશે. 'વંદે માતરમ્' ભારતીય નવજાગૃતિનું વિજયગીત હતું. એને પ્રથમ રાષ્ટ્રગીતનો અને પછી રાષ્ટ્રીય પ્રાર્થનાનો દરજ્જો સાંપડ્યો. એણે જ સ્વતંત્રતાના યુદ્ધને પ્રભુએ સોંપેલા કર્તવ્ય તરીકે ઓળખાવ્યું. એના કારણે જ અસંખ્ય યુવાન સ્ત્રીપુરુષો હસતાંહસતાં શહીદીને પંથે ગયાં, ફાંસીને માંચડે ચઢ્યાં કે કારાગારની દીવાલો પાછળ પૂરાયાં.

અમે વર્ષો સુધી કારાવાસમાં હતા ત્યારે હમેશાં સવારે ને સાંજે વંદે માતરમ્ ગાતાં. દેશભરની પ્રજા આ સૂરો ઝીલતી. કોંગ્રેસના ત્રિરંગી ધ્વજને સલામી આપ્યા પછી સ્ત્રીઓ અને પુરુષો એકી અવાજે બોલતાં: 'બોલો ભારતમાતા કી જય.' આ તેમનો પ્રેરણામંત્ર હતો, પોતાની માતાને સર્વસ્વનું સમર્પણ કરવા તેઓ તત્પર હતા.

આ વિરાટ પ્રભાવ કેવળ રાજકારણને કારણે ન હતો. આ પ્રેરક ભાવનાના પડઘાઓ દેશભરમાં એ કાળે સર્જાતા સાહિત્યમાં પણ સાંભળવા મળ્યા. આપણે એક જ ઉદાહરણ લઈએ તો દક્ષિણના મહાકવિ સુબ્રહ્મણ્ય ભારતીએ ભારતમાતાને સંબોધી ઉત્કટ ભાવાવેશથી ભરપૂર કવિતાઓ લખી છે.

પરિણામે ભારતીય રાષ્ટ્રવાદને વ્યાપક મહત્ત્વ સાંપડ્યું. એથી દેશવાસીઓને એકસૂત્રે બાંધતું લાગણીનું બંધન સાંપડ્યું. 'વંદે માતરમ્'ના હૃદયસ્પર્શી ઉદ્ગારોમાં સૂર પુરાવતા કરોડો ભારતવાસીઓના મનમાં ભારતમાતાનું સ્વરૂપ વસ્યું હતું. આપણાં વારસાગત નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને પુનઃ પ્રાણવાન બનાવવાનું, જ્યાં સુધી ભારતનો અવાજ પહોંચે ત્યાં સુધી પ્રસરાવવાનું. અને આમ આ મૂલ્યો સમગ્ર માનવજાત માટે પ્રેરણારૂપ બને એવું કરવાનું આપણું કર્તવ્ય થઈ પડ્યું.

પરંતુ આખરે આપણે પણ માનવો છીએ. ઘણી યે વાર આપણી દૃષ્ટિમાં રહેલી માતાની મૂર્તિ ધૂંધળી બની જતી. હજી થોડા મહિનાઓ પહેલાં જ એમ લાગતું હતું કે નવજાગૃતિની સર્જનશક્તિ સર્જાઈ ચૂકી છે. ખંડનાત્મક બળો ઉપર આવી રહ્યાં છે. જાહેર જીવનમાં સડો પેઠો છે, દેશની એકતાને સુરંગ ચંપાઈ રહી છે અને નિરતિશય સુખવાદ આપણા વૈયક્તિક અને સામાજિક જીવનને વિષમય બનાવી રહ્યો છે. નવજાગૃતિના જમાનાનો પ્રાણવાન રાષ્ટ્રવાદ વરાળની માફક ઊડી જતો હોય એમ લાગતું હતું.

એવામાં એક આશાકિરણ પ્રગટ્યું. ચીની ધાડાંઓ ભારતીય સીમાને અતિક્રમી રહ્યાં. તરત જ રાજપુરુષોના વિવાદો બંધ થયા, ભાષાવાદની ધાર બુઠ્ઠી થઈ ગઈ. વિદ્યાર્થીઓ અને કામદારોના ઝઘડાઓ શમી ગયા. સુખવાદને એક આંચકો લાગ્યો. એક વ્યાપક મોજું દેશભરમાં ફરી વળ્યું.

દેવો જોવા ઊતરે એવું એ સુભગ દૃશ્ય હતું. આપણે ક્યારેય આટલા સંગઠિત ન હતા. દુનિયાના બહુ જ ઓછા દેશોએ કટોકટીના કાળે આક્રમકનો પ્રતિકાર કરવા માટે આવો સ્વયંભૂ ઉત્સાહ દર્શાવ્યો હતો.

આ નવા જુવાળમાં ભારતીય નવજાગૃતિની એક નવી પરાકાષ્ઠા જોવા મળી. આપણને પ્રિય એવાં મૂલ્યો સામે ફેંકાયેલા પડકારને ઝીલી લેવામાં ભારતીય રાષ્ટ્રવાદે એક નવું પરિમાણ પ્રાપ્ત કર્યું.

(સપ્ટેમ્બર ૧, ૧૯૬૪)

(કુલપતિના પત્રો, મુનશી ગ્રંથાવલિ-૧૩,
ગૂર્જર પ્રકાશન, અમદાવાદ)

## કન્યાવિવાહ અનિવાર્ય

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

*કંકુ છાંટી કંકોતરી મોકલો રે*
*ઘેર માંડ્યો છે મોટો જગન રે...*

વિવાહપ્રસંગનો હરખ કરતી આ પંક્તિઓ સાંભળી છે ને?

ઉત્તર વૈદિક કાળમાં વિવાહટાણે આ પ્રકારની વધામણી અપાતી કે નહીં એ તો ખબર નથી, પરંતુ એટલું ચોક્કસ કે લગ્નનો અવસર આનંદનો ગણાતો. લગ્નનું અદકેરું મહત્ત્વ પણ હતું. કારણ કે બ્રાહ્મણ ગ્રંથોમાં વિવાહની તુલના યજ્ઞ સાથે કરવામાં આવી છે અને સ્ત્રીના શરીરને યજ્ઞની વેદીનો દરજ્જો અપાયો છે![૧]

બ્રાહ્મણ યુગની સ્ત્રીને કન્યા તરીકે ઝાઝું માન ન મળતું, પણ વિવાહ પછી તેનો મોભો વધી જતો. ઋગ્વેદીય પરંપરાથી વિપરીત બ્રાહ્મણ કાળમાં કન્યા માટે કુંવારાં રહેવું અશક્ય બન્યું. લગ્ન અનિવાર્ય થયા. સંન્યાસ કરતાં પણ વિવાહનું મહત્ત્વ વધી ગયું. તેનું કારણ એ હતું કે વિવાહ પછી જ મનુષ્ય પૂર્ણ થતો. પત્ની પુરુષનું અડધું અંગ ગણાતી. આ સંદર્ભમાં બૃહદારણ્યક ઉપનિષદ[૨] કહે છે કે, પ્રજાપતિએ પોતાના શરીરને બે ભાગમાં વહેંચી નાખ્યું. તેમાંથી પતિ અને પત્ની બન્યા. આ જ કારણે પુરુષ સ્ત્રી વિના પોતાને અધૂરો ગણે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિના કથન અનુસાર શરીર બે ફાડિયાવાળા અનાજના એક ફાડિયા સમાન છે. તેથી પુરુષ સ્ત્રીથી જ પૂર્ણ થાય છે. પુરુષ અને સ્ત્રીના મિલનથી જ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે!

વિવાહનું જે મહત્ત્વ છે તેના મૂળમાં સ્ત્રીપુરુષનું મિલન અને તેમાંથી થતી વંશવૃદ્ધિ હતી. આ સંદર્ભમાં ડૉ. પી.વી. કાણેએ 'ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ'[૩]માં નોંધ્યું છે કે, 'વ્યક્તિ જ્યાં સુધી વિવાહ કરીને સંતાનોત્પત્તિ ન કરે ત્યાં સુધી તે પૂર્ણ થતી નથી. એટલે જ પત્ની પતિનું અડધું અંગ કહેવાય છે. વળી પત્ની પોતાના પતિને બે ઋણથી મુક્ત કરે છે. યજ્ઞમાં સાથ દઈને દેવઋણથી અને પુત્ર ઉત્પન્ન કરીને પિતૃઋણથી. તેથી વિવાહ કરીને સંતાનને જન્મ આપવો એ જ દરેક સ્ત્રીનો પ્રથમ ઉદ્દેશ છે.'

સંતાનોત્પત્તિ એ સ્ત્રીનો પ્રથમ ઉદ્દેશ હતો પણ વિવાહનો બીજો ઉદ્દેશ હતો. વિવાહનો પહેલો ઉદ્દેશ હતો ધર્મનું પાલન. એ વિશે 'ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન'માં ડૉ. બલવીર આચાર્યે નોંધ્યું છે કે, 'ધાર્મિક ક્રિયાઓ કરવી એ વિવાહનો પ્રથમ હેતુ છે. પત્ની હોય તો જ વ્યક્તિ એ ક્રિયાઓ કરી શકે છે. ઋગ્વેદીય બ્રાહ્મણોમાં કહ્યું છે કે અગ્નિહોત્ર નામનો યજ્ઞ પતિપત્ની સાથે મળીને કરતા. તૈતિરીય બ્રાહ્મણ અનુસાર પત્નીરહિત વ્યક્તિ યજ્ઞ કરવાનો અધિકારી નથી. આ બાબત સ્પષ્ટ કરે છે કે ધાર્મિક ક્રિયાના સંપાદનમાં દાંપત્ય જીવનનું ખાસ મહત્ત્વ હતું. યાજ્ઞવલ્ક્ય ઋષિએ તો એવું વિધાન કર્યું છે કે પત્નીનું મૃત્યુ થઈ જાય તો ધાર્મિક ક્રિયાઓ કરવા માટે પતિએ બીજા વિવાહ કરવા જોઈએ. ધાર્મિક કાર્યો ઉપરાંત ગૃહસ્થધર્મો પણ પત્નીના સહયોગથી જ નિભાવી શકાય છે. તેથી વિવાહ ગૃહસ્થ જીવનનું મૂળ છે.'[૪]

વિવાહનો બીજો ઉદ્દેશ સંતાનપ્રાપ્તિ હતો. ખાસ કરીને પુત્રપ્રાપ્તિ. પતિપત્નીને સ્વાભાવિક રીતે જ સંતાનની આકાંક્ષા રહેતી. બ્રાહ્મણ ગ્રંથોમાં પુત્રજન્મની તીવ્ર કામના કરાઈ છે. પુત્રની ઉત્પત્તિથી પિતા અમર થઈ જતા. પિતા માટે પુત્ર સંસારસાગરમાંથી પાર લગાવનાર નૌકા સમાન હતો. એથી જ પુત્રપ્રાપ્તિ એ વિવાહનો બીજો ઉદ્દેશ હતો.

વિવાહના આ બન્ને ઉદ્દેશ પાર પાડવા માટે પૂરતી તકેદારી રખાતી. પ્રાચીન હિંદુ સમાજમાં વિવાહપૂર્વે વિવિધ પ્રકારની તપાસ કરાતી. પિંડ અને ગોત્રનો વિચાર કરાતો. જોકે વરવધૂની યોગ્યતાઓ, ગુણો અને ઉત્કૃષ્ટતાને વિશેષ મહત્ત્વ પ્રદાન કરાયું છે. વરની યોગ્યતા માટે કુળ, શીલ, સુંદરતા, યશ, વિદ્યા, માતાપિતા તથા અન્ય બંધુઓની હયાતી અને ધનાઢ્ય હોવાના સાત ગુણ વર્ણવાયા છે.[૫] વધૂની પસંદગી માટે બ્રાહ્મણ ગ્રંથોમાં કોઈ સ્પષ્ટ નિર્દેશ મળતા નથી, પરંતુ પૃથુથીણિ કે ભારે નિતંબવાળી, પીવરી કે ઉન્નત વક્ષ:સ્થળવાળી અને પાતળી કમર ધરાવતી સ્ત્રીની[૬] પ્રશંસા કરવામાં આવી છે.

આ ત્રણેય લક્ષણ ધરાવતી હોય પણ કન્યા ભાઈ વિનાની હોય તો તે વિવાહ માટે અયોગ્ય ગણાતી. વૈદિક સાહિત્યમાં ભ્રાતૃહીન કન્યાઓની દુર્દશા થતી. અભ્રાતૃકા કન્યાના વિવાહમાં ઘણી અડચણો આવતી. તેણે આજીવન કૌમાર્ય વ્રત ધારણ કરવું પડતું. અથવા ક્યારેક વિવશ થઈને વેશ્યાવૃત્તિ કરવી પડતી. તેનાં કારણો જણાવતાં ડૉ. વિજય બહાદુર રાવે 'ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ'માં નોંધ્યું છે કે, 'વૈદિક આર્ય અનાથ અને અરક્ષિત કન્યાઓ સાથે વિવાહ કરવામાં ખચકાટ અનુભવતા. કારણ કે જો કન્યાનો ભાઈ હોય તો સાળો પોતાના બનેવી માટે પ્રબળ મિત્ર અને સહાયક સિદ્ધ થતો. દેવતાઓની ઉદારતાની તુલના સાળાની ઉદાર વૃત્તિ સાથે કરવામાં આવી છે. તેથી કોઈ પણ યુવક આવા ઉદાર મિત્ર અને સહાયકથી વંચિત હોય તેવી કન્યા સાથે વિવાહ કરતા અચકાય એ સ્વાભાવિક હતું. બીજું કારણ એ હતું કે ભ્રાતૃહીન કન્યાને તેના પિતા પિંડદાનની સુવિધા માટે પુત્રિકા બનાવી લેતા. આવી કન્યા ઘણુંખરું પોતાના પિતાને ઘેર રહેતી. તેનો જે પુત્ર થાય તે પોતાના પિતાને નહીં પણ નાનાને પિંડદાન દેતો. આ રીતે ભાઈ વિનાની કન્યા સાથેના વિવાહ ધાર્મિક, આર્થિક અને સામાજિક એમ ત્રણેય દૃષ્ટિએ હાનિકારક હતા. એથી જ ભ્રાતૃહીન કન્યા વિવાહ માટે યોગ્ય ન ગણાતી.'[૭]

ભ્રાતૃહીન કન્યાની જેમ જ શૂદ્ર સ્ત્રી પણ વિવાહ માટે યોગ્ય ન ગણાતી. શૂદ્ર કન્યા સાથેના વિવાહ તથા તેનાથી ઉત્પન્ન સંતાન, બન્નેને ઘૃણાની દૃષ્ટિથી જોવામાં આવતા. આ જ કારણસર કવષ ઐલૂષને યજ્ઞમાંથી બહિષ્કૃત કરાયો હતો અને વત્સને અગ્નિપરીક્ષા માટે વિવશ કરવામાં આવ્યો હતો.[૮] આ સંદર્ભમાં ડૉ. રાવે નોંધ્યું છે કે, 'શૂદ્રો સાથે વૈવાહિક સંબંધના વિરોધના અનેક કારણો હતાં. ગંગાના મેદાનમાં આર્યેતર જાતિઓના બાહુબળ તથા તેમની સાથે વધતા સંપર્કે સંભવતઃ આર્યોને રક્તની શુદ્ધતા માટે સાવધ કર્યા. બીજું, પંજાબમાં જે અનાર્યો સાથે આર્યોનો સંઘર્ષ અને સંપર્ક થયો તે સુસંસ્કૃત હતા. તેનાથી વિપરીત આર્યો જેમ જેમ દક્ષિણપૂર્વ તરફ વધતા ગયા તેમ તેમ તેમના માર્ગમાં અનેક અર્ધસભ્ય અને હીન જાતિઓ આવી જેનું આચરણ પણ ઘૃણાસ્પદ હતું. આર્યોએ પોતાની સામાજિક વ્યવસ્થામાં તેમનો સમાવેશ કર્યો પરંતુ તેમની સાથે સ્વતંત્ર વૈવાહિક સંબંધને પ્રોત્સાહન ન આપ્યું. છતાં શૂદ્રા સાથે આર્ય પુરુષો વૈવાહિક સંબંધ રાખતા એ તથ્ય નકારી શકાય નહીં.'[૯] પરંતુ આ પ્રકારના વિવાહ નિંદનીય ગણાતા.

શૂદ્ર કન્યા સાથેના વિવાહ નિંદનીય ગણાતા, પરંતુ આંતરજાતીય વિવાહ વખોડાતા નહીં. આંતરજાતીય વિવાહ બે પ્રકારના હતા. પ્રતિલોમ અને અનુલોમ. પ્રતિલોમમાં ઉચ્ચ જાતિની સ્ત્રીના વિવાહ નિમ્ન જાતિના પુરુષ સાથે થતા. અનુલોમમાં ઉચ્ચ જાતિના પુરુષના વિવાહ નિમ્ન જાતિની સ્ત્રી સાથે થતા. જોકે બન્ને પ્રકારના વિવાહ કન્યાની૧૬-૧૭ વર્ષની ઉંમરે જ થતા, પરંતુ અપવાદરૂપે કન્યાનાં બાળવિવાહનું એકમાત્ર ઉદાહરણ ઉપનિષદમાં જોવા મળે છે. છાંદોગ્ય ઉપનિષદમાં કુરુ દેશના ચાક્રાયણ ઉષસ્તિ નામના ઋષિની પત્ની આટિકી[૧૦] હોવાનો ઉલ્લેખ કરાયો છે. આટિકી એટલે અલ્પવયસ્ક કે નાની ઉંમરની!

કન્યા નાની ઉંમરની હોય કે મોટી ઉંમરની, વિવાહની બાબતમાં પિતાની આજ્ઞા તે માથે ચડાવતી.

ન પ્રશ્ન કરતી. ન હરફ ઉચ્ચારતી. પિતા કહે ત્યાં પરણી જતી. છાંદોગ્ય ઉપનિષદમાં આલેખાયેલી કથા અનુસાર જાનશ્રુતિએ રૈક્વ ઋષિનો ઉપદેશ સાંભળવા માટે પોતાની પુત્રીનાં લગ્ન તેમની સાથે કર્યાં હતાં. એ વખતે જાનશ્રુતિની પુત્રીએ કોઈપણ પ્રકારનો વાદવિવાદ કર્યા વિના ઋષિ સાથે વિવાહ કરી લીધા હતા. બન્યું એવું કે જાનશ્રુતિ છસો ગાય, એક હાર અને ખચ્ચરીઓથી જોડાયેલો રથ લઈને ઋષિ પાસે ગયા. કહ્યુંઃ 'હે રૈક્વ, હું આપના માટે આ નજરાણું લાવ્યો છું. એ કૃપયા લઈ લો અને તમે જેની ઉપાસના કરો છો તે દેવતાનો મને ઉપદેશ કરો...'

પરંતુ રૈક્વ ઋષિએ જાનશ્રુતિની વિનંતી અને નજરાણાનો અસ્વીકાર કર્યો. એટલે જાનશ્રુતિ એક હજાર ગાય, એક સોનાનો હાર, ખચ્ચરીઓથી જોડાયેલો રથ અને પોતાની દીકરી લઈને ઋષિ પાસે ગયા.[૧૧] દીકરી સાથે ઋષિના વિવાહ કર્યા. અને ઉપદેશ સંભળાવવાની વિનંતી કરી. ત્યારે ઋષિએ વિનંતી સ્વીકારી. ઉપદેશ આપ્યો. આ સમગ્ર ઘટનાક્રમમાં જાનશ્રુતિની દીકરીએ પિતાના નિર્ણયનો વિરોધ કર્યો નહોતો.

એ જ રીતે શર્યાતિની દીકરીએ પણ પિતાના નિર્ણયનો વિરોધ કર્યો નહોતો. કથા અનુસાર શર્યાતિ રાજાએ ચ્યવન ઋષિના ક્રોધથી બચવા પોતાની પુત્રી સુકન્યા તેમને પરણાવી. ચ્યવન વૃદ્ધ હતા અને સુકન્યા યુવાન. છતાં રાજીખુશીથી ચ્યવન સાથે તેણે પ્રભુતામાં પગલાં માંડ્યાં. એક વાર અશ્વિનીકુમારોએ સુકન્યાને કહ્યુંઃ 'તું વૃદ્ધ પતિને છોડી દે અને અમારી સાથે રહે...' તે વખતે સુકન્યા બોલીઃ 'મારા પિતાએ મને જેને આપી છે તે જીવિત છે ત્યાં સુધી હું તેની સાથે જ રહીશ.'[૧૨] બ્રાહ્મણયુગની કન્યાના જીવનનો દોરીસંચાર તેના પિતા કરતા હતા એવું આ વિધાન પરથી પુરવાર થાય છે.

આ પ્રકારનાં ઉદાહરણો પરથી જ કદાચ 'દીકરીને ગાય દોરે ત્યાં જાય' એ કહેવત ઉદ્ભવી હશે!

**પાદટીપઃ**

૧. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૭૩, ૭૪

૨. याज्ञवलक्यस्तस्मादयमाकाशः स्त्रिया पूर्यत एव ता समभवत्ततो मनुष्या अजायन्त । બૃહદારણ્યક ઉપનિષદ ૧.૪.૩

- ઋષિ યાજ્ઞવલ્ક્યનું કથન છે કે – એને કારણે આ કાયા દ્વિદળ અન્નના એક દળ સમાન છે. તેથી આ આકાશ (પુરુષનો બાકીનો ભાગ) સ્ત્રીત્વથી પૂર્ણ થાય છે. પુરુષ અને સ્ત્રીના મળવાથી જ મનુષ્યોની ઉત્પત્તિ થઈ છે.

૩. ધર્મશાસ્ત્ર કા ઇતિહાસ, ડૉ.પી.વી. કાણે, પૃ. ૩૧૮

૪. ઋગ્વેદીય બ્રાહ્મણોં કા સાંસ્કૃતિક અધ્યયન, ડૉ. બલવીર આચાર્ય, પૃ. ૨૯, ૩૦

૫. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, પૃ. ૭૫

૬. શતપથ બ્રાહ્મણ – એક સાંસ્કૃતિક અધ્યયન, શ્રીમતી ઊર્મિલાદેવી શર્મા, પૃ. ૧૨૩

૭. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ. ૧૪૯, ૧૫૦

૮. એજન, પૃ. ૧૪૩

૯. એજન

૧૦. मटचीहतेषु कुरुष्वाटिक्या सह जाययोषस्तिर्ह चाक्रायण इभ्यग्रामे प्रदाणक उवास । ઉપનિષદ ૧૦.૧.૧

- ચાક્રાયણ ઉષસ્તિ નામનો ઋષિ પોતાની આટિકી કે અલ્પવયસ્ક પત્ની સાથે ભીખ માગતો ધનિકોના એક ગામમાં નિવાસ કરવા લાગ્યો.

૧૧. तदु ह पुनरेव जानश्रुतिः पौत्रायणः सहस्रं गवां निष्कमश्वतरीरथं दुहितरं तदादाय प्रतिचक्रमे । ઉપનિષદ ૨.૪.૩

- જાનશ્રુતિ પૌત્રાયણ એક હજાર ગાય, એક સોનાનો હાર, ખચ્ચરીઓથી જોડાયેલો રથ અને પોતાની દીકરી – આ બધું ધન લઈને ફરીથી તેની પાસે ગયો.

૧૨. यस्मै मां पितादाग्ने वाहं तं जीवन्त हास्यामीति । શતપથ બ્રાહ્મણ ૪.૧.૫.૯

- મારા પિતાએ મને જેને આપી છે તેની પાસે જ રહીશ જ્યાં સુધી તે જીવિત છે.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)



## વિમ્બલ્ડન – ૨૦૧૩ હાઈલાઈટ્સ

**પી. ડી. શર્મા**

ટેનિસ જ નહિ પણ વિશ્વભરની રમતોમાં આદરનું સ્થાન ધરાવતી ગ્રાંડ સ્લેમની 'વિમ્બલ્ડન' સ્પર્ધા દર વર્ષે જૂન-જુલાઈ માસમાં ખૂબ જ આદરપૂર્વક આયોજિત થાય છે. ઈંગ્લેન્ડની પ્રજા ખૂબ જ પ્રણાલીગત પ્રજા છે. એટલે ઓગસ્ટ મહિનાના પહેલા સોમવારની જે તારીખ હોય, તેનાથી છ અઠવાડિયા અગાઉ જૂન મહિનાનો જે સોમવાર હોય તે દિવસથી વિમ્બલ્ડનની શરૂઆત થાય છે અને આ રીતે આ વર્ષે સોમવારના રોજ ૨૪ જૂનથી વિમ્બલ્ડનની શરૂઆત થઈ હતી.

ટેનિસ જગતમાં 'ઑલિમ્પિક' જેટલી લોકપ્રિયતા ધરાવતી બિમ્બલ્ડનની શરૂઆત ૯ જૂન, ૧૮૭૭ના રોજ કરવામાં આવી હતી અને ત્યારથી બે વિશ્વયુદ્ધોને બાદ કરતાં આ સ્પર્ધા દર વર્ષે નિયમિત રીતે આયોજિત થતી રહી છે. લંડન પાસે આવેલા 'વિમ્બલ્ડન' નામના પરામાં આયોજિત થવાથી તે 'વિમ્બલ્ડન' તરીકે જગવિખ્યાત બની છે. જીવનનું અંતિમ લક્ષ્ય જેમ મનુષ્યને મોક્ષ છે, તેમ ટેનિસના પ્રત્યેક ખેલાડીનું અંતિમ લક્ષ્ય જીવનમાં એકવાર વિમ્બલ્ડન સ્પર્ધા જીતવાનું હોય છે.

વિમ્બલ્ડનનું મેદાન એ ટેનિસનું 'મક્કા' કહેવાય છે. ૧૮૮૪માં વિમ્બલ્ડનની સ્પર્ધામાં મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું હતું. ૨૦૧૩ વિમ્બલ્ડન ટેનિસ સ્પર્ધાની હાઈલાઈટ્સ નીચે પ્રમાણે છે.


- આ વર્ષે ટેનિસ સિઝનની ત્રીજી અને અત્યંત પ્રતિષ્ઠિત ગ્રાન્ડ સ્લેમ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપના 'મેન્સ સિંગલ્સ'ના ડ્રોમાં સાત વખતનો વિમ્બલ્ડન ચેમ્પિયન રોજર ફેડરર, બે વખતનો વિમ્બલ્ડન ચેમ્પિયન રાફેલ નડાલ અને બ્રિટનનો આશાસ્પદ ખેલાડી એન્ડી મરે એક જ હાફમાં આવતા સાર્બિયાના નોવાક યોકોવિચને ફાઈનલ પ્રવેશવાની તકો ખૂબ જ વધી ગઈ હતી. એવી રીતે જ 'વિમેન્સ સિંગલ્સ'માં પાંચ વખતની વિમ્બલ્ડન ચેમ્પિયન સેરેના વિલિયમ્સના હાફમાં જ પોલેન્ડની રડવાન્સ્કા હતી. જ્યારે બેલારૂસની વિક્ટોરિયા એઝારેન્કા અને રશિયાની મારિયા શારાપોવા એક જ હાફમાં હોવાથી બંનેમાથી એક જ ફાઈનલમાં પ્રવેશી શકે તેમ હતી. આ રીતે આ વર્ષે વિમ્બલ્ડનની પુરુષોની તેમજ મહિલાઓની સ્પર્ધાઓ શરૂઆતથી જ ખૂબ જ રોમાંચક રહી હતી અને પ્રેક્ષકોને ખૂબ જ રસપ્રદ લાગી હતી. પરંતુ આ વર્ષે આ ત્રણેય મહિલા ખેલાડીઓ ચોથા રાઉન્ડ સુધીમાં જ હારી ગઈ હતી.
- આ વર્ષે વિમ્બલ્ડનમાં શરૂઆતથી જ ઘણા અપસેટો સર્જાયા હતા. દા.ત. સ્પેનના મહાન ટેનિસ ખેલાડી રાફેલ નડાલ પહેલા જ રાઉન્ડમાં બેલ્જીયમના સ્ટીવ ડેર્સીસ સામે હારી જવાથી ટુર્નામેન્ટની બહાર ફેંકાઈ ગયા હતા. એવી રીતે સ્વિત્ઝરલૅન્ડના મહાન ટેનિસ ખેલાડી તથા ડિફેન્ડીંગ ચેમ્પિયન

| ટેબલ-૧: ૨૦૦૧થી વિમ્બલ્ડન વિજેતાઓ | | | | |
|---|---|---|---|---|
| વર્ષ | પુરુષો | દેશ | મહિલાઓ | દેશ |
| ૨૦૦૧ | જી. ઈવાનસેવિક | ક્રોએશિયા | વિનસ વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૦૨ | લેટિન હેવિર | ઓસ્ટ્રેલિયા | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૦૩ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૦૪ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | મારિયા શારાપોવા | રશિયા |
| ૨૦૦૫ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | વિનસ વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૦૬ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | એમિલ મૌરેસ્મો | ફ્રાન્સ |
| ૨૦૦૭ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | વિનસ વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૦૮ | રાફેલ નડાલ | સ્પેન | વિનસ વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૦૯ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૦ | રાફેલ નડાલ | સ્પેન | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૧ | નોવાક યોકોવિચ | સર્બિયા | પેટ્રા ક્વિટોષા | ચેક રિપબ્લિક |
| ૨૦૧૨ | રોજર ફેડરર | સ્વિત્ઝરલૅન્ડ | સેરેના વિલિયમ્સ | અમેરિકા |
| ૨૦૧૩ | એન્ડી મરે | બ્રિટન | મારિયોન બર્તોલી | ફ્રાન્સ |

રોજર ફેડરર બીજા રાઉન્ડમાં યુક્રેનના સ્ટાબાવોસ્કી સામે હારી જવાથી ટુર્નામેન્ટની બહાર નીકળી ગયા હતા. એવી રીતે જ રશિયાની મહાન ટેનિસ ખેલાડી મારિયા શારાપોવા પોર્ટુગલની મિશેલે લાએર્ડે ડે બ્રેટો સામે બીજા રાઉન્ડમાં હારી જવાથી ટુર્નામેન્ટની બાહર ફેંકાઈ ગઈ હતી. આ રીતે એ અમેરિકાની ડિફેન્ડીંગ ચેમ્પિયન સેરેના વિલિયમ્સ જર્મનીની લિસિસ્કી સામે ચોથા રાઉન્ડમાં હારી જવાથી ટુર્નામેન્ટની બહાર ફેંકાઈ ગઈ હતી.

- આ વર્ષે વિમ્બલ્ડનનો ત્રીજો દિવસ 'ઇન્જરી ડે' રહ્યો હતો અને એક જ દિવસમાં કુલ સાત ખેલાડીઓ – સોંગા (ફ્રાન્સ), સ્ટેપાનિક (ચેક રિપબ્લિક), આઇસનેર (અમેરિકા), સિલીચ (ક્રોએશિયા), ડેર્સીસ (બેલ્જીયમ), વિક્ટોરિયા એઝારેન્કા (બેલારૂસ) અને શ્વેડોવા (કઝાકિસ્તાન) ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી ખસી ગયા હતા અને તેની સમગ્ર ટુર્નામેન્ટ પર ખૂબ જ મોટી અસર થઈ હતી. હાલમાં વિશ્વ કક્ષાના ટુર્નામેન્ટ્સમાં ઈજાને કારણે ઘણા ખેલાડીઓને સહન કરવાનું થતું હોય છે અને તેથી ઈજાઓ અટકાવાવ માટે વિશેષ પ્રયત્નો થાય તે સમગ્ર રમતજગત માટે ખૂબ જ આવશ્યક છે.
- આ વર્ષે ભારતના સોમદેવ-દેવવર્મન વિમ્બલ્ડન માટેની ક્વોલિફાર્યાંગ મેચમાં ઓસ્ટ્રેલિયાના રીડ સામે હારી ગયા હતા અને તેથી આ વર્ષે ભારતનો કોઈ પણ ખેલાડી 'મેન્સ સિંગલ્સ'ની ઈવેન્ટમાં નહોતો.
- આ વર્ષે ભારત તરફથી લિએન્ડર પેસ, મહેશ ભૂપતિ, રોહન બોપન્ના, સાનિયા મિર્ઝા વગેરેએ 'મેન્સ ડબલ્સ', 'વીમેન્સ ડબલ્સ' તથા 'મિક્ષ ડબલ્સ'માં વિવિધ દેશોના ખેલાડીઓ સાથે મળીને જોડી બનાવીને ભાગ લીધો હતો. આ વર્ષે પહેલી જ વાર ભારતના દ્વિજ શરણ અને પુરવ રાજાની જોડી વિમ્બલ્ડનમાં 'મેન્સ ડબલ્સ' માટે ક્વોલિફાય થઈ હતી. મેન્સ ડબલ્સમાં ભારતના લિએન્ડર પેસ અને ચેક રિપબ્લિકના રાહેક સ્ટેવાનીકની જોડીએ તેમજ ભારતના રોહન બોપન્ના અને ફ્રાન્સના ઈર્ડોડ રોજેર-વાસેલીનની જોડીએ સેમિફાઈનલમાં પ્રવેશ મેળવીને સારો દેખાવ કર્યો હતો, પરંતુ ત્યારબાદ કોઈ વિશેષ સિદ્ધિ મેળવી શક્યા ન હતા.

- આ વર્ષે વિમ્બલ્ડનમાં 'મેન્સ સિંગલ્સ'માં સર્બિયાના નોવાક યોકોવિચ, બ્રિટનના એન્ડી મરે, આર્જેન્ટીનાના ડેલ પોટ્રો તથા પોલેન્ડના જાનોવિઝ઼ શરૂઆતથી જ ખૂબ જ સારો દેખાવ કર્યો હતો અને સેફ઼િઈનલમાં પ્રવેશ્યા હતા. સેમિફ઼ાઈનલમાં નોવાક યોકોવિચ અને ડેલ પોટ્રો વચ્ચે સ્પર્ધા થઈ હતી અને તેમાં ૪ કલાક અને ૪૩ મિનિટના સંઘર્ષ પછી નોવાક યોકોવિચ વિજેતા બન્યા હતા. એવી રીતે જ બીજી સેમિફ઼ાઈનલ સ્પર્ધા એન્ડી મરે અને જાનોવિઝ઼ વચ્ચે થઈ હતી અને તેમાં એન્ડી મરે  જાનોવિઝ઼ને હરાવીને ફ઼ાઈનલમાં પહોંચ્યા હતા અને આ રીતે ફ઼ાઈનલ સ્પર્ધા નોવાક યોકોવિચ અને એન્ડી મરે વચ્ચે રમાઈ હતી.
- આ વર્ષે વિમ્બલ્ડનમાં 'વીમેન્સ સિંગલ્સ'માં ન કલ્પી શકાય તે રીતે જર્મનીની લિસસ્કી, ફ્રાન્સની મારિયોન બર્તોલી, બેલ્જીયમની ફ઼િલિપ્કેન્સ તથા પોલેન્ડની રડવાન્સ્કાએ ખૂબ જ સારો દેખાવ કરીને સેમિફ઼ાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સેમિફ઼ાઈનલમાં બર્તોલીએ ફ઼િલિપ્કેન્સને હરાવીને તથા લિસસ્કીએ રડવાન્સ્કાને હરાવીને ફ઼ાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને આ રીતે મહિલાઓની સિંગલ્સની ફ઼ાઈનલ સ્પર્ધા જર્મનીની લિસસ્કી અને ફ્રાન્સની બર્તોલી વચ્ચે રમાઈ હતી અને તેમાં ફ્રાન્સની બર્તોલી જર્મનીની લિસસ્કીને ૬-૧, ૬-૪થી હરાવીને પહેલી જ વાર વિમ્બલ્ડનની ટાઈટલ જીતી હતી. એટલું જ નહિ પણ ટેનિસના ઓપન એરામાં એક પણ સેટ ગુમાવ્યા વિના વિમ્બલ્ડન જીતનારી બર્તોલી છઠ્ઠી મહિલા ખેલાડી બની હતી તેમજ ૨૦૦૬માં મૌરેસ્મોના વિજય બાદ તે વિમ્બલ્ડન ટાઈટલ જીતનારી બીજી ફ્રેન્સ મહિલા ખેલાડી બની હતી (જુઓ ટેબલ-૧).
- આ વર્ષે વિમ્બલ્ડનની 'મેન્સ સિંગલ્સ'ની સ્પર્ધા ઐતિહાસિક સ્પર્ધા ગણાય, કારણ કે ૭૭ વર્ષ પછી બ્રિટનના એન્ડી મરેએ ફ઼ાઈનલમાં વર્લ્ડ નંબર વન સર્બિયાના નોવાક યોકોવિચને ૬-૪, ૭-૫ અને ૬-૪થી હરાવીને ઇતિહાસ રચી દીધો હતો. આ સાથે એન્ડી મરે ૭૭ વર્ષ બાદ 'વિમ્બલ્ડન ટાઈટલ' જીતનારો બ્રિટનનો સૌપ્રથમ ખેલાડી



બની ગયો હતો. કારણ કે છેલ્લે ૧૯૩૬માં બ્રિટનના ફ્રેડ પેરી વિમ્બલ્ડન ચોમ્પિયન બન્યા હતા. ફ઼ાઈનલની મેચ ૩ કલાક અને ૯ મિનિટ ચાલી હતી અને એકતરફી રહી હતી. ચેમ્પિયન એન્ડી મરે ૧.૬ મિલિયન પાઉન્ડનું ઈનામ જીત્યો હતો. મરેની આ બીજી ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ હતી. અગાઉ ૨૦૧૨માં તેઓએ યુ.એસ. ઓપન ટાઈટલ જીત્યું હતું. (જુઓ. ટેબલ-૧)

- આ વર્ષે ભારતની ૧૧ વર્ષની પિન્કી સોનકરને વિમ્બલ્ડનમાં ૭ જુલાઈના રોજ ફ઼ાઈનલમાં ટોસ ઉછાળવાની સોનેરી તક મળી હતી. એટલું જ નહિ પણ પિન્કી સોનકરે વિશેષ વીવીઆઈપી બેઠક પરથી મેચ જોઈ હતી તથા વિમ્બલ્ડનના મુખ્ય ખેલાડીઓ તથા મહાનુભાવો સાથેના ભોજન સમારંભમાં મહેમાન તરીકેનું માન પણ મેળવ્યું હતું.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ વિમ્બલ્ડનનું ખૂબ જ સારી રીતે આયોજન કરવામાં આવ્યું હતું અને તે બદલ બધા જ આયોજકોને અભિનંદન! અને આ રીતે કહી શકાય કે વિમ્બલ્ડન એટલે વિમ્બલ્ડન!

(B-1, Swiss Avenue, Patel Colony,
Opp. Manekbaug Hall,
Ambawadi, Ahmedabad - 380 015.
Ph.: 079-26564660, M.: 9898870840)



ચારુતર વિદ્યામંડળસંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીના પ્રવેશોત્સવમાં શાળાઓનાં સલાહકાર શ્રીમતી વિનોદિનીબેન પટેલ, માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલ તથા આચાર્ય શ્રી વિજય સુથારે વિદ્યાર્થીઓને આવકાર્યા હતાં.




સીવીએમ હાયર સેકન્ડરી શિક્ષણ સંકુલના ઉપક્રમે વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે વિદ્યાર્થી રેલી કાઢવામાં આવી હતી.

V-Vidyanagar 15 (8) August 2013 Postal Regd.No.AND/318/2012-14
Published on Thursday : 25.07.2013 No.of Pages 56 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

## Delhi Eye



Pic by Vasant Patel

Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat